RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ જેઠ વદ - ૮ | બુધવાર તા.૦૮-૦૭-૨૦૨૬ | અંક : ૧૬૧ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# ઈરાનના ૮૦ લશ્કરી થાણા ઉપર અમેરિકાની એર સ્ટ્રાઈક

## ખામેનેઈની અંતિમવિધિ ચાલી રહી છે ત્યારે અમેરિકાએ ઈરાનની સેનાના મથકોને નિશાન બનાવી ભારે તબાહી મચાવી : ઈરાનની પણ વળતી કાર્યવાહી

નવી દિલ્હી

ઈરાનમાં સર્વોચ્ચ નેતાની અંતિમવિધિ દરમિયાન જ ખાડી દેશોમાં ફરી યુદ્ધ જેવો માહોલ જામ્યો છે.અમેરિકાએ ઈરાની સેનાના ૮૦ જેટલા ઠેકાણાઓ ઉપર હુમલો કરી ભારે તબાહી મચાવી છે,બીજી તરફ ઈરાને પણ વળતી કાર્યવાહી કરી છે.



અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી એકવાર વધેલા ભારે તણાવની વચ્ચે બહેરીનના ગૃહ મંત્રાલયે સમગ્ર દેશમાં અચાનક કટોકટીની ચેતવણી આપતા સાયરન (ઈમરજન્સી અલાર્મ) વગાડી દીધા છે. મંત્રાલયે કડક આદેશ જાહેર કરીને તમામ નાગરિકો અને પ્રવાસીઓને કોઈપણ પ્રકારની વિલંબ વિના તુરંત જ નજીકના સુરક્ષિત સ્થાનો અથવા આશ્રયસ્થાનો (શેલ્ટર્સ) તરફ જવા નિર્દેશ આપ્યો છે. આ અણધારી ઘટના બાદ સમગ્ર દેશની સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ મોડ પર આવી ગઈ છે.

વાસ્તવમાં, મિડલ ઈસ્ટમાં આ તણાવ ત્યારે ચરમસીમાએ પહોંચ્યો જ્યારે અમેરિકી સેનાએ ઈરાન વિરુદ્ધ મંગળવાર મોડી રાતથી એક મોટું સૈન્ય ઓપરેશન શરૂ કર્યું. જે બુધવાર સવાર સુધી ચાલ્યું હતું. આ કાર્યવાહી એવા સમયે કરવામાં આવી છે જ્યારે ઈરાનમાં આયતુલ્લા અલી ખામેનેઈના અંતિમ સંસ્કારની વિધિ ચાલી રહી છે. અમેરિકી સેનાના સત્તાવાર નિવેદન અનુસાર, આ હવાઈ હુમલામાં ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના ૮૦થી વધુ સૈન્ય મથકોને તબાહ કરવામાં આવ્યા છે. જેમાં ઈરાનની એર ડિફેન્સ સિસ્ટમ, કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર, કોસ્ટલ રડાર સ્ટેશન, એન્ટી-શિપ મિસાઈલ લોન્ચર, ડ્રોન લોન્ચ સાઈટ અને ૬૦થી વધુ હાઈ-સ્પીડ બોટ્સનો સમાવેશ થાય છે. આ ઉપરાંત બંદર અબ્બાસના શહીદ હક્કાની પોર્ટ સહિત કેશ્મ દ્વીપ અને સીરિકની આસપાસના અનેક લશ્કરી ઠેકાણાઓને પણ ભારે નુકસાન પહોંચાડવામાં આવ્યું છે.

પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને બહેરીનના ગૃહ મંત્રાલયે એક અત્યંત જરૂરી સુરક્ષા એડવાઈઝરી જાહેર કરી છે. મંત્રાલયે સ્પષ્ટ શબ્દોમાં જનતાને શાંતિ જાળવી રાખવા અને સોશિયલ મીડિયા પર વહેતી થતી કોઈપણ પ્રકારની અફવાઓથી દૂર રહેવા જણાવ્યું છે. નાગરિકોને માત્ર સત્તાવાર સરકારી માધ્યમો અને ન્યૂઝ ચેનલો દ્વારા જ આવી રહેલી માહિતી પર ભરોસો કરવા અને સુરક્ષા નિર્દેશોનું પાલન કરવા તાકીદ કરવામાં આવી છે.

બીજી તરફ, આ યુદ્ધની અસર અન્ય ખાડી દેશો પર પણ જોવા મળી રહી છે. ઈરાને કુવૈતને નિશાન બનાવીને મોટો ડ્રોન અને મિસાઈલ હુમલો કર્યો છે, જેની પુષ્ટિ કુવૈતની સેના દ્વારા કરવામાં આવી છે. કુવૈતના સૈન્ય જનરલ સ્ટાફે જણાવ્યું કે દેશની એર ડિફેન્સ સિસ્ટમ અત્યારે સક્રિય છે અને દુશ્મન દેશ તરફથી આવી રહેલી મિસાઈલો તથા ડ્રોનને હવામાં જ તોડી પાડી રહી છે. સેનાએ લોકોને આકાશમાં થતા ધડાકાઓથી ન ગભરાવા અને તુરંત જ સુરક્ષિત સ્થળોએ આશરો લેવા વિનંતી કરી છે.



સ્પેનમાં લોકો સાન ફર્મિન ઉત્સવના પરંપરાગત એન્સીરો (બળદ દોડ) માં ભાગ લે છે. શહેરના આશ્રયદાતા સંતની યાદમાં દર વર્ષે ૬ થી ૧૪ જુલાઈ દરમિયાન બળદ દોડવાનો તહેવાર યોજાય છે. વિશ્વભરના મુલાકાતીઓ આ ઉત્સવમાં હાજરી આપે છે, અને ઘણા લોકો આ હાઈલાઈટ ઈવેન્ટમાં ભાગ લે છે, જેમાં તેઓ જૂના શહેરની સાંકડી શેરીઓમાંથી પસાર થતા માર્ગ પર બળદોને પાછળ છોડી દેવાનો પ્રયાસ કરે છે.

# પશ્ચિમ બંગલામાં બાળકી ઉપર દુષ્કર્મનો આરોપી પોલીસ એન્કાઉન્ટરમાં ઠાર મરાયો

## ૧૨ વર્ષીય બાળકી ઉપર દુષ્કર્મ બાદ કરવામાં આવી હતી હત્યા

કોલકાતા,

પશ્ચિમ બંગાળના ચકચારી બરુઈપુર રેપ અને મર્ડર કેસના મુખ્ય આરોપી પ્રભાસ મંડલ બુધવારે વહેલી સવારે પોલીસ એન્કાઉન્ટરમાં ઠાર મરાયો છે. ૧૨ વર્ષની સગીર બાળકી સાથે બર્બરતા આચરનાર આ આરોપીએ પોલીસ કસ્ટડીમાંથી ભાગવા માટે ફાયરિંગ કર્યું હતું, જેના જવાબમાં પોલીસે આત્મરક્ષાર્થે કરેલા ફાયરિંગમાં તે ઠેર થયો હતો.

પોલીસ સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, મંગળવાર અને બુધવારની મધ્યરાત્રિએ અંદાજે ૧૨:૪૫ વાગ્યે બરુઈપુર પોલીસ સ્ટેશનના તપાસ અધિકારી પોતાની ટીમ સાથે આરોપી પ્રભાસ મંડલને લઈને ઘટનાસ્થળ એટલે કે સૂર્યપુર ખાતે ક્રાઈમ સીન રી-ક્રિએશન (ઘટનાનું પુનઃનિર્માણ) માટે ગયા હતા. પોલીસ હજુ તપાસની પ્રક્રિયા શરૂ કરવાની તૈયારીમાં જ હતી, ત્યારે જ શાતિર આરોપી પ્રભાસે ઓન-ડ્યુટી પોલીસકર્મીની બંદૂક પર ઝાપટ મારીને હથિયાર આંચકી લીધું હતું.

હથિયાર છીનવી લીધા બાદ આરોપી પ્રભાસ મંડલે ભાગવાનો પ્રયાસ કર્યો હતો અને પોલીસ ટીમને નિશાન બનાવીને એક રાઉન્ડ ફાયરિંગ પણ કર્યું હતું. અચાનક થયેલા આ હુમલા બાદ પોલીસ ટીમે આત્મરક્ષાર્થે તાત્કાલિક વળતો પ્રહાર કર્યો હતો. સામસામે થયેલા આ ગોળીબારમાં પ્રભાસ મંડલને ગોળીઓ વાગતાં તે ગંભીર રીતે ઘાયલ થઈને ત્યાં જ ઢળી પડ્યો હતો.

# લોરેન્સ બિષ્નોઈ ગેંગ વિરુદ્ધ અમેરિકાની કાર્યવાહી : ૨૪ રીઢા ગુનેગારોની ધરપકડ

## અમેરિકાએ ભારતીય સંગઠિત ગુનાહિત જૂથો સામે આંતરરાષ્ટ્રીય અભિયાન 'ઓપરેશન હાર્ડ બોલ' શરૂ કર્યું

નવી દિલ્હી

અમેરિકાના ન્યાય વિભાગ અને એફબીઆઈ દ્વારા ભારતીય સંગઠિત ગુનાહિત જૂથો સામે અત્યાર સુધીનું સૌથી મોટું આંતરરાષ્ટ્રીય અભિયાન 'ઓપરેશન હાર્ડ બોલ' શરૂ કરવામાં આવ્યું છે.

આ સંયુક્ત કાર્યવાહી અંતર્ગત કેલિફોર્નિયા, કેનેડા અને સ્પેન સહિતના દેશોમાં ૫૦થી વધુ સર્ચ વોરંટ બજવીને કુલ ૨૪ રીઢા ગુનેગારોની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે ૧૦ આરોપીઓ હજુ પણ ફરાર છે.

અમેરિકી ફેડરલ ચાર્જશીટ મુજબ, ભારતીય જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ ગેરકાયદેસર મોબાઈલ ફોન અને એન્ક્રિપ્ટેડ એપ્સ દ્વારા વૈશ્વિક સ્તરે નેટવર્ક ચલાવી રહ્યો હતો. આ સિન્ડિકેટમાં તેનો ઉત્તર અમેરિકાનો મુખ્ય સાગરિત ગોલ્ડી બ્રાર અને યુરોપનો ઓપરેશનલ હેડ રોહિત ગોદારા સક્રિય ભૂમિકા ભજવતા હતા. આ ગેંગ મુખ્યત્વે વિદેશમાં વસતા ભારતીય મૂળના વેપારીઓને ડરાવીને લાખો ડોલરની ખંડણી વસૂલતી હતી અને સોશિયલ મીડિયા પર પોતાની ગુનાહિત છબીનો પ્રચાર કરતી હતી. કેનેડાના સરેમાં જૂન ૨૦૨૩માં એક અગ્રણી રાજકીય અને ધાર્મિક નેતાની થયેલી હત્યાનો આદેશ પણ બિશ્નોઈ અને ગોલ્ડી બ્રારે આપ્યો હોવાનો ગંભીર આરોપ છે.

આ ઓપરેશન અંતર્ગત કુલ ૩૭ આરોપીઓ સામે ત્રણ અલગ-અલગ ફેડરલ ગુના નોંધાયા છે. જેમાં બીજું નેટવર્ક જગ્ગુ ભગવાનપુરિયાનું છે, જે ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ સુધી કોન્ટ્રાક્ટ કિલિંગ અને ડ્રગ્સની હેરાફેરી કરતો હતો. ત્રીજું નેટવર્ક કેનેડાથી રવિન્દર સિંહ ઢાંડા દ્વારા ચલાવવામાં આવતું હતું, જે સાઉથ કેલિફોર્નિયાથી કેનેડા સુધી સેંકડો કિલો કોકેન અને મેથામ્ફેટામાઈન સપ્લાય કરતો હતો.

તપાસ એજન્સીઓએ દરોડા દરમિયાન આશરે ૧,૦૦૦ કિલોગ્રામ કોકેન, ૧ કિલો હેરોઈન, ૧૨ ગેરકાયદેસર હથિયારો અને ૪૦,૦૦૦ ડોલર રોકડા જપ્ત કર્યા છે. અમેરિકી સત્તાવાળાઓ અને એફબીઆઈના અધિકારીઓએ જણાવ્યું કે, આ ઐતિહાસિક ઓપરેશને ત્રણ નિર્દિષ્ટ આંતરરાષ્ટ્રીય સંગઠનોના મૂળ પર સીધો પ્રહાર કરીને સમાજમાં ફેલાતી હિંસા અને ડરને નાબૂદ કરવાનું મહત્વપૂર્ણ કામ કર્યું છે.

# પશ્ચિમ એશિયામાં ફરી યુદ્ધ જેવી સ્થિતિ સર્જાતા શેરબજારમાં કડાકો : સોના - ચાંદીના ભાવ પણ તૂટ્યા

## ભારત સહિત વૈશ્વિક શેરબજારમાં મોટો કડાકો : ક્રૂડ ઓઈલના ભાવમાં ફરી ભડકો

નવી દિલ્હી

અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી એકવાર યુદ્ધના ભણકારા વાગ્યા અને બંને દેશોની સેનાએ એકબીજાને નિશાન બનાવતા દુનિયાના ધબકારાં વધારી દીધા હતા. જેના લીધે દુનિયાભરના શેરબજારોમાં ફરી એકવાર ચિંતાનો માહોલ વ્યાપી ગયો.

સેન્સેક્સ અને નિફ્ટીની વાત કરીએ તો જે ગઈકાલે ૭૮,૧૮૦.૭૨ પર બંધ થયું હતું તે આજે સીધું ૭૭,૮૧૬.૪૫ પોઈન્ટ પર ખુલ્યું હતું અને તેમાં કડાકાનો દોર યથાવત્ રહેતા ૭૭,૫૫૫.૫૨ ની નીચલી સપાટીએ પહોંચી ગયું હતું. આજે સેન્સેક્સમાં કુલ ૬૨૫ પોઈન્ટનો કડાકો બોલાઈ ગયો હતો. જ્યારે નિફ્ટીની વાત કરીએ તો જે ગઈકાલે ૨૪,૩૯૮.૭૦ પર બંધ થયો હતો તે આજે ૨૪,૨૫૯.૫૫ પર ખુલ્યો હતો. પછી તેમાં કડાકાનો દોર યથાવત્ રહેતા ૨૪,૨૦૭.૨૦ પોઈન્ટ પર પહોંચી ગયો હતો. એટલે કે નિફ્ટીમાં કુલ ૧૯૧ પોઈન્ટનો કડાકો બોલાઈ ગયો હતો.

ચાંદી જે ગઈકાલે ૨૩૦૮૨૭ રૂપિયા પર ક્લૉઝ થઈ હતી તે આજે ૨૨૮૯૨૫ ના લેવલે પહોંચી ગઈ હતી. વાયદા બજારમાં ચાંદીમાં આજે કુલ ૧૯૩૨ રૂપિયાનો કડાકો બોલાઈ ગયો હતો. જ્યારે સોનાની વાત કરીએ તો જે સોનુ ગઈકાલે ૧૪૫૯૩૨ ના લેવલે ક્લૉઝ થયુ હતું તે આજે ૧૪૪૭૫૦ રૂપિયાના લેવલે પહોંચી ગયું હતું. એટલે કે સોનું ૧૧૮૨ રૂપિયા તૂટ્યું હતું.

અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી એકવાર સામે સામે હુમલા શરૂ થતાની સાથે જ ક્રૂડ ઓઈલ બજારમાં અસ્થિરતા સર્જાઈ અને ફરી એકવાર બ્રેન્ટ ક્રૂડના ભાવમાં ભડકો બોલાયો અને તે ૭૬.૧૨ ડૉલરની સપાટીને વટાવી ગયો. આ પહેલા બ્રેન્ટ ક્રૂડ ૭૦થી ૭૨ ડૉલરની આસપાસ ટ્રેડ થઈ રહ્યો હતો.

# જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓ સક્રિય લશ્કરનો આતંકવાદી એન્કાઉન્ટરમાં ઠાર

## જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓ વિરુદ્ધ ઓપરેશન દરમિયાન હથિયારો પણ મળી આવ્યા

નવી દિલ્હી

દક્ષિણ કાશ્મીરના શોપિયાન વિસ્તારમાં ચાલી રહેલા આતંકવાદ વિરોધી અભિયાન દરમિયાન લશ્કર-એ-તૈયબા સાથે સંકળાયેલા એક આતંકવાદીને ઠાર મારવામાં આવ્યો છે. લશ્કરના ટોચના કમાન્ડર ઝાકિર ગનાઈનું મોત થયું છે. તેનો મૃતદેહ મળી આવ્યો છે. આતંકવાદી પાસેથી હથિયારો પણ મળી આવ્યા છે. બીજા આતંકવાદીની શોધ ચાલી રહી છે. હાલમાં વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે.

જમ્મુ અને કાશ્મીર પોલીસે એક પોસ્ટમાં કહ્યું હતું કે, "તમે ભાગી શકો છો, પરંતુ તમે છુપાઈ શકતા નથી! એસ.ઓ.જી.શોપિયાને સેનાની રાષ્ટ્રીય રાઈફલ્સ અને સીઆરપીએફ સાથે હાથ ધરવામાં આવેલા સંયુક્ત ઓપરેશનમાં લશ્કર-એ-તોઈબાના એક આતંકવાદીને ઠાર માર્યો હતો." વિસ્તારમાં આતંકવાદીઓની હાજરી અંગે વિશ્વસનીય ગુપ્ત માહિતી મળ્યા બાદ ચાર દિવસ પહેલા આતંકવાદ વિરોધી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, ૩ જુલાઈના રોજ મીમંદાર વિસ્તારમાં એક ગાઢ બગીચામાં સર્વેલન્સ કેમેરામાં આતંકવાદીઓને જોવામાં આવ્યા હતા.

# આસામમાં ૧.૭૨ લાખ ગેરકાયદેસર વિદેશીઓની ઓળખ, ૩૧,૭૮૯ લોકોને પાછા મોકલવામાં આવ્યા : હિમંતા બિસ્વા

ગોવાહાટી,

આસામમાંથી હાંકી કાઢવામાં આવેલા ગેરકાયદેસર વિદેશીઓની સંખ્યા વિશે માહિતી બહાર આવી છે. આસામ સરકારે વિધાનસભાને માહિતી આપી કે આસામ કરારની જોગવાઈઓ હેઠળ અત્યાર સુધીમાં ૧.૭૨ લાખથી વધુ ગેરકાયદેસર વિદેશીઓની ઓળખ કરવામાં આવી છે. જેમાંથી ૩૧,૭૮૯ લોકોને દેશનિકાલ કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ આ લેખિત જવાબ આસોમ ગણ પરિષદના ધારાસભ્ય દિપ્તીમયી ચૌધરીના પ્રશ્નનો આપ્યો હતો.વિધાનસભામાં બોલતા, સીએમ શર્માએ જણાવ્યું હતુ કે આસામમાં ગેરકાયદેસર રીતે રહેતા કુલ ૧૭૨,૬૭૩ વિદેશીઓની ઓળખ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે રાજ્ય સરકાર અત્યાર સુધીમાં આસામમાંથી ૩૧,૭૮૯ ગેરકાયદેસર વિદેશીઓને દેશનિકાલ કરવામાં સફળ રહી છે. જોકે, તેમણે સ્પષ્ટ કર્યું નથી કે આ લોકો કયા દેશોના નાગરિક હતા.

સીએમ શર્માએ જણાવ્યું હતું કે આમાંથી, ૪૭૦ લોકોને દેશનિકાલ કરવામાં આવ્યા હતા, ૨૯,૬૬૩ લોકોને સરહદ પાર પાછા મોકલવામાં આવ્યા હતા, ૧,૫૭૨ લોકોને કેન્દ્રીય ગૃહ મંત્રાલયની સૂચના અનુસાર પાછા મોકલવામાં આવ્યા હતા, અને ૮૪ લોકોને દેશનિકાલ કરવામાં આવ્યા હતા. રાજ્યના ગૃહ વિભાગનો હવાલો સંભાળતા હિમંત બિસ્વા શર્માએ જણાવ્યું હતું કે વિદેશી (નાગરિકો) ટ્રિબ્યુનલમાં ૭૩,૭૫૯ અન્ય શંકાસ્પદ ગેરકાયદેસર વિદેશીઓના કેસો પેન્ડિંગ છે.

# ઉત્તર-પશ્ચિમ ચીનમાં ભૂસ્ખલનની ઘટનામાં ૩૩ લોકો દબાયા : ૨૧ વ્યક્તિના મોત

## ગુઆંગ્શી વિસ્તારમાં પૂરના પાણી સાથે સેંકડો ખતરનાક સાપ રહેણાંક વિસ્તારોમાં ઘૂસી ગયા

નવી દિલ્હી

એક તરફ ઉત્તર-પશ્ચિમ ચીનમાં થયેલા ભીષણ ભૂસ્ખલનમાં મૃત્યુઆંક વધીને ૨૧ પર પહોંચી ગયો છે, તો બીજી તરફ ગુઆંગ્શી વિસ્તારમાં પૂરના પાણી સાથે સેંકડો ખતરનાક સાપ રહેણાંક વિસ્તારોમાં ઘૂસી આવ્યા છે, જેના કારણે લોકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

ચીનમાં ટાયફૂન 'માયસેક'ના કારણે ગુઆંગ્શી વિસ્તારમાં આવેલું પૂર હવે એક નવો અને અનોખો ખતરો લઈને આવ્યું છે. એક સ્થાનિક સમાચાર એજન્સીના જણાવ્યા પ્રમાણે હેંગઝોઉના એક ગામમાં પૂરના પાણી ઘૂસી જતાં એક સ્નેક ફાર્મ સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયું છે.આ દુર્ઘટનાના કારણે ફાર્મમાંથી ૮૦૦થી વધુ સાપ પાણીમાં તણાઈ ગયા હતા અને આસપાસના ગામોમાં ફેલાઈ ગયા છે. આવી સ્થિતિમાં હવે વહીવટીતંત્ર પૂરની સાથે-સાથે આ સાપના ખતરાથી નિપટવાના બેવડા પડકારનો સામનો કરી રહ્યું છે.ચીનના સરકારી મીડિયાના જણાવ્યા પ્રમાણે ગાન્સુ પ્રાંતના લોંગનાન શહેરમાં મંગળવારે સવારે અચાનક થયેલા ભીષણ ભૂસ્ખલનના કારણે ભારે તબાહી મચી છે. માટીના કાટમાળ નીચે કુલ ૩૩ લોકો જીવતા દફનાઈ ગયા હતા.

બુધવાર સવાર સુધી ચાલેલા સઘન રેસ્ક્યૂ ઓપરેશન બાદ તમામ લોકોને બહાર કાઢી લેવામાં આવ્યા હતા, પરંતુ અત્યંત દુઃખદ બાબત એ છે કે તેમાંથી ૨૧ લોકોના મોત થઈ ચૂક્યા હતા. જોકે રાહતના સમાચાર એ છે કે કાટમાળમાંથી બહાર કાઢવામાં આવેલા લોકોમાંથી ૫ લોકો સંપૂર્ણપણે સુરક્ષિત છે, જ્યારે ૭ લોકોને સામાન્ય ઈજાઓ પહોંચી છે, જેમની સારવાર ચાલી રહી છે.

# સુરતમાં ૮ કલાકમાં ૧૮ ઈંચ વરસાદ વરસતા જનજીવન ખોરવાયું

## સરથાણા, જકાતનાકા, પાંડેસરા સહિતના વિસ્તારોમાં કમરસમા પાણી ભરાયા, BRTS અને ST બસ વ્યવહાર ઠપ



સુરત,

શહેરમાં છેલ્લા ૪૮ કલાકમાં વરસેલા ભારે વરસાદના કારણે સમગ્ર શહેરના જનજીવન પર ભારે અસર કરી છે સાથેજ સિટી બસ, BRTS અને એસટી બસ વ્યવહાર પણ અમુક વિસ્તારોમાં ઠપ્પ થઈ ગયા છે ખાસ કરીને સરથાણા અને જકાતનાકા વિસ્તારમાં કમરસમા પાણી ભરાઈ જતાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે, અને રસ્તાઓ પર જ્યાં સુધી નજર જાય ત્યાં સુધી માત્ર પાણી જ પાણી દેખાઈ રહ્યું છે. આ ઉપરાંત, લાલદરવાજા અને પટેલ વાડી વિસ્તાર પણ સંપૂર્ણપણે પાણીમાં ગરકાવ થઈ ગયા છે. મુખ્ય માર્ગો પર ઘૂંટણસમા પાણી ભરાવાના કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. સ્થાનિક તંત્ર દ્વારા લોકોને બિનજરૂરી બહાર ન નીકળવા અને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

સુરત શહેરમાં વરસી રહેલા અવિરત ભારે વરસાદના કારણે પાંડેસરા વિસ્તારમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. પાંડેસરાના શિવમ નગર, કૃષ્ણનગર અને પ્રેમ નગરમાં ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં સ્થાનિક લોકો મુશ્કેલીમાં મૂકાયા છે. પરિસ્થિતિની ગંભીરતાને જોતાં ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને ફસાયેલા લોકોને સુરક્ષિત બહાર કાઢવા માટે રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરી દીધું છે. અસરગ્રસ્ત વિસ્તારના તમામ નાગરિકોને સલામત સ્થળે ખસેડવાની કામગીરીના ભાગરૂપે નજીકમાં આવેલી ઓડીસા પ્રાથમિક શાળામાં શિફ્ટ કરવામાં આવ્યા છે, જ્યાં તેમના માટે રહેવા અને જમવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

અનરાધાર વરસાદને પગલે સુરત સર્વોદય બૅંક અને રેલવે સ્ટેશન ગરનાળા (અંડરપાસ) વિસ્તારમાં કમરબૂડ પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો છે અને પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. પરિસ્થિતિ વણસતાં જ સુરત મહાનગરપાલિકા, ફાયર વિભાગ અને આપત્તિ વ્યવસ્થાપનની રાહત ટીમો તાત્કાલિક એક્શન મોડમાં આવી ગઈ હતી અને યુદ્ધના ધોરણે બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી. પાણીના ભારે પ્રવાહ વચ્ચે ફસાયેલા નાગરિકોની વહારે આવીને ફાયર બ્રિગેડની ટીમે બોટ તૈનાત કરી હતી અને ભારે જહેમત બાદ કુલ ૨૧ નાગરિકોને સુરક્ષિત રીતે રેસ્ક્યૂ કરીને સલામત સ્થળે સ્થળાંતરિત કર્યા હતા.

સવારે ૬ થી બપોરે ૨ વાગ્યા સુધીમાં સૌથી વધુ કામરેજ ૮.૩૧ ઈંચ, સુરત સિટી ૬.૯૩ ઈંચ, પલસાણા ૫.૯૪ ઈંચ, નવસારી ૫.૭૧ ઈંચ, ડાંગના સુબિરમાં ૫.૩૧ ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે નવસારીના જલાલપોરમાં ૫.૧૬ ઈંચ), બારડોલીમાં ૫.૦૮ ઈંચ તેમજ મહુવા અને તાપીના વાલોડમાં ૩.૯૪ ઈંચ વરસાદ નોંધાતા નદી-નાળા છલકાયા છે. વલસાડના કપરાડામાં પણ ૩.૭૮ ઈંચ વરસાદ ખાબક્યો છે.

હવામાનની ગંભીર પરિસ્થિતિને જોતાં હવામાન વિભાગ દ્વારા રાજ્યના ૮ જિલ્લાઓમાં ભારેથી અતિ ભારે વરસાદનું 'રેડ ઍલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. જેમાં સુરત, ભાવનગર, નવસારી, વલસાડ, તાપી, ડાંગ, દમણ અને દાદરા નગર હવેલીનો સમાવેશ થાય છે. ખરાબ હવામાન અને પ્રચંડ પવનને કારણે માછીમારોને દરિયો ન ખેડવાની કડક સૂચના આપવામાં આવી છે અને દરિયાકાંઠાના તમામ પોર્ટ પર સાવચેતીના ભાગરૂપે ૩ નંબરનું સિગ્નલ લગાડી દેવાયું છે.

# યુ.એન મહેતા હોસ્પીટલમાં ડ્રેનેજ લાઈન સાફ કરવા ઉતારેલા ૩ યુવકો ફસાયા : ૧નુ મોત



અમદાવાદ,

શહેરના સિવિલ મેડિસિટી કેમ્પસ સ્થિત યુ.એન. મહેતા હોસ્પિટલમાંથી એક અત્યંત ગંભીર બેદરકારીની ઘટના સામે આવી છે. હોસ્પિટલના બેઝમેન્ટમાં આવેલી ડ્રેનેજ લાઈનની સફાઈ કરવા ઉતરેલા ત્રણ કોન્ટ્રાક્ટ કર્મચારીઓ સેફ્ટી સાધનોના અભાવે ગૂંગળામણના કારણે બેભાન થઈ ગયા હતા. આ દુર્ઘટનામાં સારવાર દરમિયાન એક યુવકનું મોત નીપજ્યું હોવાના આક્ષેપ સાથે હોસ્પિટલનો સમગ્ર હાઉસકીપિંગ સ્ટાફ દેખાવા સાથે હડતાળ પર ઉતરી ગયો છે.

આ મામલે મળતી માહિતી મુજબ, તારીખ ૬, જુલાઈના રોજ સાંજે યુ.એન. હોસ્પિટલના બેઝમેન્ટમાં ડ્રેનેજ લાઈનની સફાઈ કામગીરી ચાલી રહી હતી. આરોપ છે કે કોન્ટ્રાક્ટ પર કામ કરતા પ્રવીણ વાઘેલા, સાહિલ નાડિયા અને રોકી મેકવાન કોઈપણ પ્રકારના સેફ્ટી વિના જ ડ્રેનેજ લાઈનની અંદર ઉતારી દેવામાં આવ્યા હતા. સુરક્ષાના સાધનોના અભાવે ઝેરી ગેસના કારણે ગૂંગળામણ થતાં ત્રણ શ્રમિકો બેભાન થઈ ગયા હતા.

આ ઘટનાની જાણ થતાં જ અમદાવાદ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક હોસ્પિટલ કેમ્પસ ખાતે દોડી આવી હતી. ફાયર ફાઈટરોએ ભારે જહેમત ઉઠાવીને ડ્રેનેજ લાઈનમાંથી ત્રણેય યુવકોને બેભાન અને ગંભીર હાલતમાં બહાર કાઢ્યા હતા.

# ગુજરાતમાં ચાંદીપુરા વાયરસે ફરી એકવાર માથું ઊંચક્યું : ગોધરામાં બે માસૂમ બાળકોના મોત

## બે બાળકોના કરુણ મોત બાદ પંચમહાલ જિલ્લા આરોગ્ય તંત્ર તાત્કાલિક પ્રભાવિત ગામોમાં દોડી ગયું

ગોધરા,

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં ચોમાસાની સીઝનની શરૂઆત થતાં જ ઘાતક 'ચાંદીપુરા વાયરસ'એ ફરી એકવાર માથું ઊંચક્યું છે. ગોધરાના બે અલગ-અલગ ગામોમાં આ વાયરસના શંકાસ્પદ લક્ષણોના કારણે બે માસૂમ બાળકોના મોત નીપજતાં સમગ્ર પંથકમાં ફફડાટ વ્યાપી ગયો છે. બાળકોના મોતની આ ઘટનાને પગલે સ્થાનિક આરોગ્ય વિભાગ તાત્કાલિક એક્શન મોડમાં આવી ગયું છે.

મળતી માહિતી મુજબ, ગોધરા તાલુકાના વીંઝોલ અને જીતપુરા ગામના બાળકોને અચાનક તીવ્ર તાવ આવ્યા બાદ ખેંચ (આંચકી) આવવા લાગી હતી. બાળકોની સ્થિતિ ગંભીર જણાતા પરિવારજનો તેમને તાત્કાલિક ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. જોકે, ત્યાં તેમની તબિયત વધુ લથડતાં વધુ સારવાર માટે વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન બંને માસૂમોએ દમ તોડી દીધો હતો.

બે બાળકોના કરુણ મોત બાદ પંચમહાલ જિલ્લા આરોગ્ય તંત્ર તાત્કાલિક પ્રભાવિત ગામોમાં દોડી ગયું છે અને વાયરસના ફેલાવાને અટકાવવા માટે નીચે મુજબની કામગીરી હાથ ધરી છે. વીંઝોલ અને જીતપુરા ગામના દરેક ઘરમાં સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું છે અને જંતુનાશક દવાઓનો છંટકાવ (ફોગિંગ) શરૂ કરી દેવાયો છે. આરોગ્ય વિભાગની તપાસ દરમિયાન આ વિસ્તારમાંથી વાયરસનો ફેલાવો કરતી ૨૬૦ જેટલી સેન્ડફ્લાય માખીઓ મળી આવી છે, જે ચિંતાનો વિષય છે. આ માખીઓ મુખ્યત્વે કાચા મકાનોની દીવાલોમાં પડતી તિરાડોમાં આશ્રય લેતી હોવાથી તંત્ર દ્વારા આવી તમામ તિરાડોને માટી કે સિમેન્ટથી પૂરવાની અને લિપણ કરવાની કામગીરી પણ શરૂ કરવામાં આવી છે.

પંચમહાલ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં દર ચોમાસાની સીઝનમાં સેન્ડફ્લાય માખી કરડવાના કારણે ચાંદીપુરા વાયરસ સક્રિય થાય છે અને દર વર્ષે માસૂમ બાળકો આનો ભોગ બને છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા છેલ્લા ૨ વર્ષથી આ વિસ્તારમાં આ ઘાતક વાયરસ પર સતત સંશોધન કરવામાં આવી રહ્યું છે, પરંતુ કમનસીબે હજુ સુધી આ અંગે કોઈ નક્કર પરિણામ કે ચોક્કસ રસી/દવા હાથ લાગી નથી.ચોમાસાની ઋતુમાં બાળકોને આખા બાયના કપડાં પહેરાવો. જો બાળકને અચાનક તીવ્ર તાવ આવે, ઉલટી થાય કે આંચકી (ખેંચ) જેવા લક્ષણો દેખાય, તો ઘરગથ્થુ ઉપચાર કરવાના બદલે તેને તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્ર કે હોસ્પિટલમાં લઈ જાઓ. સમયસરની સારવાર જ બાળકનો જીવ બચાવી શકે છે.

# રાજ્યભરમાં સંભવિત વરસાદની સ્થિતિને પહોંચી વળવા તમામ વિભાગો સજ્જ

ગાંધીનગર,

રાજ્યમાં ચોમાસાની પ્રગતિ અને આગામી દિવસોમાં વરસાદની સંભાવનાઓને ધ્યાનમાં રાખીને ગાંધીનગર સ્થિત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-જીઈઝ ખાતે રાહત નિયામક શ્રી સુભાષ સાવલિયાના અધ્યક્ષસ્થાને 'વેધર વોચ ગ્રૂપ'ની એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ચોમાસા દરમિયાન સંભવિત આપત્તિઓ સામે ઝીરો કેઝ્યુઅલ્ટીના અભિગમ સાથે વહીવટી તંત્રની પૂર્વતૈયારીઓની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી.

રાહત નિયામક શ્રી સુભાષ સાવલિયા દ્વારા તમામ વિભાગોને પરસ્પર સંકલન થકી કોઈપણ ઈમરજન્સી સ્થિતિમાં કંટ્રોલ રૂમને તુરંત જાણ કરવા સૂચના આપવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્ય સરકાર આગામી દિવસોમાં વરસાદની પરિસ્થિતિ પર સતત નજર રાખીને જરૂરી કાર્યવાહી કરી રહી છે.

હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં રાજ્યના કયા વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે, તેની સેટેલાઈટ ઈમેજરી અને પૂર્વાનુમાન રજૂ કર્યા હતા. જળસંપત્તિ અને સિંચાઈ વિભાગ દ્વારા રાજ્યના જળાશયો, ડેમની વર્તમાન સપાટી અને ઓવરફ્લો થવાની સ્થિતિમાં પાણી છોડવા અંગેના આગોતરા આયોજન અને એલર્ટ સિસ્ટમની માહિતી આપી હતી. ઙ્ઢઈહ્લ અને જીઙ્ઢઈહ્લ આપત્તિના સમયે તાત્કાલિક બચાવ કામગીરી માટે ટીમોના લોકેશન અને બચાવ સાધનોની સજ્જતા અંગે બ્રીફિંગ આપ્યું હતું. વરસાદને કારણે રસ્તાઓ બંધ થવાની સ્થિતિમાં વૈકલ્પિક વ્યવસ્થા અને વીજ પુરવઠો ખોરવાય તો તેને ગણતરીના કલાકોમાં પુનઃસ્થાપિત કરવા માટેના એક્શન પ્લાનની માર્ગ-મકાન અને ઊર્જા વિભાગે વિગતો આપી કરી હતી.

# ગુજરાતમાં છેલ્લા ત્રણ દિવસમાં સિંગતેલના ડબ્બે ૫૦ અને કપાસિયા તેલમાં ૨૦નો ભાવ વધારો

## ભાવ વધારાથી ગ્રાહકો અને નાના વેપારીઓ બંને પર આર્થિક ભાર વધ્યો



અમદાવાદ,

ગુજરાતમાં સામાન્ય પરિવારોના રસોડાના ખર્ચમાં ફરી વધારો થયો છે. ખાદ્ય તેલના ભાવમાં સતત તેજી જોવા મળી રહી છે. છેલ્લા ત્રણ દિવસ દરમિયાન સિંગતેલના ૧૫ કિલોના ડબ્બાના ભાવમાં કુલ ૫૦નો વધારો નોંધાયો છે, જ્યારે કપાસિયા તેલના ડબ્બામાં પણ ૨૦નો વધારો થયો છે. ભાવ વધારાથી ગ્રાહકો અને નાના વેપારીઓ બંને પર આર્થિક ભાર વધ્યો છે.

બજારના વેપારીઓના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક દિવસોથી ખાદ્ય તેલના ભાવમાં સતત ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે. તેમાં ખાસ કરીને સિંગતેલના ભાવમાં ઝડપી વધારો નોંધાયો છે. માત્ર ત્રણ દિવસમાં જ ડબ્બા દીઠ ?૫૦નો વધારો થતાં ગ્રાહકોને વધુ ખર્ચ કરવો પડી રહ્યો છે.બીજી તરફ કપાસિયા તેલના ભાવમાં પણ ૨૦નો વધારો થયો છે. આ વધારાની સીધી અસર ઘરેલુ બજેટ પર પડી રહી છે.

વેપારીઓના જણાવ્યા પ્રમાણે ભાવ વધારા પાછળ અનેક કારણો જવાબદાર હોઈ શકે છે. જેમાં મુખ્યત્વે કાચા માલના ભાવમાં વધારો, બજારમાં પુરવઠાની અનિશ્ચિતતા, માંગમાં વધારો, પરિવહન અને ઉત્પાદન ખર્ચમાં વધારો આ તમામ પરિબળોની અસર ખાદ્ય તેલના બજાર પર જોવા મળી રહી છે.

# દંતકથારૂપ જોડીને શ્રદ્ધાંજલિ: પરિમલ નથવાણીએ ગીરની આઈકોનિક સિંહ બેલડી 'જય-વીરુ'ના સન્માનમાં બેકલાઈટ બોર્ડનું અનાવરણ કર્યું

જામનગર,

ગીર જંગલની સૌથી સુપ્રસિદ્ધ અને અતિપ્રિય સિંહ બેલડીને ભાવનાત્મક શ્રદ્ધાંજલિ અર્પણ કરતા, જાણીતા સિંહપ્રેમી અને રાજ્યસભા સાંસદ, શ્રી પરિમલ નથવાણીએ સાસણ ગીરમાં સિંહસદન અને દેવાળીયા સફારી પાર્ક ખાતે 'જય-વીરુ'ને દર્શાવતા બેકલાઈટ બોર્ડનું અનાવરણ કર્યું હતું.

જય-વીરુનું આ બેકલાઈટ બોર્ડ નથવાણી તરફથી તેમના હૃદયમાં સવિશેષ સ્થાન ધરાવતા આ સિંહ બેલડીને આપેલી હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ છે. આ પ્રસંગે વન સંરક્ષક (વાઈલ્ડલાઈફ સર્કલ, જૂનાગઢ) શ્રી રામ રતન નાલા, તેમની વન અધિકારીઓની ટીમ સાથે ઉપસ્થિત રહ્યા હતા.




આ પહેલ વિશે જણાવતા, પરિમલ નથવાણીએ કહ્યું હતું કે: "અમે ઈચ્છીએ છીએ કે સાસણ ગીરની મુલાકાત લેનારા દરેક પ્રવાસી અને વન્યજીવન પ્રેમી જય-વીરુના વારસાને સારી રીતે જાણે. તે બંને ગીરના જંગલની અત્યાર સુધીની સૌથી નીડર, ભવ્ય અને અવિભાજ્ય સિંહ બેલડીઓમાં સ્થાન ધરાવતા હતા. તેઓ ગીરનું સાચું ગૌરવ હતા, અને આ સ્મૃતિ દ્વારા, અમે તેમને અમર બનાવવાનો ઉદ્દેશ ધરાવીએ છીએ."

નથવાણીએ આ સિંહજોડી સાથે જોડાયેલી પોતાની ઊંડી અંગત લાગણીઓને પણ જણાવતા એ યાદ કર્યું હતું કે, તેઓ વન વિભાગના અધિકારીઓ સાથે તેમના નામકરણમાં સક્રિય રીતે સામેલ હતા — જે બાબત આ શ્રદ્ધાંજલિને ખૂબ જ ભાવનાત્મક બનાવે છે.

ગયા વર્ષે અન્ય સિંહો સાથે પોતાના સીમાડા માટેની અથડામણ બાદ જય અને વીરુનું દુઃખદ અવસાન થયું હતું. ગત ૭ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ તે બંનેના મૃત્યુ પછી તુરત જ, નથવાણીએ "જય-વીરુની જોડી" નામના એક ભાવનાત્મક લોક-શૈલીના ગાયન અને "જય-વીરુની અમર ગાથા" નામની એક સંવેદનાત્મક દસ્તાવેજી રજૂ કરી હતી. આ બંને પ્રોજેક્ટ્સે બંને ડાલામથ્થાની પરસ્પરની ભાવના, અતૂટ બંધન અને અમિટ વારસાની સુંદર રીતે પ્રસ્તુતિ કરી હતી.

બોલિવૂડની યાદગાર ફિલ્મ શોલેના અમર થઈ ગયેલા પાત્રોની યાદ અપાવતા, જય અને વીરુનો વાસ્તવિક જીવનનો સંગાથ રૂપેરી પડદા પરના જય-વીરુની ઉપસ્થિતિ કરતા પણ વધુ છવાઈ ગયો હતો. ગીરના વન્યજીવ પ્રેમીઓ અને અનુભવી ટ્રેકર્સ વારંવાર આ ભવ્ય બેલડીના અસંખ્ય સાહસોનું વર્ણન કરે છે. ક્યારેક ક્યારેક નાના-મોટા ઝઘડા અને સંઘર્ષ વચ્ચે પણ, આ બંનેનું બંધન અતૂટ રહ્યું હતું કારણ કે તેઓએ સંયુક્ત રીતે માલણકા, કેનેડીપુર, નતાડિયા, ઈટાડી અને લિમદ્રા જેવા ક્ષેત્રો પર શાસન કર્યું હતું.

# ધોધમાર વરસાદના કારણે વાપી અને વલસાડ જિલ્લામાં સામાન્ય જનજીવન પ્રભાવિત થયું

## મહારાષ્ટ્રથી રેલ મુસાફરી કરતા લોકોને વાપી, વલસાડમાં રાખવું પડશે ખાસ ધ્યાન

વાપી/વલસાડ,

છેલ્લા ૨૪ કલાકમાં વરસેલા ધોધમાર વરસાદના કારણે વાપી અને વલસાડ જિલ્લામાં સામાન્ય જનજીવન પ્રભાવિત કર્યું છે. ખાસ કરીને વાપી અને આસપાસના વિસ્તારોમાં અનેક નીચાણવાળા વિસ્તારો પાણીથી ભરાઈ ગયા હતા, જેના કારણે લોકોને અવરજવરમાં ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. શહેરના મુખ્ય માર્ગો પર વરસાદી પાણી ફરી વળતાં વાહનચાલકોને ધીમી ગતિએ વાહન હંકારીને પસાર થવાની ફરજ પડી હતી. દિવસભરના વરસાદી માહોલ વચ્ચે સ્થાનિક વહીવટી તંત્ર પણ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું હતું. મુંબઈ-અમદાવાદ રેલવે વ્યવહારને અસર થઈ હતી, પરંતુ હવે વરસાદે મહેર કરતાં રેલવે વ્યવહાર આંશિક રીતે શરૂ થઈ ગયો છે. અમદાવાદથી મુંબઈ તરફ જતી મોટાભાગની ટ્રેનો હવે દોડી રહી છે.

ભારે વરસાદના કારણે મુંબઈ-અમદાવાદ મુખ્ય રેલવે માર્ગ પર નાલા સોપારા નજીક વરસાદી પાણી ટ્રેક સુધી પહોંચી જતાં પશ્ચિમ રેલવેની કામગીરી પર અસર જોવા મળી હતી. સુરક્ષાને ધ્યાનમાં રાખીને કેટલાક સમય માટે ટ્રેનોની અવરજવર નિયંત્રિત કરવામાં આવી હતી. જોકે, આજે વરસાદમાં સામાન્ય વિરામ મળતાં રેલવે તંત્ર દ્વારા ધીમે ધીમે ટ્રેન વ્યવસ્થા પુનઃ શરૂ કરવામાં આવી છે અને અમદાવાદથી મુંબઈ તરફ જતી અનેક ટ્રેનો સાવચેતીપૂર્વક ધીમી ગતિએ રવાના થઈ રહી છે.

અવિરત વરસાદના ના કારણે સાંજના સમયે મુંબઈ તરફ જતી અનેક ટ્રેનોને નિર્ધારિત સ્થળ સુધી પહોંચાડવી શક્ય બની ન હતી. જેના પગલે કેટલીક ટ્રેનોને વલસાડ, ભીલાડ તેમજ ઉમરગામ જેવા સ્ટેશનો પરથી જ અમદાવાદ તરફ પરત મોકલવાનો નિર્ણય લેવાયો હતો. મુસાફરોને લાંબા સમય સુધી સ્ટેશનો પર રાહ જોવી પડી હતી, જ્યારે અનેક મુસાફરોને પોતાની મુસાફરી મુલતવી રાખવાની ફરજ પડી હતી. અચાનક બદલાયેલી પરિસ્થિતિને કારણે રેલવે સ્ટેશનો પર ભારે ભીડ પણ જોવા મળી હતી.

સતત વરસાદના કારણે મુંબઈ સુધી ટ્રેનો સમયસર પહોંચી શકી ન હતી, જેના કારણે મુંબઈથી અમદાવાદ તરફ આવતી અનેક ટ્રેનો પણ કલાકો સુધી મોડી ચાલી રહી છે. કેટલીક મહત્વની ટ્રેનોને રદ કરવાની ફરજ પડી હોવાનું જાણવા મળ્યું છે.

# ગુજરાત પર એકસાથે ત્રણ ટ્રફ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને વેલ માર્ક લો પ્રેશર સક્રિય

## હવામાન વિભાગ દ્વારા આગામી ૩ દિવસ સુધી રાજ્યભરમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી

ગાંધીનગર,

ગુજરાત પર એકસાથે ત્રણ સીસ્ટમ સક્રિય થતાં હવામાન વિભાગે આગામી સમયમાં ભારેથી અતિ ભારે વરસાદની હાઈ ઍલર્ટ આગાહી જાહેર કરી છે. વિવિધ વરસાદી સિસ્ટમો સક્રિય થવાના કારણે મેઘરાજા આગામી દિવસોમાં તોફાની બેટિંગ કરે તેવી પૂરેપૂરી શક્યતા છે. હાલ ચોમાસાની મુખ્ય લાઈન સમગ્ર રાજ્યમાંથી પસાર થઈ રહી હોવાના કારણે આગામી ૨૪ કલાક ખૂબ જ કટોકટીભર્યા બની રહેશે. ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર પર કુદરતનો પ્રકોપ જોવા મળી શકે છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં 'રેડ ઍલર્ટ'

હવામાનની ગંભીર પરિસ્થિતિને જોતાં હવામાન વિભાગ દ્વારા રાજ્યના ૮ જિલ્લાઓમાં ભારેથી અતિ ભારે વરસાદનું 'રેડ ઍલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. જેમાં સુરત, ભાવનગર, નવસારી, વલસાડ, તાપી, ડાંગ, દમણ અને દાદરા નગર હવેલીનો સમાવેશ થાય છે. ખરાબ હવામાન અને પ્રચંડ પવનને કારણે માછીમારોને દરિયો ન ખેડવાની કડક સૂચના આપવામાં આવી છે અને દરિયાકાંઠાના તમામ પોર્ટ પર સાવચેતીના ભાગરૂપે ૩ નંબરનું સિગ્નલ લગાડી દેવાયું છે.

બીજી તરફ, સૌરાષ્ટ્રના અમરેલી, ગીર સોમનાથ તેમજ ભરુચ, નર્મદા, ખેડા અને અરવલ્લી જિલ્લાઓમાં અતિ ભારે વરસાદની સંભાવનાને પગલે તંત્રને ઍલર્ટ કરી દેવાયું છે. આ ઉપરાંત, રાજ્યના પાટનગર ગાંધીનગર અને આર્થિક પાટનગર અમદાવાદ સહિત જૂનાગઢ, બોટાદ, સાબરકાંઠા, આણંદ, વડોદરા, છોટાઉદેપુર, પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં પણ ભારે વરસાદની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

અમદાવાદમાં પણ પવનના સુસવાટા અને કડાકા-ભડાકા સાથે થન્ડરસ્ટોર્મ એક્ટિવિટીની આગાહી કરવામાં આવી છે. જેને પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની શક્યતાને જોતા મ્યુનિસિપલ કોર્પોરેશન સજ્જ બન્યું છે. તંત્ર દ્વારા નાગરિકોને બિનજરૂરી બહાર ન નીકળવા અને સાવચેત રહેવા ખાસ અપીલ કરવામાં આવી છે.

ગુજરાતમાં હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું કે, આગામી સાત દિવસ સુધી હળવાથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

# જામનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં વિવિધ સમિતિઓની કરાઈ રચના


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લા પંચાયતની નવી ચૂંટાયેલ બોડીની દ્વિતીય ખાસ સામાન્ય સભા ગઈકાલે જિલ્લા પંચાયત પ્રમુખ રંજનબેન જીવાણીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી, જેમાં જિ.પં.ની વિવિધ સમિતિઓની રચના કરી સભ્યોની વરણી કરવામાં આવી હતી.

જેમાં વિવિધ કમિટીઓની યાદીમાં જે પ્રથમ નામ જાહેર થયું છે તેની જે તે સમિતિના ચેરમેનપદે વરણી થવાની શક્યતા છે. આ સમિતિઓની બેઠકો એકાદ અઠવાડિયામાં યોજાશે અને તેમાં સત્તાવારરીતે ચેરમેન ની વરણી કરવામાં આવશે.

કારોબારી સમિતિમાં સુનિલભાઈ રાઠોડ, મહેન્દ્રસિંહ જાડેજા, કલ્પેશભાઈ માલાણી, એક્તાબેન સુતરિયા, રાજેશભાઈ મકવાણા, મયુરીબેન ગોધાણી, અતુલભાઈ કમાણી. મહિલા અને બાળ વિકાસ સમિતિમાં લતાબેન સુરેલા, લક્ષ્મીબેન ચૌહાણ, સામાબેન અકબરી, મંગુબેન ઠુંગા. ઉત્પાદન-સહકાર-સિંચાઈ સમિતિમાં અતુલભાઈ કમાણી, મંગુબેન ઠુંગા, વર્ષાબેન માકડીયા.

અપીલ સમિતિમાં રંજનબેન જીવાણી, પરેશભાઈ હીરપરા, સુનિલભાઈ રાઠોડ, બાંધકામ સમિતિમાં વનિતાબેન ઉઘાડ, મહેન્દ્રસિંહ જાડેજા, કલ્પેશભાઈ માલાણી, એક્તાબેન સુતરિયા, લક્ષ્મીબેન ચૌહાણ, શિક્ષણ સમિતિમાં વર્ષાબેન માકડિયા, કલ્પનાબેન કણઝારિયા, વનિતાબેન ઉઘાડ, પ્રદ્યુમનસિંહ ઝાલા, લતાબેન સુરેલા, હરેશભાઈ પરમાર, મયુરીબેન ગોધાણી, આરોગ્ય સમિતિમાં રાજેશભાઈ મકવાણા, લક્ષ્મીબેન વારસાકિયા, કલ્પનાબેન કણઝારિયા, પ્રદ્યુમનસિંહ ઝાલા અને સામાજિક ન્યાય સમિતિમાં લક્ષ્મીબેન વારસાકિયા, હરેશભાઈ પરમાર, સામાબેન અકબરી, બાબુલાલ હિંગડા, દીપકભાઈ મકવાણાનો સમાવેશ કરાયો છે.

# જામનગરની એમ પી શાહ મેડિકલ કોલેજમાં ૨૫૦ બેઠક માટે મળી મંજૂરી

## અગાઉ નેશનલ મેડિકલ કમિશન દ્વારા નોટિસ પાઠવી હતી

જામનગર : જામનગરની એમ.પી. શાહ મેડિકલ કોલેજને નેશનલ મેડિકલ કમિશન દ્વારા નોટીસ આપી ૪૫ દિવસમાં પૂર્તતા કરવા જણાવાયું હતું, જે કામગીરી પૂર્ણ થતા તાજેતરમાં ૨૫૦ બેઠક માટે વિધિવત્ મંજુરી આપી દેવામાં આવી છે.

મેડિકલ શિક્ષણમાં ગુણવત્તા જળવાઈ રહે તે હેતુથી નેશનલ મેડિકલ કમિશનર દ્વારા દર વર્ષે મેડિકલ કોલેજોનું ઈન્સપેક્શન કરવામાં આવે છે. દરમિયાન ભારતની ૧૦૦ કોલેજ જેમાં જામનગર સહિત રાજ્યની ચાર કોલેજમાં થોડી ક્ષતિ જણાતા નોટીસ પાઠવાઈ હતી, અને ૪૫ દિવસમાં સુધારો અને પૂર્તતા કરવા જણાવાયું હતું.

જામનગરની એમ.પી. શાહ મેડિકલ કોલેજ દ્વારા સમયમર્યાદામાં જરૂરી પૂર્તતા કરી દેવામાં આવી હતી. મેડિકલ કોલેજના ડીન ડો. નંદીની દેસાઈના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૨૬-૨૭ માટે ૨૫૦ બેઠકના એમબીબીએસના અભ્યાસ ક્રમ ચાલુ રાખવાની મંજુરી ગત તા. ૨૮-૬ના મળી જવા પામી છે.

૧૯૫૫ થી અવિરતપણે કાર્યરત વિશાળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સાધન-સામગ્રી, કુશળ-અનુભવી સ્ટાફ, તબીબોની પૂરતી ઉપલબ્ધતા તથા દર્દીઓની સંખ્યા વગેરેને ધ્યાનમાં રાખીને ૨૫૦ સીટનો અભ્યાસક્રમ ચાલુ રાખવાની મંજુરી મળી છે.

આ સંસ્થા ભવિષ્યના તબીબોનું ઘડતર કરવા કટીબદ્ધ છે તથા ભવિષ્યમાં શ્રેષ્ઠ તબીબી શિક્ષણ મળી રહે તે માટે અત્યંત કાર્યરત છે. તેમ પણ કોલેજના ડીન એ ઉમેર્યું હતું.

# ખંભાળિયાના વેપારીની હત્યાના ભેજાબાજ શખ્સને દબોચી લીધો

## શખ્સે આયોજનબદ્ધ રીતે સમગ્ર ઘટનાને અંજામ આપ્યો હતો

ખંભાળિયા : ખંભાળિયામાં રહેતા અને શાકભાજીના વેપારી એવા પ્રૌઢની હત્યામાં સંડોવાયેલ અને સમગ્ર ઘટનાને અંજામ આપનાર ભેજાબાજ શખ્સને આખરે ખંભાળિયા પોલીસે ઝડપી લઈ તેની આ મામલે ઊંડાણપૂર્વકની તપાસ આરંભી છે.

મળતી માહિતી પ્રમાણે ખંભાળિયામાં રહેતા અને શાકભાજીના વેપારી તેમજ સોનાના દાગીના પહેરવાના શોખીન એવા વેપારી આસિફભાઈ લાખાની તાજેતરમાં લૂંટના ઈરાદે વિરમદડ ગામના કાચા રસ્તે હત્યા નિપજાવવામાં આવી હતી ત્યારબાદ દ્વારકા જિલ્લા પોલીસની જુદી - જુદી ટીમે કામે લાગી ગણતરીના કલાકોમાં જ ભેદ ઉકેલી ખંભાળિયામાં જ રહેતા હાજા ભારમલ આસાણી નામના શખ્સને ઝડપી લીધો હતો અને લૂંટના ઈરાદે હત્યા કરનાર આરોપી પાસેથી રૂ. ૨૯.૭૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જોકે એકલા હાથે કામ શક્ય ન હોવાની આશંકા વ્યક્ત કરી પોલીસે કાયદાથી સંઘર્ષિત કિશોરને પણ સકંજામાં લીધો હતો ત્યારબાદ આ હત્યામાં વધુ એક ફણગો ફૂટ્યો હતો જેમાં હત્યાનો માસ્ટર માઈન્ડ એવા રવિ સુરાભાઈ ગામળાની ધરપકડ કરવામાં આવી છે. ઝડપાયેલા આ શખ્સે હત્યા કઈ રીતે કરવી? મૃતદેહનો નિકાલ કેમ કરવો? વિગેરે આયોજનબધ્ધ રીતે સમગ્ર અંજામને પાર પાડતા આખરે પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો બાદ તેની આગવી ઢબે વધુ પૂછપરછ શરૂ કરી હતી.

# ખંભાળિયા નજીક ૧૧૦ લીટર દેશી દારૂના જથ્થા સાથે શખ્સ ઝડપાયો

## મહિલા સહિત બેની સંડોવણી ખુલતા ફરાર જાહેર કરી શોધખોળ

ખંભાળિયા : ખંભાળિયા નજીક એક શખ્સને સ્થાનિક પોલીસે દેશી દારૂના જથ્થા સાથે ઝડપી લઈ રૂ. ૨૭ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જ્યારે એક મહિલા સહિત બે શખ્સની સંડોવણી ખુલતા ફરાર જાહેર કરી શોધખોળ આરંભી ત્રણેય સામે દારૂબંધી ધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ ખંભાળિયાથી ૫ કિમી દૂર આવેલ કણજાર હોટલ નજીક રવિ હેમંતભાઈ ગોહિલ નામના શખ્સની દરોડા દરમિયાન ઝડપી પોલીસે રૂ. ૨૨ હજારની કિંમતના ૧૧૦ લીટર દેશી દારૂ સાથે ધરપકડ કરી સ્થળપરથી દેશી દારૂ અને એક નંગ મોબાઈલ ફોન સહિત કુલમળી રૂ. ૨૭ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જ્યારે લાખાભાઈ અભૂભાઈ તથા નિકિતાબેન નાગર નામની એક મહિલા સહિત બેની સંડોવણી ખુલતા તેઓને ફરાર જાહેર કરી શોધખોળ આદરી છે.

# જામનગરમાં પરિણીતા ઉપર ત્રાસ આપનાર સાસરિયાઓ સામે પોલીસમાં રાવ

જામનગર : જામનગરમાં રહેતી એક પરિણીતાએ પોતાને માનસિક શારીરિક ત્રાસ આપવા અંગે પતિ સહિતના સાસરિયોના પાંચ સભ્યો સામે મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગરના ખોજા ચકલો વિસ્તારમાં રહેતી શબીનાબેનના નિકાહ તા. ૧૩ મે ૨૦૨૪ના રોજ પોરબંદરના મહમદહુશેન યુનુશભાઈ ધામણીયા સાથે મુસ્લિમ શરીયત મુજબ થયા હતા. લગ્ન બાદ તેઓ પોરબંદરમાં સંયુક્ત પરિવારમાં રહેતા હતા. ફરિયાદમાં જણાવ્યા મુજબ લગ્નના થોડા સમય બાદથી જ પતિ યોગ્ય રીતે વાત કરતા ન હતા, પત્ની તરીકેનો દરજ્જો આપતા ન હતા તેમજ નાની-નાની બાબતે ઝઘડો કરી ગાળાગાળી અને મારકૂટ કરતા હતા.

લગ્નના આશરે એક મહિના બાદ પતિ તથા દિયર આફ્રિકા જતા રહ્યા હતા, ત્યારબાદ સાસુ ઘરકામની બાબતોમાં, સસરા રસોઈની બાબતે, નણંદ અને દિયર પણ વારંવાર વાંક કાઢી ઝઘડા કરી ગાળાગાળી અને મારકૂટ કરતા હતા. આ રીતે તમામ સાસરિયાં દ્વારા સતત માનસિક અને શારીરિક ત્રાસ આપવામાં આવતો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

ત્યારબાદ પતિ થોડા સમય માટે પરત આવ્યા હોવા છતાં તેમણે પત્ની તરીકે સ્વીકાર કે સન્માન નહિ આપતા પીડિતા પોતાની બહેન સાથે જામનગર ખાતે પિયર આવી રહેવા લાગી હતી, અને સમગ્ર ઘટના પરિવારને જણાવી હતી.

આ મામલે અગાઉ મહિલા પોલીસ મથકે અરજી કરવામાં આવી હતી અને કાઉન્સેલિંગની પ્રક્રિયા પણ હાથ ધરાઈ હતી. જોકે સમાધાન ન થતાં પરિણીતાએ પોતાની માતા સાથે મહિલા પોલીસ મથકે હાજર રહી પતિ, સાસુ, સસરા, નણંદ અને દિયર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# જોડિયાની ઉંડ નદીમાંથી બેફામ રેતી ચોરીના આક્ષેપ સાથે ઉચ્ચકક્ષાએ રજૂઆત

## પસાર થતાં ઓવરલોડ વાહનોને લીધે બાદનપર સહિતના ગામના રસ્તાઓને નુકસાન



જામનગર : જામનગર જિલ્લાના જોડિયા તાલુકાની ઉંડ નદીના છેવાડાના વિસ્તારમાંથી બેફામ રેતીચોરી થતી હોવાના આરોપ સાથે સામાજિક કાર્યકરે જિલ્લા પોલીસ વડા, કલેક્ટર, આઈજીપી અને ખાણ-ખનીજ વિભાગના અધિકારી સહિતનાઓને રજૂઆત કરી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

સામાજિક કાર્યકર અનવર સંઘારે કરેલી લેખિત રજૂઆતમાં જણાવ્યા અનુસાર ઉંડ નદીમાંથી રોયલ્ટી વગર આડેધડ મોટા પ્રમાણમાં રેતીનું ખનન થઈ રહ્યું છે અને દરરોજ દિવસ-રાત દરમિયાન ૫૦ થી વધુ ઓવરલોડ ડમ્પરો મારફતે નીતિ-નિયમ નેવે મૂકીને રેતીની ગેરકાયદે હેરાફેરી થઈ રહી છે. બાદનપર ગામના માર્ગ પરથી પસાર થતા ઓવરલોડ વાહનોના પાપે રસ્તામાં ભારે નુકસાન થયું છે. કુનળ ગામ સામેના મુખ્ય માર્ગ પર હાલ પણ રેતીચોરી ચાલુ છે. સબંધીત વિભાગના અધિકારીઓની બેદરકારીને કારણે રેત માફિયાઓ બેફામ બન્યા હોવાનો પણ આક્ષેપ ઉઠ્યો છે. સાથે જ તાત્કાલિક રેતી ચોરી બંધ કરાવી, જવાબદારો સામે ગુનો દાખલ કરવા અને મશીનરી જપ્ત કરવા માંગ ઉઠાવી છે.

# પીપર ગામે જુગાર રમતા ૬ શખ્સોની અટકાયત

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના પીપર ગામમાં જાહેરમાં જુગાર રમાતો હોવાની બાતમી પરથી પોલીસે દરોડો પડી ૬ શખ્સોને ઝડપી લઈ તેઓ પાસેથી રોકડ રકમ સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ કલાવડ તાલુકાના પીપર ગામે અમુક શખ્સો જાહેરમાં જુગાર રમી રહ્યા છે તેવી બાતમી પરથી પોલીસે પીપર ગામ નજીક દેવશીભાઈ પાંચાભાઈ રાખશીયાની વાડી પાસે રાજડા ગામ તરફ જતા જાહેર રસ્તા પર દરોડો પાડતા ત્યાં જુગાર રમતા સુભાષભાઈ ખોડાભાઈ રાખશીયા, આકાશભાઈ કાનજીભાઈ રાખશિયા, રમેશભાઈ ગોવિંદભાઈ રાખશીયા, દિલીપભાઈ વાલજીભાઈ રાખશિયા, કરશનભાઈ ભાણાભાઈ રાખશીયા તથા કિશોરભાઈ રવજીભાઈ રાખશીયા નામના ૬ શખ્સોને ઝડપી લઈ તેઓ પાસેથી રોકડા રૂ. ૫,૧૭૦ તથા ગંજીપતાના ૫૨ પાના મળી કુલ રૂ. ૫,૧૭૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# જામનગર જિલ્લા જેલમાં મોબાઈલ ફોનનો ઉપયોગ કરનાર ચાર આરોપીઓ ઝડપાયા



જામનગર : જામનગર જિલ્લા જેલમાં ગેરકાયદેસર રીતે મોબાઈલ ફોન રાખી તેનો ઉપયોગ કરી ગુનાહિત પ્રવૃત્તિ આચરતા ચાર આરોપીઓને સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, જામનગર દ્વારા સફળ ટેક્નિકલ તપાસના આધારે ઝડપી પાડવામાં આવ્યા છે.

જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ તેમજ શહેરના નાયબ પોલીસ અધિક્ષક જે.એન. ઝાલાના સુપરવિઝનમાં જામનગર જેલમાં ગેરકાયદેસર મોબાઈલ ફોનના ઉપયોગને અટકાવવા માટે વિશેષ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જે દરમિયાન એક બિનવારસુ મોબાઈલ ફોન મળી આવતા આ અંગે જામનગર સીટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો.

ગુનાની તપાસ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આઈ.એ. ઘાસુરાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન પોલીસ સબ ઈન્સ્પેક્ટર એચ.કે. ઝાલા તથા તેમની ટીમે આધુનિક ટેક્નિકલ એનાલિસિસ અને ઈલેક્ટ્રોનિક પુરાવાના આધારે મોબાઈલ ફોનનો ઉપયોગ કરનાર આરોપીઓની ઓળખ કરી હતી. ત્યારબાદ જિલ્લા જેલમાંથી આરોપીઓનો કબ્જો મેળવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ઉપરાંત આ ગુનામાં સંડોવાયેલા અન્ય આરોપીઓ અંગે પણ વધુ તપાસ ચાલુ છે.

જે આરોપીઓ જાફરઅલી ઉમરભાઈ બુચડ (૩૦), રહે. સચાણા ગામ, જામનગર., મોઈન ઉમરભાઈ સફીયા (૨૬), રહે. ખાખીનગર, જામનગર, દિલીપ દિનેશભાઈ પરમાર (૨૫), રહે. ઈન્દિરા કોલોની, જામનગર. અને ઈમ્તીયાજ રહેમતુલ્લા મુંદ્દાક (૩૫), રહે. ધરારનગર-૨, જામનગરની અટકાયત કરી લઈ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા જેલમાં ગેરકાયદેસર મોબાઈલ ફોનના ઉપયોગ અંગે પૂછપરછ કરવામાં આવી રહી છે. અને આવા ગુનાઓમાં સંડોવાયેલા તમામ આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## દ્વારકાધીશને ચંદન વાઘા સાથેનો ગ્રીષ્મ કાલીન પુષ્પ શૃંગાર



દ્વારકા : યાત્રાધામ દ્વારકાના દ્વારકાધીશ જગતમંદિરમાં આજરોજ દ્વારકાધીશને ઋતુ અનુસાર ચંદન વાઘાનો વિશેષ શૃંગાર કરવામાં આવ્યો હતો. હાલમાં ગ્રીષ્મકાળમાં શ્રીજીને ગરમીની ઋતુ અનુસાર ચંદનના લેપ સાથે વિશિષ્ટ પુષ્પ શૃંગાર યોજવામાં આવી રહયા છે. રાજાધિરાજ સ્વરૂપને બદલે ઠંડક આપતા વસ્ત્રો પરિધાન કરાવવામાં આવી રહયા છે. ગઈકાલે સાંજના સમયે ઠાકોરજીને યોજાયેલ વિશિષ્ટ ચંદન વાઘા સાથેના પુષ્પશૃંગાર મનોરથનો બહોળી સંખ્યામાં ભાવિકોએ લાભ લીધો હતો.

# ખંભાળિયા પંથકની સગીરાને વીડિયો વાયરલની ધમકી આપનાર બે શખ્સને ચાર વર્ષની સજા

ખંભાળિયા : ખંભાળિયાની સગીરાના ફોટા વાયરલ કરવાની ધમકી આપી ખંડણી માંગનાર બે શખ્સને અદાલતે ચાર વર્ષની સજા ફટકારી છે.ઉપરાંત બન્ને શખ્સને દંડ ફટકારી ભોગ બનનાર સગીરાને વળતર આપવા માટે પણ આદેશ કર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખંભાળિયા પંથકની એક સગીરાના ફોટા તેમજ વીડિયો વાયરલ કરવાની ધમકી આપી ખંડણી ઉઘનરાવવા સબબ સુરતના બે ભાઈઓ સામે નોંધાયેલી ફરિયાદમાં ખંભાળિયાની સ્પેશિયલ પોક્સો અદાલત દ્વારા બન્ને આરોપીઓ સગાભાઈ અકરમ હુસેન સાંજી તથા અકબર હુસેન સાંજીને ચાર વર્ષની સજા ફટકારી રૂ. ૨.૬૫ લાખનો દંડ તેમજ ભોગ બનનારને રૂ. ૨.૫૦ લાખ વળતર ચૂકવવા અદાલત દ્વારા આદેશ કરવામાં આવ્યો છે.

# દ્વારકા-ગોપી તળાવ-ઓખા માર્ગનું સમારકામ પૂર્ણ



દ્વારકા : માર્ગ અને મકાન વિભાગ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પરિવહનની સુવિધા માટે સતત કાર્યરત છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં દ્વારકાથી ગોપી તળાવ, નાગેશ્વર, ઓખાને જોડતા અંદાજીત ૨૧ કિલોમીટરના રસ્તાનું રિસરફેસીંગ કરવામાં આવ્યું છે. આ રસ્તાના સમારકામથી પ્રવાસીઓની સુગમતામાં વધારો થશે.

# ભાણવડ નજીક પોલીસે ફિલ્મી ઢબે કારમાંથી દેશી દારૂનો જથ્થો ઝડપી લીધો

## કાર ચાલક ફરાર : ૬૦૦ લીટર દેશી દારૂ સહિત રૂ. ૩.૨૦ લાખનો મુદ્દામાલ કબ્જે



ભાણવડ : ભાણવડ પંથકના દુધેશ્વર મહાદેવના મંદિર પાસેના રોડ પર પસાર થતી એક કારને ફિલ્મી ઢબે પોલીસે આડસ ઊભી કરી અટકાવી લીધી હતી અને તેમાંથી તલાસી દરમિયાન દેશી દારૂના ભરેલા બાચકા મળી આવતા દેશી દારૂ અને કાર સહિત રૂ. ૩.૨૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો પરંતુ પોલીસને જોઈ કાર ચાલક નાસી જતા તેની સામે દારૂબંધી ધારા હેઠળ ગુન્હો દાખલ કરી ઝડપી પાડવા દોડધામ શરૂ કરી છે.

મળતી માહિતી પ્રમાણે ભાણવડ પોલીસને ચોક્કસ બાતમી મળેલ કે એક કાર જેમાં દેશી દારૂનો જથ્થો ભરી લઈ જવામાં આવતો હોઈ આથી પોલીસ સ્ટાફે અત્રેના દુધેશ્વર રોડ પર ફિલ્મી ઢબે આડસ ઊભી કરી હતી જે વેળાએ કાર ચાલક સડસડાટ પોતાનું વાહન ચલાવી જતો હોઈ પરંતુ કાર આડસના કારણે અટકી ગઈ હતી અને તેનો ચાલક પોલીસને જોઈ ભાગી ગયો હતો ત્યારબાદ પોલીસે જી. જે. ૧૨ જે. ૪૦૦૬ નંબરની કારની તલાસી લેતા તેમાંથી રૂ. ૧.૨૦ લાખની કિંમતના દેશી દારૂ ભરેલા નાના - મોટા બાચકા મળી આવતા દેશી દારૂ ઉપરાંત રૂ. ૨ લાખની કિંમતની કાર સહિત કુલમળી રૂ. ૩.૨૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જ્યારે કાર ચાલક નાસી જતા જતા તેની સામેં ગુન્હો નોંધી ઝડપી લેવા તપાસના

# સલાયામાં જુગાર રમતા ચાર ઝડપાયા


તસવીર : આનંદ લાલ-સલાયા

સલાયા : સલાયા મરીન પોલીસ પેટ્રોલીંગમાં હતી એ દરમ્યાન હેડ કોન્સ્ટેબલ પીઠાભાઈ જોગલ, વિપુલભાઈ ડાંગર અને કરણભાઇ સોંદરવાને સંયુક્ત રીતે બાતમી મળેલ કે સલાયા તળાવની પાળ પાસે અમુક ઈસમો જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી અને પૈસાની હારજીત કરતાં હોવાની બાતમીના આધારે સલાયા મરીન પોલીસ દ્વારા રેઇડ કરતા ત્યાં ચાર ઈસમો જુગાર રમતા મળી આવ્યા હતા.

પ્રાપ્ત વિગત મુજબ રૂા ૧૧૦૮૦ રોકડા તેમજ મોબાઈલ-૩ કિંમત રુ.૨૦૦૦૦ તથા જુગાર રમવાના સાધનો સાથે કુલ રૂા. ૩૧૦૮૦નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. આ કામગીરી દ્વારકા જિલ્લા એસપી જયરાજસિંહ વાળાના માર્ગદર્શન હેઠળ સલાયા મરીન પોલીસના પીઆઇ જે.એમ. ચાવડા તેમજ એએસઆઈ સંજયભાઈ બરારીયા, હેડ કોન્સ્ટેબલ પીઠાભાઈ જોગલ, વિપુલભાઈ ડાંગર, ઓમદેવસિંહ જાડેજા, કરણભાઈ સોંદરવા, સિદ્ધાર્થભાઇ સોલંકીએ કરી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

# ભારત-પાક સંબંધોની માનવીય પરીક્ષા

ભારત અને પાકિસ્તાન વચ્ચે રાજકીય સંબંધો દાયકાઓથી તણાવપૂર્ણ રહ્યા છે. સરહદ પરના વિવાદો, આતંકવાદ, ઘૂસણખોરી અને રાજદ્વારી મતભેદોની વચ્ચે એક એવો મુદ્દો છે જે રાજકારણ કરતાં વધુ માનવતા સાથે જોડાયેલો છેલબંને દેશોની જેલોમાં બંધ નાગરિકો અને માછીમારોનો પ્રશ્ન. દર વર્ષે બંને દેશો પરસ્પર પોતાની જેલોમાં રહેલા કેદીઓની યાદીનું વિનિમય કરે છે. આ પ્રક્રિયા માત્ર એક ઔપચારિકતા નથી, પરંતુ તે માનવ અધિકારો, આંતરરાષ્ટ્રીય જવાબદારી અને દ્વિપક્ષીય વિશ્વાસની કસોટી પણ છે.તાજેતરમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે કેદીઓની નવી યાદીની આપ-લે કરવામાં આવી છે. ઉપલબ્ધ સત્તાવાર માહિતી અનુસાર પાકિસ્તાને પોતાની જેલોમાં રહેલા ભારતીય અથવા ભારતીય હોવાનું માનવામાં આવતા નાગરિકો અને માછીમારોની વિગતો ભારતને સોંપી છે, જ્યારે ભારતે પણ પોતાની જેલોમાં રહેલા પાકિસ્તાની નાગરિકો અને માછીમારોની યાદી પાકિસ્તાનને આપી છે. સાથે જ ભારતે પાકિસ્તાનમાં રહેલા પોતાના નાગરિકોની વહેલી તકે મુક્તિ અને વતન વાપસીની માંગ પણ દોહરાવી છે.

આંકડાઓ માત્ર સંખ્યાઓ નથી. દરેક કેદી પાછળ એક પરિવારની આશા, એક માતાની પ્રાર્થના, એક પત્નીની રાહ અને સંતાનોની અપેક્ષા છુપાયેલી હોય છે. ખાસ કરીને દરિયાઈ સીમા અજાણતા ઓળંગી જનાર માછીમારોનો પ્રશ્ન અત્યંત સંવેદનશીલ છે. સમુદ્રમાં સ્પષ્ટ સરહદ ન હોવાને કારણે ઘણા માછીમારો અજાણતાં જ બીજા દેશના જળવિસ્તારમાં પ્રવેશી જાય છે અને પછી વર્ષો સુધી જેલમાં જીવન પસાર કરે છે. તેમનો ગુનો ઘણીવાર ઇરાદાપૂર્વકનો નહીં પરંતુ પરિસ્થિતિજન્ય હોય છે.બંને દેશો વચ્ચે વર્ષ ૨૦૦૮માં થયેલા કોન્સ્યુલર એક્સેસ કરાર મુજબ દર વર્ષે ૧ જાન્યુઆરી અને ૧ જુલાઈએ કેદીઓની યાદીનું વિનિમય કરવામાં આવે છે. આ વ્યવસ્થા પારદર્શિતા વધારવા અને કેદીઓને કોન્સ્યુલર સહાય મળી રહે તે માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે.પરંતુ માત્ર યાદી આપવાથી સમસ્યાનો અંત આવતો નથી. સૌથી મોટો પ્રશ્ન છેલકાયદાકીય કાર્યવાહી પૂર્ણ થયા પછી પણ કેદીઓ લાંબા સમય સુધી જેલમાં કેમ રહે છે? ઘણા કિસ્સાઓમાં ઓળખની પુષ્ટિ , દસ્તાવેજોની અછત, રાજદ્વારી પ્રક્રિયાની ધીમી ગતિ અથવા બંને દેશો વચ્ચેના તણાવને કારણે નિર્દોષ લોકો પણ વર્ષો સુધી જેલમાં અટવાયેલા રહે છે. માનવ અધિકારોના દૃષ્ટિકોણથી આ સ્થિતિ ચિંતાજનક છે.ભારતે છેલ્લા કેટલાક વર્ષોમાં પાકિસ્તાનમાં રહેલા પોતાના નાગરિકોની સુરક્ષા અને વહેલી મુક્તિ માટે સતત રાજદ્વારી પ્રયાસો કર્યા છે. બીજી તરફ ભારતે પોતાની જેલોમાં રહેલા પાકિસ્તાની કેદીઓના કેસોમાં પણ કાયદાકીય પ્રક્રિયા મુજબ કાર્યવાહી ચાલુ રાખી છે.

# વાદળોની જમાવટ વચ્ચે ઝળહળતું "જાળીયું તળાવ"....!!!



**ક્લિક કોર્નર**

- જયદીપ એ. દવે.

ભાવનગર મહાનગર પાલિકા દ્વારા અંદાજે સવા બે કરોડના ખર્ચે વિકાસ પામેલ સિદસર રોડ પર આવેલ " જાળીયું તળાવ " સ્થાનિક લોકોમાં લોકપ્રિય બનતું જાય છે. ખાસ કરીને મૉર્નિંગ વોકર્સ અને સાંજે ફરવા અને ચાલવા આવતા લોકો માટે એક સારો વિકલ્પ પુરવાર થઈ રહ્યું છે. સુંદર મજાનું પ્લાન્ટેશન, નીચેથી ઉપર સુધીનો વોક વે અને સરળ સીડી, આકર્ષક એન્ટ્રી ગેટ ઉપરાંત ઉપરથી પણ સમગ્ર તળાવનો વ્યુ માણી શકાય એવા સુંદર અનુભવ આપતું પેકેજ લોકોને આ તળાવની મુલાકાત લેવાનું ઈજન આપે છે. ત્યારે આકાશમાં તરતી વાદળીઓ , સૂર્યની સંતાકુકડી અને પર્યાપ્ત પાણીના કારણે મસ્ત માહોલ ખડો થયેલો દેખાય છે.



# ત્વચાને ચમકતી રાખશે આ નુસ્ખા

**વિશેષ**

'યે ચાંદ સા રોશન ચેહરા'

દુનિયાની કઈ કામિની એવી હશે જેને સુંદર દેખાવું ન ગમે? કોઈપણ મહિલાની ત્વચા તેના સૌંદર્યનું દર્પણ હોય છે. આ કારણે જ માનુનીઓ ત્વચાના રખોપાં કરવા, ચામડીને સદાયુવાન રાખવા કંઈકેટલાય નુસ્ખા અજમાવતી હોય છે. પરંતુ શું તમે જાણો છો કે વિટામીન 'ઈ' તમારી ત્વચાને સ્વસ્થ, કરચલી રહિત અને ચમકદાર બનાવે છે. આ વિટામીન ત્વચાને પ્રદૂષણ તેમ જ સૂર્યના પારાજાંબલી કિરણોથી થતાં નુકસાનથી બચાવે છે. તેના સિવાય તે ત્વચા નીચે રહેલા કોષોને સ્વસ્થ રાખે છે. અને જો રાત્રે સુવા જવાથી પહેલા ચોક્કસ પધ્ધતિથી વિટામીન 'ઈ'નો ઉપયોગ કરવામાં આવે તો ત્વચાને લાંબા વર્ષો સુધી યુવાન રાખી શકાય છે. ત્વચા નિષ્ણાતો તેના ઉપયોગ વિશે જાણકારી આપતાં કહે છે..,

લીંબુનો રસ : લીંબુના રસમાં રહેલું વિટામીન 'સી' ચહેરાની ચમક વધારવામાં સહાય કરે છે એ વાત સર્વવિદિત છે. પરંતુ જો લીંબુના રસમાં વિટામીન 'ઈ'ની એક કેપ્સુલ ફોડીને તેમાં રહેલું તેલ ભેળવીને ચહેરા પર લગાવવામાં આવે તો ચહેરો ખિલી ઉઠે છે. આ મિશ્રણ બનાવવા એક લીંબુનો રસ નિચોવી લો. તેમાં વિટામીન 'ઈ'ની કેપ્સુલ ઉપરથી સહેજ કાપીને તેમાં રહેલું તેલ કેપ્સુલ દબાવીને કાઢી લો. બંને પ્રવાહીને સારી રીતે ભેળવીને ચહેરા પર હળવા હાથે ફેશ્યલ કરતાં હો એ રીતે મસાજ કરો. હવે આ મિશ્રણ ૧૫થી ૨૦ મિનિટ સુધી રહેવા દો. ત્યાર પછી ચહેરો સાદા પાણી વડે ધોઈને સુવા જાઓ. રાતભર શરીર તેનું નિયમિત સમારકામ કરશે તેની સાથે તમારા કોષો પણ નવપલ્લવિત થશે. આમ તમે સવારના ઉઠશો ત્યારે તમારો ચહેરો એકદમ ખિલેલો દેખાશે.

મધ : મધમાં રહેલા એન્ટિબેક્ટેરિયલ ગુણો ચહેરા પરના ખિલ, ડાઘ, ધાબા દૂર કરવાનું કામ સરસ રીતે કરે છે. સાથે સાથે ચહેરાને ભીનાશ બક્ષે છે તે છોગામાં. તેથી જો મધમાં વિટામીન 'ઈ'ની કેપ્સુલમાં રહેલું તેલ ઉમેરીને બંને પ્રવાહીનું મિશ્રણ ચહેરા પર લગાવવામાં આવે તો તે ચમત્કારિક પરિણામ આપે છે.આ મિશ્રણ બનાવવા એક ટી-સ્પૂન મધમાં વિટામીન 'એ'ની એક કેપ્સુલ કાપીને તેમાં રહેલું તેલ ઉમેરો. તેને સારી પેઠે ભેળવીને ચહેરા પર હળવા હાથે લગાવો. થોડીવાર પછી સાદા પાણી વડે ચહેરો ધોઈ લો. આ મિશ્રણ ચહેરા પર રહેલી શુષ્કતા, સોજા, કરચલી દૂર કરવામાં મદદ કરે છે. રાત્રે સુવાથી પહેલા આ પ્રયોગ કરો અને નિરાંતે સુઈ જાઓ. આ પ્રયોગ સાથે શાંત નીંદ્રા મળવાથી પણ ત્વચા કાંતિવાન દેખાશે.

# ટ્યૂલિપ પાવર જનરેશન: ગ્રીન બિલ્ડીંગ ક્ષેત્રે નવી ક્રાંતિ

## ઊર્જા ક્રાંતિનો પ્રારંભ થઈ ચૂક્યો છે હવે સોલાર અને ટ્યૂલિપ વિન્ડ ટર્બાઈનના સંકલિત અભિગમનો આરંભ આપણા દેશમાં થઈ ચૂક્યો છે જેમાં ઉર્જા ક્ષેત્રે દરેક નવી ઈમારત સ્વાવલંબી બની રહી છે. દરેક નવી બનતી ઈમારત ટ્યૂલિપ વિન્ડ મીલ અને સોલાર પેનલથી સજ્જ હશે

**આસપાસ ચોપાસ** — સુરેશ ભટ્ટ

ભારતમાં બનતી હવે દરેક નવી ઈમારત યુલિપ નામની નવા પ્રકારની પવનચક્કીથી સજ્જ હશે આ બાબતમાં વધુ જાણકારી મેળવતા પહેલા વર્તમાન પરિસ્થિતિ અંગે થોડી જાણકારી મેળવવી જરૂરી છે.

વિશ્વ આજે ઊર્જા સંકટ, વધતા પ્રદૂષણ અને આબોહવા પરિવર્તન જેવા ગંભીર પડકારોનો સામનો કરી રહ્યું છે. આવી પરિસ્થિતિમાં પરંપરાગત કોલસા, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ પરની નિર્ભરતા ઘટાડીને સ્વચ્છ અને નવીનીકરણીય ઊર્જા તરફ આગળ વધવું સમયની માંગ બની ગયું છે. અત્યાર સુધી સૂર્ય ઉર્જા માટે સોલાર પેનલ સૌથી લોકપ્રિય વિકલ્પ માનવામાં આવતી હતી, પરંતુ હવે ટ્યૂલિપ આકારની નવી પેઢીની વિન્ડ ટર્બાઈન પણ ઝડપથી ચર્ચામાં આવી રહી છે. ઓછી જગ્યામાં વધુ કાર્યક્ષમતા, ઓછો અવાજ અને આકર્ષક ડિઝાઈનને કારણે આ નવી ટેક્નોલોજી ભવિષ્યની હરિત ઊર્જાનું મહત્વપૂર્ણ સાધન બની શકે છે. ભારત જેવા વિકાસશીલ દેશમાં જ્યાં વીજળીની માંગ દિવસેને દિવસે વધી રહી છે, ત્યાં સ્વચ્છ ઊર્જાના આ નવા સ્ત્રોતો દેશના ઊર્જા ભવિષ્યને આકાર આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. આ લેખમાં આપણે સોલાર પેનલ અને ટ્યૂલિપ વિન્ડ ટર્બાઈન બંનેની કાર્યપ્રણાલી, તેમની મર્યાદાઓ, ઉપયોગિતા અને ભવિષ્યની શક્યતાઓની સરખામણી કરીશું.

સોલાર પેનલ છેલ્લા દાયકામાં સામાન્ય નાગરિકો સુધી સરળતાથી પહોંચી છે. ઘરની છત, શાળાઓ, સરકારી કચેરીઓ, ઉદ્યોગો અને ખેતીમાં તેનો વ્યાપક ઉપયોગ થઈ રહ્યો છે. સૂર્યપ્રકાશને સીધો વીજળીમાં ફેરવતી આ ટેક્નોલોજી પર્યાવરણને કોઈ નુકસાન કરતી નથી અને એકવાર સ્થાપન પછી લાંબા સમય સુધી ઓછી જાળવણીમાં કાર્ય કરે છે. ભારત જેવા સૂર્યપ્રકાશથી સમૃદ્ધ દેશમાં સોલાર ઊર્જાની સંભાવના અત્યંત વિશાળ છે. સરકારની વિવિધ સહાય યોજનાઓને કારણે સામાન્ય પરિવારો પણ હવે સોલાર સિસ્ટમ અપનાવી રહ્યા છે. આ સિસ્ટમો ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં લાભદાયી સાબિત થઈ છે જ્યાં ગ્રિડ કનેક્શન મુશ્કેલ છે. સોલાર પેનલનું જીવનચક્ર સામાન્ય રીતે ૨૫ થી ૩૦ વર્ષનું હોય છે અને તે દરમિયાન લગભગ શૂન્ય કાર્બન ઉત્સર્જન કરે છે. આધુનિક સોલાર પેનલની કાર્યક્ષમતા પણ સતત વધી રહી છે અને હવે કેટલીક પેનલ ૨૨-૨૩ ટકા જેટલી કાર્યક્ષમતા પ્રાપ્ત કરી શકે છે. ઉપરાંત, સોલાર પેનલના ઉત્પાદનમાં થયેલી પ્રગતિએ તેમની કિંમતમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે જેના કારણે તે સામાન્ય માણસની પહોંચમાં આવી છે. સ્થાનિક ઉત્પાદન અને આયાત બંને વિકલ્પો સાથે હવે સોલાર પેનલ બજારમાં સ્પર્ધાત્મક ભાવે ઉપલબ્ધ છે. સરકારની સબસિડી યોજનાઓએ પણ આ ટેક્નોલોજીને અપનાવવામાં મોટો ફાળો આપ્યો છે, ખાસ કરીને રહેણાંક અને કૃષિ ક્ષેત્રે.

સોલાર ઊર્જાની મર્યાદાઓ અને પડકારો:

પરંતુ સોલાર પેનલની કેટલીક મર્યાદાઓ પણ છે. વરસાદી મોસમ, વાદળછાયું વાતાવરણ અથવા રાત્રિના સમયે વીજ ઉત્પાદન લગભગ બંધ થઈ જાય છે. સતત વીજળી મેળવવા માટે બેટરી અથવા ગ્રિડ પર આધાર રાખવો પડે છે. ઉપરાંત, મોટા પ્રમાણમાં વીજ ઉત્પાદન માટે વિશાળ જગ્યા જરૂરી બને છે. શહેરી વિસ્તારોમાં જગ્યાની અછતને કારણે મોટા સોલાર પ્લાન્ટ્સ સ્થાપવા પડકારજનક બની શકે છે. સોલાર પેનલની સફાઈ અને જાળવણી પણ એક મહત્વપૂર્ણ બાબત છે કારણ કે ધૂળ અને ગંદકી તેની કાર્યક્ષમતા ઘટાડે છે. વધુમાં, સોલાર પેનલના ઉત્પાદનમાં વપરાતા કેટલાક રસાયણો પર્યાવરણ માટે હાનિકારક હોઈ શકે છે, જો કે તેનું પ્રમાણ પરંપરાગત ઊર્જા સ્ત્રોતોની સરખામણીએ ઘણું ઓછું છે. સોલાર ઊર્જાનો બીજો મોટો પડકાર એ છે કે તેની ઉત્પાદન ક્ષમતા હવામાન પર ખૂબ નિર્ભર છે અને તેને નિયંત્રિત કરી શકાતી નથી. ઊર્જા સંગ્રહની ટેક્નોલોજી હજુ પણ ખર્ચાળ છે અને ઘરગથ્થુ સ્તરે મોટા પ્રમાણમાં બેટરી સ્થાપિત કરવી આર્થિક રીતે શક્ય નથી. આ બાબતે સોલાર ઊર્જાને સંપૂર્ણપણે વિશ્વસનીય ઉર્જા સ્ત્રોત બનવામાં અવરોધ ઉભો થાય છે.

આ મર્યાદાઓ વચ્ચે હવે ટ્યૂલિપ વિન્ડ ટર્બાઈન નવી આશા બનીને સામે આવી છે. પરંપરાગત પવનચક્કીની સરખામણીએ તેની રચના સંપૂર્ણપણે અલગ છે. ટ્યૂલિપના ફૂલ જેવી ડિઝાઈન ધરાવતી આ ટર્બાઈન ઓછી ઝડપના પવનમાં પણ કાર્ય કરી શકે છે. તે ચારેય દિશામાંથી આવતા પવનનો ઉપયોગ કરી શકે છે, તેથી તેને વારંવાર પવનની દિશા પ્રમાણે ફેરવવાની જરૂર પડતી નથી. આ ટેક્નોલોજી જાપાનની કંપની દ્વારા વિકસાવવામાં આવી છે અને ઘણા દેશોમાં તેનું પરીક્ષણ ચાલી રહ્યું છે. ટ્યૂલિપ વિન્ડ ટર્બાઈનનો મૂળ સિદ્ધાંત પરંપરાગત પવનચક્કી કરતાં જુદો છે કારણ કે તે પવનની ગતિ ઊર્જાને વધુ અસરકારક રીતે કેપ્ચર કરે છે. તેની ઊભી ધરીવાળી ડિઝાઈન ઓછી જગ્યામાં વધુ કાર્યક્ષમતા પ્રદાન કરે છે. આ ટર્બાઈનનો એક મહત્વપૂર્ણ ફાયદો એ છે કે તે પરંપરાગત પવનચક્કીની તુલનામાં ખૂબ ઓછો અવાજ ઉત્પન્ન કરે છે, જે તેને શહેરી અને રહેણાંક વિસ્તારો માટે આદર્શ બનાવે છે. તેની સૌંદર્યલક્ષી ડિઝાઈન પણ આકર્ષક છે જે આધુનિક ઈમારતો અને જાહેર સ્થળો સાથે સુસંગત બને છે. પરંપરાગત પવનચક્કીઓથી વિપરીત, ટ્યૂલિપ ટર્બાઈનને ઊંચા ટાવરની જરૂર નથી, જે તેને સ્થાપિત કરવામાં સરળ અને સસ્તી બનાવે છે. તેના ઘટકો પણ પરંપરાગત ટર્બાઈન કરતાં ઓછા જટિલ છે, જે જાળવણીને સરળ બનાવે છે.

આ નવી વિન્ડ ટર્બાઈનનો સૌથી મોટો લાભ એ છે કે તે પરંપરાગત પવનચક્કી કરતાં ઘણો ઓછો અવાજ કરે છે. શહેરોમાં અથવા રહેણાંક વિસ્તારોમાં તેનો ઉપયોગ સરળ બની શકે છે. તેની ડિઝાઈન પક્ષીઓ માટે પણ વધુ સુરક્ષિત માનવામાં આવે છે, કારણ કે ખુલ્લા અને ઝડપથી ફરતા મોટા બ્લેડનો ઉપયોગ થતો નથી. તેથી પર્યાવરણપ્રેમીઓ પણ આ ટેક્નોલોજીને આવકાર આપી રહ્યા છે. ટ્યૂલિપ વિન્ડ ટર્બાઈનની જાળવણીનો ખર્ચ પણ પરંપરાગત પવનચક્કી કરતાં ઓછો છે કારણ કે તેમાં ઓછા ગતિશીલ ઘટકો હોય છે. તેની કોમ્પેક્ટ ડિઝાઈન તેને ઈમારતોની છત, બાલ્કનીઓ અને નાના પ્લોટ પર સ્થાપિત કરવાની મંજૂરી આપે છે. આ ટર્બાઈન ઓછી ઝડપના પવનમાં પણ વીજળી ઉત્પન્ન કરી શકે છે, જે ભારતના મોટાભાગના વિસ્તારો માટે ઉપયોગી છે જ્યાં પવનની ઝડપ ખૂબ ઊંચી નથી. પરંપરાગત પવનચક્કીની તુલનામાં ટ્યૂલિપ ટર્બાઈનની કાર્યક્ષમતા પણ વધુ સારી છે, ખાસ કરીને ત્યારે જ્યારે પવનની દિશા બદલાતી રહે છે. તેના ઘટકો રિસાયકલ કરી શકાય તેવા હોવાથી તે પર્યાવરણ માટે વધુ અનુકૂળ છે. ઉપરાંત, આ ટર્બાઈનને ચલાવવા માટે જરૂરી તકનીકી કુશળતા પણ પ્રમાણમાં ઓછી છે, જે ગ્રામીણ વિસ્તારોમાં તેના ઉપયોગને સરળ બનાવે છે.

ટ્યૂલિપ વિન્ડ ટર્બાઈન ઓછી જગ્યામાં સ્થાપિત થઈ શકે છે. રહેણાંક મકાનો, હોટલો, ફાર્મહાઉસ, શૈક્ષણિક સંસ્થાઓ અને નાના ઉદ્યોગોમાં પણ તેનો ઉપયોગ શક્ય છે. જો કોઈ વિસ્તારમાં વર્ષભર મધ્યમ ગતિનો પવન ઉપલબ્ધ હોય તો તે દિવસ-રાત વીજળી ઉત્પન્ન કરી શકે છે. આ બાબત તેને સોલાર પેનલ કરતાં કેટલીક પરિસ્થિતિમાં વધુ ઉપયોગી બનાવે છે. ટ્યૂલિપ વિન્ડ ટર્બાઈનની સ્થાપન પ્રક્રિયા પણ સરળ છે અને તેને વિશેષ પાયાની જરૂર નથી, જે તેને ખર્ચ-અસરકારક બનાવે

આભાર - નિહારીકા રવિયા છે. આ ટર્બાઈનોને મોડ્યુલર સિસ્ટમમાં જોડી શકાય છે, જેથી ઊર્જાની માંગ પ્રમાણે ક્ષમતા વધારી શકાય. સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સ, કોમર્શિયલ કોમ્પ્લેક્સ અને સમુદાય કેન્દ્રો માટે આ ટેક્નોલોજી ખાસ કરીને ઉપયોગી છે. તેની કોમ્પેક્ટનેસને કારણે, ઘણી ટર્બાઈનોને એક સાથે લગાવીને વધુ વીજળી ઉત્પન્ન કરી શકાય છે. આ ટર્બાઈનોનો ઉપયોગ દૂરસ્થ વિસ્તારોમાં પણ થઈ શકે છે જ્યાં ગ્રિડ કનેક્શન ઉપલબ્ધ નથી. તેની ટકાઉપણું અને હવામાન પ્રતિકાર પણ ઉત્તમ છે, જે તેને વિવિધ આબોહવામાં ઉપયોગી બનાવે છે. શૈક્ષણિક સંસ્થાઓમાં તેનો ઉપયોગ વિદ્યાર્થીઓને નવીનીકરણીય ઊર્જા વિશે વ્યવહારુ શિક્ષણ આપવા માટે પણ થઈ શકે છે.

તેમ છતાં દરેક સ્થળ માટે એક જ ટેક્નોલોજી શ્રેષ્ઠ હોય એવું જરૂરી નથી. જ્યાં પૂરતો સૂર્યપ્રકાશ મળે છે ત્યાં સોલાર પેનલ વધુ લાભદાયી બની શકે છે, જ્યારે પવનવાળા વિસ્તારોમાં ટ્યૂલિપ ટર્બાઈન વધુ અસરકારક સાબિત થઈ શકે છે. ટ્યૂલિપ વિન્ડ ટર્બાઈનના પણ કેટલાક ગેરફાયદા છે. તેની ઊર્જા ઉત્પાદન ક્ષમતા હજુ પણ મોટા પરંપરાગત પવનચક્કી કરતાં ઓછી છે, તેથી મોટા પાયાના વ્યાપારી ઉત્પાદન માટે તે હજુ યોગ્ય નથી. આ ટેક્નોલોજી પ્રમાણમાં નવી છે અને તેનો લાંબા ગાળાનો ડેટા ઉપલબ્ધ નથી. તેની કાર્યક્ષમતા પણ વિસ્તારની પવનની પેટર્ન પર મોટા પ્રમાણમાં નિર્ભર છે અને બધા સ્થળો માટે યોગ્ય નથી. ટ્યૂલિપ ટર્બાઈનની ઉત્પાદન કિંમત હાલમાં પરંપરાગત પવનચક્કી કરતાં વધુ છે, જોકે સમય જતાં તે ઘટી શકે છે. આ ટર્બાઈનો માટે જરૂરી સ્પેરપાર્ટ્સ અને સેવા કેન્દ્રો હજુ ઘણા વિસ્તારોમાં ઉપલબ્ધ નથી. ઉપરાંત, ખૂબ ઊંચા પવનના વેગમાં આ ટર્બાઈનોને નુકસાન થઈ શકે છે, તેથી તેમને વધારાના સુરક્ષા સાધનોની જરૂર પડે છે. તેથી સ્થાનિક હવામાન, ખર્ચ, ઉપલબ્ધ જગ્યા અને વીજળીની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવો જોઈએ.

ભવિષ્યમાં સૌથી વધુ અસરકારક મોડેલ સોલાર અને વિન્ડ ઊર્જાના સંયોજનનું બની શકે છે. દિવસ દરમિયાન સોલાર પેનલ વીજળી ઉત્પન્ન કરે અને રાત્રે અથવા વાદળછાયા વાતાવરણમાં વિન્ડ ટર્બાઈન કાર્ય કરે તો વર્ષભર વધુ સ્થિર વીજ પુરવઠો મળી શકે. આ હાઈબ્રિડ મોડેલ વીજળીના ખર્ચમાં ઘટાડો કરવાની સાથે ઊર્જા સુરક્ષા પણ વધારી શકે છે. આ સંયોજનથી એક સિસ્ટમની ખામી બીજી સિસ્ટમ દ્વારા પૂરી થઈ શકે છે, જે સતત વીજ પુરવઠાની ખાતરી આપે છે. હાઈબ્રિડ સિસ્ટમમાં બેટરીની જરૂરિયાત પણ ઘટી શકે છે કારણ કે બંને સ્ત્રોતો મળીને વધુ સ્થિર ઉત્પાદન આપે છે. સ્માર્ટ એનર્જી મેનેજમેન્ટ સિસ્ટમ્સનો ઉપયોગ કરીને આ બંને સ્ત્રોતો વચ્ચે સ્વચાલિત સંતુલન જાળવી શકાય છે. આ હાઈબ્રિડ મોડેલ માત્ર ઘરગથ્થુ સ્તરે જ નહીં પણ સમુદાય, ઉદ્યોગ અને ગ્રિડ સ્તરે પણ લાગુ કરી શકાય છે. ઘણા દેશોમાં હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સ સફળતાપૂર્વક કાર્યરત છે અને તેના પરિણામો ઉત્સાહજનક છે. આ મોડેલ ઊર્જા વૈવિધ્યકરણને પ્રોત્સાહન આપે છે અને એક સ્ત્રોત પર નિર્ભરતા ઘટાડે છે. ભવિષ્યમાં, આ બંને ટેક્નોલોજીઓ સાથે બાયોગેસ, હાઈડ્રોજન જેવા અન્ય સ્વચ્છ ઊર્જા સ્ત્રોતોને પણ સંકલિત કરી શકાય છે. આ વ્યાપક અભિગમ સાથે આપણે સંપૂર્ણપણે કાર્બન-મુક્ત ઊર્જા વ્યવસ્થા તરફ આગળ વધી શકીએ છીએ.

ભારત માટે આ દિશા અત્યંત મહત્વપૂર્ણ છે. દેશ ઝડપથી ઊર્જાની વધતી માંગનો સામનો કરી રહ્યો છે. જો સ્વચ્છ ઊર્જાના આવા આધુનિક વિકલ્પોને પ્રોત્સાહન આપવામાં આવે, સ્થાનિક ઉત્પાદન વધારવામાં આવે અને સંશોધનને પ્રોત્સાહન મળે તો આયાતી ઈંધણ પરની નિર્ભરતા પણ ઘટી શકે. તેનાથી રોજગારીની નવી તકો ઊભી થશે અને કાર્બન ઉત્સર્જનમાં પણ નોંધપાત્ર ઘટાડો થશે. ભારતે પેરિસ કરાર હેઠળ કાર્બન ઉત્સર્જન ઘટાડવાની પ્રતિબદ્ધતા લીધી છે અને સ્વચ્છ ઊર્જા આ લક્ષ્યને પ્રાપ્ત કરવાની ચાવી છે. આ ટેક્નોલોજીઓ ખાસ કરીને ભારતના દરિયાકાંઠાના વિસ્તારો,




ઈમેજ એઆઈ દ્વારા જનરેટ

ગુજરાત, મહારાષ્ટ્ર, તમિલનાડુ જેવા પવન-સમૃદ્ધ રાજ્યો માટે ખૂબ ઉપયોગી બની શકે છે. તે જ સમયે, દેશના મોટાભાગના વિસ્તારોમાં વર્ષભર પુષ્કળ સૂર્યપ્રકાશ ઉપલબ્ધ છે, જે સોલાર ઊર્જાને અન્ય કોઈ દેશ કરતાં ભારત માટે વધુ યોગ્ય બનાવે છે. સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન આપીને આ ટેક્નોલોજીઓનું ઉત્પાદન ભારતમાં જ થાય તે સુનિશ્ચિત કરવું જોઈએ, જેથી આયાતી બોજ ઘટે અને રોજગારી ઊભી થાય. સરકારી નીતિઓ, સબસિડી અને કર પ્રોત્સાહનો દ્વારા આ ટેક્નોલોજીઓને વધુ સુલભ બનાવી શકાય છે. વધુમાં, ગ્રામીણ વિસ્તારોમાં માઈક્રોગ્રિડ અને સ્વયંસંચાલિત ઊર્જા વ્યવસ્થાઓ સ્થાપિત કરીને ડિજિટલ ડિવાઈડ ઘટાડી શકાય છે.હરિત ઊર્જા હવે માત્ર પર્યાવરણ બચાવવાનો વિષય નથી, પરંતુ આર્થિક વિકાસ અને ઊર્જા સ્વાવલંબન સાથે પણ જોડાયેલી છે. સોલાર પેનલ હોય કે નવી પેઢીની ટ્યૂલિપ વિન્ડ ટર્બાઈન, બંને ટેક્નોલોજી એકબીજાની હરીફ નહીં પરંતુ પૂરક બની શકે છે. યોગ્ય આયોજન, વૈજ્ઞાનિક અભિગમ અને સરકાર-સમાજના સહયોગથી ભારત સ્વચ્છ ઊર્જાના ક્ષેત્રમાં વિશ્વનું અગ્રણી રાષ્ટ્ર બની શકે છે. હરિત ઊર્જા ક્ષેત્રે રોજગારીની તકો પણ વિપુલ છે - સોલાર પેનલ ઈન્સ્ટોલેશન, જાળવણી, સંશોધન, ઉત્પાદન, વેચાણ અને સેવા ક્ષેત્રે લાખો લોકોને રોજગારી મળી શકે છે.

# ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની ટીમ ઓફ ધ ટુર્નામેન્ટમાં ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડના ખેલાડીઓનો દબદબો

## ભારતની યુવા સ્પિનરે પણ તેના ઉત્કૃષ્ટ પ્રદર્શનને કારણે આ પ્રતિષ્ઠિત ટીમમાં સ્થાન મેળવ્યું




નવીદિલ્હી,
આઈસીસી મહિલા ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ના સમાપન પછી, આઈસીસીએ ટુર્નામેન્ટની શ્રેષ્ઠ પ્લેઈંગ ઈલેવનની જાહેરાત કરી છે. આ ટીમમાં એવી ખેલાડીઓનો સમાવેશ થાય છે જેમણે સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન પોતાના પ્રદર્શનથી સૌથી વધુ પ્રભાવ પાડ્યો હતો. ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા અને રનર્સ-અપ ઈંગ્લેન્ડની ખેલાડીઓએ આ ટીમ પર પ્રભુત્વ મેળવ્યું હતું. દરમિયાન, ભારતની યુવા સ્પિનરે પણ તેના ઉત્કૃષ્ટ પ્રદર્શનને કારણે આ પ્રતિષ્ઠિત ટીમમાં સ્થાન મેળવ્યું.દક્ષિણ આફ્રિકા, આયર્લેન્ડ અને પાકિસ્તાનના ખેલાડીઓને પણ આ એકસઆઈમાં સ્થાન મળ્યું. મહિલા ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માટે આઈસીસી ટીમ ઓફ ધ ટુર્નામેન્ટમાં ડેની વ્યાટ-હોજ, બેથ મૂની, તાજમિન બ્રિટ્સ, નેટ સાયવર-બ્રન્ટ, ઓર્લા પ્રેન્ડરગાસ્ટ, મેરિઝાન કેપ, એલિસ પેરી, સોફી મોલિનેક્સ (કેપ્ટન), સોફી એક્લેસ્ટોન, શ્રી ચારાની અને ફાતિમા સનાનો સમાવેશ થાય છે. આ ટીમમાં સમગ્ર ટુર્નામેન્ટમાં સૌથી મોટો પ્રભાવ પાડનાર ખેલાડીઓનો સમાવેશ થાય છે.

ઓસ્ટ્રેલિયાએ ફરી એકવાર મહિલા ક્રિકેટમાં પોતાનું વર્ચસ્વ સાબિત કર્યું, રેકોર્ડ સાતમી વખત મહિલા ટી ૨૦ વર્લ્ડ કપ જીત્યો. નોંધનીય છે કે, ટીમ સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન અજેય રહી. લોર્ડ્સમાં રમાયેલી ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાએ યજમાન ઈંગ્લેન્ડને સાત વિકેટથી હરાવીને ટ્રોફી જીતી. ઓસ્ટ્રેલિયાએ મજબૂત બેટિંગ અને તીક્ષ્ણ બોલિંગથી ટુર્નામેન્ટમાં પ્રભુત્વ મેળવ્યું.ઈંગ્લેન્ડની ઓપનર ડેની વ્યાટ-હોજને આઈસીસી ટીમ ઓફ ધ ટુર્નામેન્ટમાં સ્થાન આપવામાં આવ્યું છે, જેણે ૩૦૨ રન સાથે ટુર્નામેન્ટનું નેતૃત્વ કર્યું છે. તે મહિલા ટી ૨૦ વર્લ્ડ કપના એક જ આવૃત્તિમાં ૩૦૦ થી વધુ રન બનાવનારી પ્રથમ ખેલાડી પણ બની છે. ઓસ્ટ્રેલિયાની સ્ટાર બેટ્સમેન બેથ મૂનીને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ તરીકે પસંદ કરવામાં આવી છે. તેણીએ ૨૩૮ રન બનાવ્યા અને ટીમની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી, સેમિફાઇનલ અને ફાઇનલ બંનેમાં અડધી સદી ફટકારી.

# સમસ્યા બિશ્નોઈની બોલિંગ એક્શનમાં નહીં, પરંતુ તેના બદલાયેલા રન-અપમાં છે : મુરલી કાર્તિક



નવીદિલ્હી,
ઈંગ્લેન્ડ સામેની બીજી ટી ૨૦માં રવિ બિશ્નોઈના વારંવાર બેક-ફૂટ નો-બોલથી ભારતને નોંધપાત્ર નુકસાન થયું. ભૂતપૂર્વ ભારતીય સ્પિનર મુરલી કાર્તિકે હવે એક જ ઓવરમાં ૨૯ રન આપીને બિશ્નોઈની સમસ્યાનું ટેકનિકલ વિશ્લેષણ પૂરું પાડ્યું છે. કાર્તિક માને છે કે સમસ્યા બિશ્નોઈની બોલિંગ એક્શનમાં નથી, પરંતુ તેના બદલાયેલા રન-અપમાં છે. તેમણે કહ્યું કે જો બિશ્નોઈ તેના જૂના, ટૂંકા સી-આકારના રન-અપમાં પાછો ફરે છે, તો તે તેની બોલિંગ એક્શન બદલ્યા વિના આ સમસ્યાને દૂર કરી શકે છે.ભૂતપૂર્વ ભારતીય ડાબોડી સ્પિનર મુરલી કાર્તિકે પીટીઆઈને જણાવ્યું હતું કે રવિ બિશ્નોઈના બેક-ફૂટ નો-બોલની સમસ્યા ક્રીઝ પરના તેના અભિગમ અને બોલિંગ પહેલાં તેની શરીરની સ્થિતિ સાથે સંબંધિત છે. તેમણે કહ્યું કે તેમનું માનવું છે કે બેક-ફૂટ નો-બોલ તેના રન-અપ અને ભારને કારણે થાય છે. રવિ બિશ્નોઈનો રન-અપ વર્ષોથી બદલાતો રહ્યો છે. આઈપીએલ દરમિયાન પણ, તેનો રન-અપ અર્ધ-વર્તુળ જેવો દેખાતો હતો. આ રીતે તે તેની બોલિંગ પોઝિશન પર દોડે છે.કાર્તિકના મતે, રવિ બિશ્નોઈ પરંપરાગત લેગ સ્પિનર નથી, પરંતુ મુખ્યત્વે ગુગલી બોલર છે. આ જ કારણ છે કે તેની બોલિંગ એક્શન થોડી અલગ દેખાય છે. તેમણે સમજાવ્યું કે લેગ સ્પિનર તરીકે, બોલ છોડતી વખતે તમારો હાથ તમારા કાનથી થોડો દૂર હોવો જોઈએ જેથી તેને વધુ સ્પિન મળે.

# નીતિશ કુમાર રેડ્ડી ઈંગ્લેન્ડ સામેની વનડે શ્રેણીમાંથી બહાર, શિવમ દુબેને મળી તક



નવીદિલ્હી,
ઈંગ્લેન્ડ સામેની વનડે શ્રેણી શરૂ થાય તે પહેલાં, ભારતીય ટીમમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. ઈજાને કારણે લાંબા સમયથી રમતની બહાર રહેલા ઓલરાઉન્ડર નીતિશ કુમાર રેડ્ડી હવે આખી વનડે શ્રેણીમાંથી બહાર થઈ ગયા છે.બીસીસીઆઈ પસંદગી સમિતિએ તેમના સ્થાને ઓલરાઉન્ડર શિવમ દુબેનો સમાવેશ કર્યો છે.બીસીસીઆઈએ ૬ જુલાઈના રોજ સત્તાવાર રીતે આ જાહેરાત કરી હતી. નીતિશ કુમાર રેડ્ડી હજુ સુધી ક્વાડ્રિસેપ્સ ઈજામાંથી સંપૂર્ણપણે સ્વસ્થ થયા નથી, જે તેમને અફઘાનિસ્તાન સામેની ત્રીજી વનડે દરમિયાન જાંઘના સ્નાયુમાં થયેલી ઈજા હતી. આના કારણે તેઓ મેદાનમાં પાછા ફરતા રોકાયા છે, અને હાલમાં તે સ્પષ્ટ નથી કે તેઓ ક્યારે ફિટ થશે અને ક્રિકેટમાં પાછા ફરવા સક્ષમ બનશે. રેડ્ડી અગાઉ આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ સામેની ટી ૨૦ શ્રેણી ચૂકી ગયા હતા. હવે તેઓ ૧૪ જુલાઈથી શરૂ થનારી ઈંગ્લેન્ડ સામેની ત્રણ મેચની વનડે શ્રેણીમાંથી બહાર થઈ જશે. આ શ્રેણી ૧૯ જુલાઈ સુધી રમાશે.ખરેખર, હાર્દિક પંડ્યાની ઈજા બાદ નીતિશ કુમાર રેડ્ડી પાસે વનડે ટીમમાં પોતાનું સ્થાન મજબૂત કરવાની સુવર્ણ તક હતી. હાર્દિક હાલમાં બેંગલુરુમાં સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે પુનર્વસન હેઠળ છે. પરંતુ રેડ્ડીની ઈજાએ તેમની આશાઓ પર પાણી ફેરવી દીધું, જેના કારણે તેઓ આ મહત્વપૂર્ણ શ્રેણીમાંથી બહાર થઈ ગયા. વધુમાં, ૨૩ જુલાઈથી શરૂ થનારી ઝિમ્બાબ્વે સામેની ટી ૨૦ શ્રેણી માટે તેને ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવ્યો ન હતો. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે પસંદગીકારો તેને સંપૂર્ણ ફિટનેસ પ્રાપ્ત કરવા માટે પૂરતો આરામ આપવા માંગે છે.

આ દરમિયાન, ઝિમ્બાબ્વે પ્રવાસ માટે જાહેર કરાયેલી ભારતીય ટી ૨૦ ટીમમાં પણ ઘણા આશ્ચર્યજનક નિર્ણયો લેવામાં આવ્યા.

# ટીમ ઈન્ડિયાના અનુભવી બેટ્સમેન રોહિત શર્માએ વનડે શ્રેણી માટે તૈયારીઓ શરૂ કરી



નવીદિલ્હી,
ભારતીય ટીમ હાલમાં ઈંગ્લેન્ડના પ્રવાસે છે. બંને ટીમો વચ્ચે હાલમાં પાંચ મેચની ટી ૨૦ શ્રેણી ચાલી રહી છે. આ પછી, બંને ટીમો ત્રણ મેચની વનડે શ્રેણીમાં એકબીજાનો સામનો કરશે. આ શ્રેણીની પહેલી મેચ ૧૪ જુલાઈએ રમાશે. બીસીસીઆઈએ ઘણા દિવસો પહેલા આ વનડે શ્રેણી માટે ટીમોની જાહેરાત કરી હતી. રોહિત અને વિરાટ આ શ્રેણી માટે ટીમ ઈન્ડિયાનો ભાગ છે. આ દરમિયાન, ટીમ ઈન્ડિયાના અનુભવી બેટ્સમેન રોહિત શર્માએ વનડે શ્રેણી માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે.

રોહિત શર્મા તાજેતરમાં નેટ્સમાં બેટિંગ કરતો જોવા મળ્યો હતો. તેણે ત્યાં ખૂબ જ પ્રેક્ટિસ કરી અને કેટલાક મોટા શોટ પણ માર્યા. ઈંગ્લેન્ડ પ્રવાસ પહેલા રોહિતનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં, તે સ્ટ્રેટ ડ્રાઈવ અને કવર ડ્રાઈવ જેવા ઉત્તમ શોટ રમતા જોવા મળી રહ્યો છે. ચાહકોને આશા છે કે રોહિત ઈંગ્લેન્ડ સામેની મેચોમાં મોટી અને સારી ઈનિંગ્સ રમશે. અફઘાનિસ્તાન સામેની પાછલી વનડે શ્રેણીમાં તેનું પ્રદર્શન ખાસ પ્રભાવશાળી નહોતું, પરંતુ તેણે ત્રીજી મેચમાં અડધી સદી ફટકારી હતી.

૨૦૨૬નું વર્ષ રોહિત શર્મા માટે અત્યાર સુધી બહુ સારું રહ્યું નથી. તેથી, તે તેના જૂના વિસ્ફોટક ફોર્મમાં પાછા ફરવા અને ઈંગ્લેન્ડ સામે મોટી ઈનિંગ્સ રમવાનો પ્રયાસ કરશે. રોહિત હવે ફક્ત વનડે ફોર્મેટમાં જ રમે છે, અને ૨૦૨૭ વર્લ્ડ કપ પહેલા ટીમમાં તેના સ્થાન અંગે સતત પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. તાજેતરમાં, રોહિતે અફઘાનિસ્તાન સામેની ત્રણ મેચમાં ૩૪ ની સરેરાશથી ૨૦૪ રન બનાવ્યા. તેણે ત્રીજી મેચમાં ૭૯ રનની અડધી સદી ફટકારી.

# ફિલ્મ 'સતલુજ' અલગ નામથી રિલીઝ કરી દેવાતા સરકારે મુદ્દાને ગંભીરતાથી લીધો



મુંબઈ,
ઘણી બધી એવી ફિલ્મો હોય છે જેની સામે સેન્સરબોર્ડ એક્શન લે છે, ઘણીવાર સત્યઘટનાથી પ્રેરિત કે સત્યઘટનાથી નજીક રહેલા કિસ્સાઓ પર જ્યારે ફિલ્મ તૈયાર થાય છે એમાં તથ્યોને લઈને ઘણીવાર વિવાદ થાય છે. હવે દિલજીત દોસાંજની ફિલ્મ 'સતલુજ' ના કોન્ટેટને લઈને મામલો વિવાદમાં આવ્યો છે. આ માટે સૂચના તથા પ્રસારણ મંત્રાલયે ફિલ્મ માટે હાઈ લેવલ ઈન્ટર ડિપાર્ટમેન્ટ કમિટી તૈયાર કરી છે. હાલમાં પંજાબમાં એક માનવાધિકાર કાર્યકર્તા લાપતા થઈ ગયા છે એના પર સમગ્ર ફિલ્મ કેન્દ્રીત છે. આ કમિટીનું નિર્માણ સોમવારે કરવામાં આવ્યું પછી સમગ્ર વિવાદને વધારે વેગ મળ્યો હતો. પંજાબના માઈલસ્ટોન સિંગર અને એક્ટર 'પંજાબ ૯૫' નામની એક ફિલ્મ તૈયાર કરી હતી જેમાં સેન્સર બોર્ડ પાસે કોઈ કારણોસર આ ફિલ્મ અટકી રહી, આ પછી ફિલ્મ 'સતલજ' શુક્રવારે ઓટીટી પ્લેટફોર્મ પર સ્ટ્રિમ કરવામાં આવી પણ બે દિવસ બાદ જ આ ફિલ્મને ઓટીટી પ્લેટફોર્મ પરથી દૂર કરી દેવામાં આવી. ખરેખર તો આ ફિલ્મ પંજાબના એક સમયના જાણીતા એક્ટિવિસ્ટ જસવંતસિંહ ખાલરા પર આધારિત છે. જેને વર્ષ ૧૯૮૪થી વર્ષ ૧૯૯૪ સુધી પંજાબમાં અજાણ્યા મૃતદેહના અંતિમસંસ્કારની તપાસ કરી હતી. વર્ષ ૧૯૯૫માં એમનું અપહરણ થયું એ પછી તેઓ ક્યારેય જોવા મળ્યા જ નથી. આખી વાર્તા આના પર છે. આ ફિલ્મમાં જસવંતસિંહ ખાલરાનો રોલ દિલજીત દોસાંજે પ્લે કર્યો છે. સરકારે સુરક્ષાનો મુદ્દો આગળ કરીને આ ફિલ્મને ઓટીટી પર સ્ટ્રિમ થવા પર રોકી લીધી છે.

# અભિનેતા અર્જુન કપૂરની બહેન અંશુલા કપૂર રોહન ઠક્કર સાથે લગ્નગ્રંથિથી જોડાઈ



મુંબઈ,
બોલીવુડ અભિનેતા અર્જુન કપૂરની બહેન અને સોશિયલ મીડિયા પ્રભાવક અંશુલા કપૂર હવે શ્રીમતી અંશુલા છે. અંશુલા આજે મુંબઈના તાજ લેન્ડ્સમાં રોહન ઠક્કર સાથે લગ્નગ્રંથિથી જોડાઈ ગઈ છે, અને સમારંભના ફોટા સામે આવ્યા છે. આ દંપતીએ સોમવારે રાત્રે તેમના લગ્નના પ્રથમ સત્તાવાર ફોટા શેર કર્યા હતા, જેનાથી ચાહકોને નજીકના મિત્રો અને પરિવારજનો દ્વારા હાજરી આપેલા ખાનગી સમારંભની ઝલક મળી હતી. અંશુલા અને રોહન ઠક્કરે પરંપરાગત હિન્દુ રીતિ-રિવાજોથી લગ્ન કર્યા, જે તેમના જીવનમાં એક નવા અધ્યાયની શરૂઆત દર્શાવે છે.અંશુલા કપૂરે પોતે સોશિયલ મીડિયા પર તેના લગ્નના ફોટા શેર કર્યા હતા, જેમાં તેણી સુંદર ગુલાબી લહેંગામાં જોવા મળી હતી, જ્યારે રોહન શેરવાનીમાં જોવા મળ્યો હતો. અહેવાલ છે કે લગ્ન પહેલા, અર્જુન કપૂરે મીડિયા અને પાપારાઝીને સ્થળની બહાર ભેગા ન થવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે અંશુલાનું લગ્ન એક પારિવારિક બાબત હતી અને ગોપનીયતા રાખવા કહ્યું હતું. જો કે, એવી અફવાઓ છે કે આ દંપતી મંગળવારે લગ્નનું રિસેપ્શન યોજશે, જેમાં ઉદ્યોગના ઘણા અગ્રણી વ્યક્તિઓ હાજરી આપશે.

અંશુલાએ સોશિયલ મીડિયા પર તેના લગ્નના ફોટા શેર કર્યા અને રોહન માટે એક હૃદયસ્પર્શી નોંધ લખી. પોતાની પોસ્ટમાં અંશુલાએ લખ્યું, "૦૬.૦૭.૨૦૨૬. આટલા બધા લોકોમાંથી, આટલા બધા સ્થળોમાંથી, આટલા બધા સમયથી... તે તું જ હતી. અને કોઈક રીતે, દરેક ઉતાર-ચઢાવ, દરેક વળાંક અને વળાંક, અને દરેક આશ્ચર્ય વચ્ચે, તે હજુ પણ તું જ છે. મારી પ્રિય વાતચીત. મારી સૌથી સુરક્ષિત જગ્યા. મારી સૌથી સરળ પસંદગી. હંમેશા તું."અંશુલાએ શેર કરેલા ફોટામાં, ખુશી અને જાહ્નવી બધી બહેન જેવી વિધિઓ કરતી જોઈ શકાય છે. બંને અંશુલાની બાજુમાં પડછાયાની જેમ રહી, તેની બહેનની ખુશીમાં આનંદ માણી રહી. લગ્નના ફોટામાં અંશુલા પણ ખૂબ જ ખુશ દેખાઈ રહી છે. એક ફોટામાં અર્જુન કપૂર અને અંશુલા કપૂરની માતા મોના શૌરી પણ છે, જેણે બધાનું ધ્યાન ખેંચ્યું.અંશુલા કપૂરના પતિ અને બોની કપૂરના જમાઈ, રોહન ઠક્કર પણ ફિલ્મ ઉદ્યોગનો એક ભાગ છે. પટકથા લેખક, તેઓ કરણ જોહરની કંપની, ધર્માટિક એન્ટરટેઈનમેન્ટ સાથે કામ કરે છે. તેમણે "ધ નોવેલિસ્ટ" (૨૦૧૬) અને "નેવર ટૂ લેટ" (૨૦૧૬) જેવી ટૂંકી ફિલ્મો લખી છે.

# શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક | કા | બા | ક્રો | ર | સ | ર | વા | ળો | જ્ઞા | દા | ઓ |
| સા | ળ | વિ | ર | ળો | ણ | વિ | ચા | ર | ણા | સા | ચા |
| વિ | જ્ઞા | ન | જ્ઞા | સા | શિ | કા | મ | સા | ર | ભો | શ |
| ન | ધ | ર | ઐ | ક | ખ | ર | ર | અ | લ | મો | ભો |
| ગ | વિ | ચા | સા | ત | કુ | ચા | હા | શિ | ક્ષ | સ | હા |
| ણિ | બા | સ | શ | લી | કી | ગ | ક્ષ | ર | સ | ળ | ભ |
| ન | ત | ધ | કુ | લ | બં | ણ | મ | કા | બં | ગ | ક |
| લ | લ | અ | ળ | અઃ | ભો | ર | સા | ણ | ર | ધ | ભો |
| વિ | કી | શિ | તુ | સ | લ | મ | ર | ગ | ક | શિ | સ |
| શિ | બા | ભો | લી | કા | શિ | મા | ળો | દ | ડો | આ | તુ |
| મા | ક્ષ | ર | મા | ક | ઔ | સ | તુ | દ | ભો | અ | શ |
| અ | મા | ક | મ | વ | કા | સા | ળો | બં | ધ | કી | અ |

શબ્દ શોધો
મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

# રિયાલિટી શો લોકઅપ-૨ માં આકાંક્ષા ચમોલાએ તેના જીવન વિશે અનેક રહસ્યો જાહેર કર્યા



મુંબઈ,
આકાંક્ષા ચમોલા છેલ્લા કેટલાક દિવસોથી હેડલાઈન્સમાં છે. તાજેતરમાં, રિયાલિટી શો લોક અપ ૨ માં, આકાંક્ષાએ તેના જીવન વિશે ઘણા મહત્વપૂર્ણ રહસ્યો શેર કર્યા. તેણીએ એ પણ ખુલાસો કર્યો કે તે બાયસેક્સ્યુઅલ છે. વધુમાં, તેણીએ ખુલાસો કર્યો કે તેણી લગ્ન પહેલા છોકરીઓ સાથે સંબંધો ધરાવતી હતી. શ્રેયા કાલરાએ આકાંક્ષાના આ રહસ્યો જાહેર કર્યા. હવે, આકાંક્ષાએ આ વાતની પુષ્ટિ કરી છે. આકાંક્ષાએ યજમાન રિતેશ દેશમુખ અને ફરાહ ખાનને પુષ્ટિ આપી હતી કે ગૌરવ ખન્ના સાથે લગ્ન કરતા પહેલા તેના કેટલીક સ્ત્રીઓ સાથે સંબંધો હતા. તેણીએ કહ્યું હતું કે સ્ત્રીઓ તેની સલામત જગ્યા છે.જ્યારે આકાંક્ષા ચમોલાને તેના રહસ્ય વિશે ખુલાસો કરવાનું કહેવામાં આવ્યું, ત્યારે તેણીએ કહ્યું, "તો, હું લગ્ન પહેલા બાયસેક્સ્યુઅલ હતી. મારા કેટલીક છોકરીઓ સાથે સંબંધો હતા. બહુ ઘનિષ્ઠ સંબંધો નહોતા, પણ હું કેટલીક સ્ત્રીઓ સાથે સંબંધોમાં રહી છું. અને, બસ, મને છોકરીઓ ગમે છે." તેણીએ આગળ ઉમેર્યું, "હું તેમની પ્રશંસા કરું છું. હું મુખ્યત્વે તેમના તરફ આકર્ષિત છું. મને લાગે છે કે તે મારી સલામત જગ્યા છે. મોટી થતાં, મને એવું લાગતું હતું કે તે ખૂબ જ પુરુષ-પ્રધાન દુનિયા હતી, અને તમે હંમેશા તમારી મમ્મી, તમારી બહેનો તરફ વળ્યા, અને મને તેઓએ આપેલો કમ્ફર્ટ ઝોન ગમ્યો." આકાંક્ષાએ આગળ કહ્યું, "મને તે સ્ત્રીની ઉર્જા ગમે છે." મને લાગે છે કે હું તેના પર ખીલી છું.

# ફિટનેસ ક્વીન શ્વેતા તિવારીના બ્લેક મોનોક્રોમ લુકે સોશિયલ મીડિયા પર મચાવી ધમાલ



મુંબઈ,
ટેલિવિઝન જગતની સુંદર અભિનેત્રી શ્વેતા તિવારીની સુંદરતાથી તેના ચાહકો પરિચિત છે. ૪૫ વર્ષીય શ્વેતા તિવારી પોતાની ફિટનેસ અને પોતાના ગ્લેમરસ અંદાજના લીધે હંમેશાં ચર્ચામાં રહે છે. શ્વેતાની ફિટનેસ એટલી ગજબ છે કે તે હજી પણ ૩૦ વર્ષની યુવતી જેવી દેખાય છે. તાજેતરમાં જ અભિનેત્રીએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક પોસ્ટ શેર કરી હતી, જેમાં તે બ્લેક આઉટફિટમાં ખૂબ જ બોલ્ડ અને સુંદર લાગી રહી હતી. તેની તસવીરો પણ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવ્યા પછી તેના પર કમેન્ટ કરતા થાકતા નહોતા.બ્લેક મોનોક્રોમ લુક લોકોએ પસંદ પણ કર્યો હતો. શ્વેતાના આ ઓલ બ્લેક આઉટફીટને મોડર્ન ટેલર્ડ સિલહૂટ સાથે સ્ટાઈલ કરવામાં આવ્યો હતો. ફૂલ સ્લીવ ટોપ અને ડ્રેપ્ડ સ્કર્ટનું કોમ્બિનેશન સુંદર લાગી રહ્યું હતું. જોકે, આ લૂકમાં શ્વેતા બ્યુટી ઈન બ્લેક લાગી રહી હોવાની પણ કમેન્ટ કરી હતી. પોતાની દીકરીને પણ ટક્કર આપનારી શ્વેતાએ સોફ્ટ વેવી હેર અને ન્યૂડ મેકઅપ લુક કેરી કર્યો છે. એક્ટ્રેસનો આ લુક ખૂબ જ આકર્ષક અને ગ્લેમરસ લાગી રહ્યો છે. તમે પણ જો કોઈ પાર્ટી કે કોઈ સેલિબ્રેશનના ઓકેશન માટે આઉટફિટ શોધી રહ્યા હોવ તો શ્વેતાના આ લુકથી ઈન્સ્પિરેશન લઈ શકો છો.

# જામનગરમાં પીજીવીસીએલ દ્વારા સલામતી સપ્તાહની ઉજવણી અંતર્ગત રેલી






જામનગર : જામનગર જિલ્લા સલામતી સપ્તાહની ઉજવણી અંતર્ગત પશ્ચિમ ગુજરાત વીજ કંપની દ્વારા વીજ સલામતી અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવા માટે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી લાલ બંગલા સ્થિત વીજ કચેરીથી પ્રસ્થાન કરી શહેરના વિવિધ માર્ગો પર ફરી જાગૃતિનો સંદેશ આપ્યા બાદ ફરી લાલ બંગલા વીજ કચેરીમાં પૂર્ણ થઈ હતી. આ રેલી દરમિયાન અધિકારીઓ અને કર્મચારીઓએ વીજ સલામતી, વીજ અકસ્માતોથી બચવાના ઉપાયો તેમજ વીજળીનો સુરક્ષિત ઉપયોગ કરવા અંગે લોકોને માહિતગાર કર્યા હતા. જિલ્લા સલામતી સપ્તાહના ભાગરૂપે આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય હેતુ જનજાગૃતિ વધારવાનો અને સલામતી પ્રત્યે લોકોમાં જાગૃતિ લાવવાનો હતો.

# બરડીયામાં સાત વર્ષ પહેલા પોલીસની ફરજ રૂકાવટના કેસમાં આરોપીઓ નિર્દોષ

દ્વારકા : વર્ષ ૨૦૧૯ના અરસામાં દ્વારકા તાલુકાના બરડીયાના રહીશ આરોપી હિરાભાના ઘરે દ્વારકા પી.આઈ. તથા અન્ય પોલીસકર્મીઓના કાફલાએ ઈંગ્લીશ દારૂ અંગે રેઈડ કરવા ગયેલ દરમ્યાન પોલીસકર્મીઓને ફરજમાં રૂકાવટ કરી, પોલીસકર્મીઓને માર મારી ઈજા પહોંચાડવા, ભુંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપવા સબંધે દ્વારકા પોલીસે આરોપી વેરસીભા માણેક તથા ધર્મેન્દ્રભાઈ કાયા વિરૂધ્ધ આઈપીસી કલમ ૩૩૨, ૧૮૬, ૫૦૪, ૫૦૬(૨), ૧૪ મુજબ એફ.આઈ.આર. દાખલ કરેલ અને ધોરણસરની તપાસ પૂર્ણ કરી કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ.

બાદમાં તે કેસ ચાલતા આરોપીઓના બચાવ પક્ષે વકીલ જયંત માણેક તરફથી ધારદાર પેરવી કરી ફરીયાદપક્ષ તરફથી રજૂ કરેલ સાક્ષી પૂરાવાની ઉલટતપાસ, વિગતવાર છણાંવટ કરતી દલીલ કરાતા આ કેસમાં બન્ને આોરપીઓને નિર્દોષ છોડવા તા.૩-૭ના રોજ હુકમ કરેલ.

# ધ્રોલ ખાતે પ્રાકૃતિક ખેતપેદાશ વેચાણ કેન્દ્રનો કરાયો પ્રારંભ



ધ્રોલ (સંજય ડાંગર દ્વારા) : ધ્રોલ ખાતે "નામદાર ઠાકોર સાહેબ સ્વ. ચંદ્રસિંહજી શાકમાર્કેટ યાર્ડ"માં પ્રાકૃતિક ખેતપેદાશ વેચાણ કેન્દ્રનો મંગળવારે પ્રારંભ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમનું ઉદ્ઘાટન ધ્રોલ તાલુકા પંચાયત પ્રમુખ પ્રવિણભાઈ લીંબાસીયા અને તાલુકા વિકાસ અધિકારી સાગરભાઈના અધ્યક્ષસ્થાને થયું. કાર્યક્રમમાં તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપસિંહ જાડેજા, જિલ્લા કિસાન મોરચા પ્રમુખ નવલભાઈ મુંગરા, લખધીરસિંહ જાડેજા, મહેશભાઈ ચીખલીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ તથા આત્મા પ્રોજેક્ટ ધ્રોલ-જોડિયાના સહયોગથી શરૂ થયેલા આ કેન્દ્રમાં કેમિકલમુક્ત અનાજ, મિલેટ્સ, કઠોળ તેમજ તાજાં ફળ-શાકભાજીનું વેચાણ શરૂ કરવામાં આવ્યું છે.

આ કેન્દ્રથી ખેડૂતોને તેમની ઉપજનો યોગ્ય ભાવ મળશે અને ગ્રાહકોને શુદ્ધ તથા સ્વાસ્થ્યવર્ધક ખોરાક ઉપલબ્ધ થશે. પ્રથમ જ દિવસે નાગરિકોનો સારો પ્રતિસાદ મળ્યો હતો. આયોજકોએ વધુમાં વધુ લોકોને પ્રાકૃતિક ખેતપેદાશો અપનાવી સ્વસ્થ જીવનશૈલી તરફ આગળ વધવા અપીલ કરી હતી.

# મીઠાપુર હોસ્પિટલ ખાતે રક્તદાન કેમ્પમાં ૫૦૫ યુનિટ રક્ત એકત્રિત : ૧,૩૫૦ દર્દીઓએ લીધો લાભ





તસવીર : બુધાભા ભાટી

મીઠાપુર : મીઠાપુર હોસ્પિટલ ખાતે ડૉ.કાલરીયાની આગેવાનીમાં સેવા અને સમર્પણના ભાવ સાથે આયોજિત બ્લડ ડોનેશન કેમ્પ અને સુપર સ્પેશિયાલિટી મેડિકલ ચેક-અપ કેમ્પને અભૂતપૂર્વ સફળતા મળી છે. સ્થાનિક નાગરિકોના ઉત્સાહ અને સેવાભાવી સંસ્થાઓના સહયોગથી આ બંને કેમ્પ સમાજ માટે અત્યંત પ્રભાવશાળી અને આશીર્વાદરૂપ સાબિત થયા છે.

આ ભવ્ય આયોજનમાં રક્તદાન કેમ્પ રાખવામાં આવેલ જેમાં રક્તદાતાઓએ ભારે ઉત્સાહ દર્શાવ્યો હતો, જેના પરિણામે કુલ ૫૦૫ યુનિટ લોહી એકત્રિત કરવામાં આવ્યું છે. આ એકત્રિત થયેલું રક્ત જરૂરિયાતમંદ દર્દીઓ માટે જીવનદાન સાબિત થશે. ઉપરાંત સુપર સ્પેશિયાલિટી મેડિકલ કેમ્પ આરોગ્યની સુખાકારી માટે યોજાયેલા તેમાં તજજ્ઞ ડોક્ટરો દ્વારા કુલ ૧,૩૫૦ થી વધુ દર્દીઓનું નિઃશુલ્ક સ્વાસ્થ્ય પરીક્ષણ અને યોગ્ય તબીબી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આટલી મોટી સંખ્યામાં લોકોની હાજરી હોવા છતાં, મેડિકલ પાર્ટનર્સ અને સ્વયંસેવકો (ફ્રીહીજિ) ની ટીમની અથાક મહેનત અને સચોટ આયોજનના કારણે સમગ્ર કાર્યક્રમ એક પણ ખલેલ વગર, ખૂબ જ શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત રીતે સંપન થયો હતો.

આ કાર્યક્રમની ભવ્ય સફળતા પાછળ વડીલો અને માર્ગદર્શકોના આશીર્વાદ તેમજ સતત મળેલા પ્રોત્સાહનની મુખ્ય ભૂમિકા રહી છે. આયોજકો દ્વારા તમામ રક્તદાતાઓ, તબીબો, સ્વયંસેવકો અને કેમ્પનો લાભ લેનાર તમામ નાગરિકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. ભવિષ્યમાં પણ સમાજ ઉપયોગી આવા પ્રકલ્પો સતત ચાલતા રહેશે એવો સંકલ્પ આ તકે દોહરાવવામાં આવ્યો હતો.

# જામનગરમાં વસવાટ કરતા મોટા ભાડુકિયા પરિવારનું સૌ પ્રથમ સ્નેહ મિલન યોજાયું



જામનગર : જામનગર શહેરમાં વસવાટ કરતા મોટા ભાડુકીયા ગામના પરિવારોને એક તાંતણે બાંધવાના ઉમદા હેતુથી સૌ પ્રથમ વખત એક સુંદર 'સ્નેહ મિલન' કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ કાર્યક્રમમાં ગામના તમામ પરિવારોના સભ્યોએ ઉત્સાહભેર ઉપસ્થિત રહીને પોતાનો, પોતાના વ્યવસાય અને શિક્ષણનો વિસ્તૃત પરિચય આપ્યો હતો. ગામના સભ્યો એકબીજાના કામકાજથી માહિતગાર થઈને પરસ્પર સંકળાયેલા રહે અને ભવિષ્યમાં એકબીજાને વ્યવસાયમાં મદદરૂપ થઈ શકે તેવા આશયથી, તમામ સભ્યોની વિગતો એકત્રિત કરતું એક ખાસ માહિતી પત્રક પણ ભરાવવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે તમામ સભ્યોએ સાથે મળીને સમૂહ ભોજનનો આનંદ માણ્યો હતો. ગામની એકતા મજબૂત કરવા અને એક વિશાળ 'ફેમિલી બિઝનેસ'ના નેટવર્ક સાથે જોડાઈને સૌના આર્થિક ઉત્કર્ષ માટે યોજાયેલા આ પ્રથમ પ્રયાસને મળેલી ભવ્ય સફળતા બાદ, ઉપસ્થિત સૌ સભ્યોએ આગામી દેવદિવાળીના પાવન અવસરે ફરીથી આવો જ એક ભવ્ય 'સ્નેહ મિલન' કાર્યક્રમ યોજવાનો દ્રઢ સંકલ્પ લીધો હતો. આ સ્નેહ મિલન સર્વે સભ્યો માટે એક અત્યંત પ્રેરણાદાયી અને યાદગાર અવસર બની રહ્યો.

# રાજ્યસભાના સાંસદ જીતેન્દ્ર કણઝારીયાનો ભવ્ય સ્વાગત અને સન્માન સમારોહ યોજાયો




ખંભાળિયા : સમસ્ત સતવારા સમાજ જામખંભાળિયા તથા દેવભૂમિ દ્વારકા જિલ્લા દ્વારા રાજ્યસભાના નવ નિયુક્ત સાંસદ માનનીય જીતેન્દ્રભાઈ મેઘજીભાઈ કણજરીયાના સન્માનમાં આયોજિત ભવ્ય સ્વાગત અને સન્માન સમારોહ આજે ઉત્સાહ, ઉમંગ અને ભવ્યતા સાથે ઐતિહાસિક રીતે સંપન્ન થયો.

કાર્યક્રમની શરૂઆત સિદ્ધનાથ મહાદેવ મંદિરથી ભવ્ય બાઈક રેલી દ્વારા કરવામાં આવી હતી. રેલીમાં સમાજના આગેવાનો, યુવાનો, મહિલાઓ તથા મોટી સંખ્યામાં સમાજજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શહેરના વિવિધ વિસ્તારોમાં વિવિધ સમાજોના આગેવાનો દ્વારા રેલીનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સતવારા સમાજ વાડી ખાતે યોજાયેલા ભવ્ય સમારોહમાં રાજ્યસભાના સાંસદ જીતેન્દ્રભાઈ કણજરીયાનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન રક્ત તુલા, વિશાળ રક્તદાન કેમ્પ તેમજ પુસ્તકો દ્વારા સન્માન જેવા સેવાલક્ષી કાર્યક્રમો વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. પુસ્તક અર્પણ અભિયાન અંતર્ગત એકત્રિત થયેલા પુસ્તકો જરૂરિયાતમંદ બાળકોને અર્પણ કરવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ ભવ્ય સમારોહમાં સમગ્ર ભારતમાંથી સતવારા સમાજના વિવિધ સંગઠનોના પ્રમુખઓ, હોદ્દેદારો તથા સમિતિના સભ્યો, સમસ્ત સતવારા મહામંડળ ગુજરાતના પ્રમુખશ્રીઓ, ઉપપ્રમુખઓ, તેમજ ગુજરાતના વિવિધ ગામોના સતવારા સમાજના પ્રમુખશ્રીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત ધારાસભ્યઓ, સાંસદઓ, સામાજિક કાર્યકરો અને આમંત્રિત મહાનુભાવોએ ઉપસ્થિત રહી જીતેન્દ્રભાઈ કણજરીયાનું સન્માન કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

વક્તાઓએ સમાજમાં શિક્ષણ, સંગઠન, સેવા અને એકતાને વધુ મજબૂત બનાવવા માટે સૌને સાથે મળીને કાર્ય કરવાની અપીલ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન સમસ્ત સતવારા સમાજ, આયોજક સમિતિ તથા વિવિધ સ્વાગત સમિતિઓના સંયુક્ત પ્રયાસોથી સંપન્ન થયું હતું. કાર્યક્રમને સફળ બનાવવા બદલ તમામ મહેમાનો, સમાજજનો, રક્તદાતાઓ, પુસ્તકદાતાઓ, સ્વયંસેવકો, પત્રકાર મિત્રો તેમજ પોલીસ અને વહીવટી તંત્રનો આયોજક સમિતિ દ્વારા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# જામનગર હિન્દૂ સેનામાં સંઘર્ષ સાથેના સંગઠનને લઈને પ્રદેશ વધુ સક્રિય



જામનગર : જામનગર હિન્દુ સેનાની કામ કરવાની ગતિએ વેગ પકડતા પ્રદેશ સ્તરના પદાધિકારીઓનો કર્ણાવતીથી જામનગરના પ્રવાસનો દોર વધવા પામ્યો છે. જિલ્લાઓમાં હિન્દુ સેના પ્રદેશ પદાધિકારીઓ પ્રવાસ દ્વારા સંગઠન વધારવા માટે પ્રયત્નો કરી રહ્યા છે. જામનગર શહેરમાં ઘણા સનાતન ધર્મના પ્રશ્નોના નિરાકરણ માટે હિન્દુ સેના વધુ સક્રિય બની છે, જેમાં શહેરની ચારેય ભાગોળે સંખ્યાબંધ સૈનિકોની ભરતી થઈ રહી છે.

સાથો સાથ લવ જેહાદ, ધર્માંતરણ જેવી ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખી તેમને અટકાવવા તથા અસાંતધારો લાગુ કરવા અંગે અગત્યના પ્રયાસો હિન્દુ સેના હાલમાં કરી રહી છે, જેને લઈ કર્ણાવતી થી પધારેલા હાઈકોર્ટના એડવોકેટ અને હિન્દુ સેના પ્રદેશ લીગલ એડવાઈઝર નીરલ ઝાલા દ્વારા હિન્દુ સેનામાં સંઘર્ષ સાથેના સંગઠનમાં જામનગર શહેરને સીધું માર્ગદર્શન મળી રહ્યું સાથે જામનગર હિન્દુ સેના કોષાઅધ્યક્ષ વિરજીભાઈ વિસાવડીયા તેમજ સંગઠન મંત્રી વિવેક જાખરીયા ની વિશેષ નિમણૂક કરી હતી તથા જિલ્લાના લીગલ એડવાઈઝર સહદેવન મકવાણા અને હિન્દુ સેના શહેર યુવા ઉપપ્રમુખ હિરેન ચંદન તથા યુવા ઉપપ્રમુખ મંથન અઘેરા દ્વારા જોડાતા સૈનિકોને ખેસ પહેરાવી અને કિશન કુશવાહાની તેમને ટીમને ખેસ પહેરાવાની સાથે હિન્દુ સેનામાં કાર્યરત કરવા જવાબદારી સોપાય હતી.

# સચાણામાં મરીન ટાસ્ક ફોર્સ દ્વારા ફિશરમેન અવેરનેસ કાર્યક્રમ યોજાયો




જામનગર : ગુજરાત રાજ્યના વિશાળ ૨૩૪૦.૬૨ કિ.મી. લંબાઇ ધરાવતા દરિયાઈ કિનારા તેમજ તેને સ્પર્શતા જમીન વિસ્તારની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ગુજરાત સરકાર દ્વારા મરીન ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. આટલા લાંબા દરિયા કિનારાની સતત સુરક્ષા કરવી એજન્સી માટે મુશ્કેલ ભર્યું બને છે. કારણકે, સતત અવરજવર કરતા વેસલ અને તેમાં અવરજવર કરતા લોકો ઉપર સતત વોચ રાખવી એક ચેલેન્જ કાર્ય બની રહે છે.

આ સંજોગોમાં દરિયા કિનારે રહેતા અને મત્સ્ય ઉદ્યોગ સાથે સંકળાયેલા માછીમારો કે જેઓ રોજબરોજ સમુદ્ર ખેડતા હોય છે.

તેઓને જાગ્રત કરી દરિયાઈ સીમાડાની સુરક્ષા કાર્યમાં જોડાવાના હેતુથી તેમજ દરિયાઈ કિનારાની સુરક્ષા વધુ અસરકારક રીતે કરી શકાય. તે હેતુથી માછીમારો ફ્રન્ટ લાઈન સર્વેલેન્સમાં અગત્યની ભૂમિકા ભજવી શકે. તેમજ રોજબરોજ માછી મારી કરતી વખતે અજાણી બોટ, સ્મગલીંગની પ્રવૃતિ કે શંકાસ્પદ વ્યક્તિઓ કે પદાર્થો નજરે ચડતા જ જો સુરક્ષા એજન્સીસને માછીમારો દ્વારા અવગત કરાવવામાં આવે તો ગેરકાનૂની પ્રવૃત્તિઓને મોટું સ્વરૂપ લે તે પહેલા શરૂઆતથી જ ડામી શકાય.

ઉપરાંત જાગૃત માછીમારો ઈન્ટેલિજન્સના પ્રોગ્રામો અંગે મહત્વનું યોગદાન આપી શકે તથા તેઓ ફર્સ્ટ લેયર ઓફ ડિફેન્સને વધુ મજબૂત કરવા અગત્યનો ફાળો આપી શકે. તેમજ અત્યંત રિમોટ દરિયા કિનારા ઉપરથી દેશની સુરક્ષા માટે જરૂરી એવા રેપિડ રિસ્પોન્સ આપી શકે છે. આ બાબત ધ્યાને લઈ એ.ટી.એસ. અને કોસ્ટલ સિક્યુરિટીના અધિક પોલીસ મહાનિદેશક અમિતકુમાર વિશ્વકર્માના માર્ગદર્શન હેઠળ તેમજ દરિયાઈ સુરક્ષા અને મરીન ટાસ્ક ફોર્સના નાયબ પોલીસ મહાનિરીક્ષક એ.એમ.મુનિયા તથા મરીન ટાસ્ક ફોર્સ હજીરા ના પોલીસ અધિક્ષક એસ.જે. પરમારના માર્ગદર્શન હેઠળ હેઠળ તારીખ ૩.૭ના રોજ જામનગર જિલ્લાના સચાણા ખાતે વિશેષ "ફિશરમેન અવેરનેસ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ મરીન ટાસ્ક ફોર્સ જામનગરના પોલીસ ઈન્સ્પેક્ટર ધરમવીર આર. યાદવ, પોલીસ સબ ઈન્સ્પેક્ટર જી.એમ. બોપલિયા સહિત મરીન કમાન્ડોની ટીમો, ફિશરીઝ વિભાગના અધિકારી જયદીપ બારડ, ઈન્ડિયન કોસ્ટ ગાર્ડના અધિકારી/જવાનો, તેમજ સ્થાનિક સરપંચ તથા પ્રમુખ જીકરભાઈ ઉપરાંત ગ્રામજનોની ઉપસ્થિતિમાં, દરિયાઈ માર્ગે સંભવિત વિવિધ આતંકવાદી પ્રવૃત્તિઓ અટકાવવા, શંકાસ્પદ બોટ કે વ્યક્તિ સંદર્ભે જાગૃતતા કેળવવા, શંકાસ્પદ બિનવારસી વસ્તુઓ જેવી કે કેફી પદાર્થો તથા એક્સપોલોજીવની હેરાફેરી અટકાવવા બાબતે. બોટમાં વપરાતા સેફટી સંસાધન, ઈમરજન્સી મેડિકલ એડ તથા બોટ રજીસ્ટ્રેશન અને લાઈસન્સ, બોટ મુવમેન્ટ, બોટ ટ્રેકિંગ-ટ્રાન્સપોન્ડર્સ વિગેરે બાબતની માહિતી તથા સુરક્ષા અને સાવચેતી અંગે યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ હતું.

# દ્વારકામાં માતુશ્રી વિરબાઈમાં આદર્શ લગ્નોત્સવમાં ૩૫૩માં લગ્ન સંપન્ન



દ્વારકા : શ્રી રઘુવંશી સોશ્યલ ગ્રુપ, દ્વારકા દ્વારા માત્ર રૂપિયા ૧ /- એકના ટોકનથી થતાં માતુશ્રી વિરબાઈમાં આદર્શ લગ્નોત્સવમાં ૩૫૩ માં લગ્ન સંપન્ન થયા. જેમાં કન્યા : કુ. ધ્રુવીબેન કીરીટભાઈ કાનાણી શંકર મંદિરની બાજુમાં, રે. ચપર વરરાજા : ચી.જીનકુમાર ભરતભાઈ નથવાણી ગર્વમેન્ટ સ્કુલની બાજુમાં, રે. દાત્રાણા લગ્નગ્રંથિથી જોડાયેલ છે.

આ લગ્નમાં યજમાન ડાયાલાલ કેશવજીભાઈ કોટેચા પરીવાર હસ્તે રાજાભાઈ ડાયાલાલ કોટેચા-રાજકોટ રહેલ. આ લગ્નમાં બારાડી અગ્રગણ્ય દ્વારકાદાસ ભાઈ રાયચુરા (મોટાભાઈ) ઉપસ્થિત રહી નવદંપતિને આશીર્વાદ આપેલ. તથા આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના ટ્રસ્ટીઓ તથા શ્રી જલારામ મહિલા સત્સંગ મંડળની બહેનોએ જહેમત ઉઠાવેલ.

# જામનગરના પત્રકાર ગિરીશભાઈ ગણાત્રાના માતાનું અવસાન : ગુરૂવારે સાંજે પ્રાર્થનાસભા



જામનગર : ગં.સ્વ.મંગળાબેન વસંતરાય ગણાત્રા (ઉ.વ.૯૦) તે ગિરીશભાઈ ગણાત્રા (પત્રકાર), પરેશભાઈ અને નયનાબેન રમેશકુમાર બદિયાણીના પિતા તેમજ પાર્થ અને વિરાજ તથા વિભાબેન રામકુમાર ભાયાણી (જામનગર) અને યેશાબેન સ્વપ્નીલકુમાર ઠક્કર (હાલઃ ઓસ્ટ્રેલીયા)ના દાદીમા તથા મંગલદાસ દ્વારકાદાસ મોદી (જામખંભાળીયા)ના બહેન તા.૭ના રોજ અવસાન પામ્યા છે. સદગતની પ્રાર્થનાસભા અને પિયર પક્ષની સાદડી તા.૯-૭-૨૦૨૬ના ગુરૂવારે સાંજે ૪-૩૦ થી ૫-૩૦ દરમ્યાન લેઉવા પટેલ સમાજ (રણજીતનગર—એ.સી.હોલ, પ્રથમ માળ) ખાતે રાખવામાં આવી છે.

# ભારતમાં પાકિસ્તાન પ્રેરિત વધુ એક આતંકી હુમલાની ભીતિ

## હિઝબુલ મુજાહિદીનના ભૂતપૂર્વ આતંકવાદી બુરહાન વાનીની ૧૦મી પુણ્યતિથિ પર કરાચીમાં ટોચના આતંકવાદી નેતાઓની ગુપ્ત બેઠક યોજાઈ

નવીદિલ્હી,
હિઝબુલ મુજાહિદીનના ભૂતપૂર્વ આતંકવાદી બુરહાન વાનીની ૧૦મી પુણ્યતિથિ પર કરાચીમાં ટોચના આતંકવાદી નેતાઓની ગુપ્ત બેઠક યોજાઈ હતી. આ બેઠક ૫ જુલાઈના રોજ લશ્કર-એ-તૈયબાની રાજકીય પાંખ પાકિસ્તાન મરકઝી મુસ્લિમ લીગના મુખ્યાલયમાં થઈ હતી. આ બેઠકમાં જૈશ-એ-મોહમ્મદ અને હિઝબુલ મુજાહિદીન જેવા આતંકવાદી જૂથો સાથે જોડાયેલા ૧૪ અગ્રણી આતંકવાદીઓ, તેમજ આઈએસઆઈ સાથે જોડાયેલા લોકો હાજર રહ્યા હતા. બુરહાન વાનીની મૃત્યુદંડ પર ભારત વિરોધી હુમલો કરવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું. આ બેઠકમાં કાશ્મીર ખીણના ભાગોમાં મોટા હુમલા કરવા માટે યુવાનોને શસ્ત્રો પૂરા પાડવાનું જૂથને કામ સોંપવામાં આવ્યું હતું.

ગુપ્તચર સૂત્રો અનુસાર, ૫ જુલાઈના રોજ બપોરે ૧૨ વાગ્યે, લશ્કર-એ-તૈયબાના આતંકવાદીઓ, ઓલ પાર્ટી હુર્રિયત કોન્ફરન્સના કન્વીનર ગુલામ મોહમ્મદ સૈફી અને પાકિસ્તાન મરકઝી મુસ્લિમ લીગના ઉપપ્રમુખ મહેંદી ઈશાકની આગેવાની હેઠળ મળ્યા હતા. પાર્ટી મુખ્યાલયમાં લગભગ બે કલાક ચાલેલી બેઠકમાં, લશ્કર-એ-તૈયબાના આતંકવાદીઓ મોહમ્મદ તલ્હા સઈદ, સૈફુલ્લાહ કસુરી અને હાફિઝ અબ્દુલ રહીમ સહિત ૧૪ વ્યક્તિઓએ ૮ જુલાઈના કાવતરા માટે સંપૂર્ણ રોડમેપ સાથે બેઠક કરી. મહેંદી ઈશાકે સૌપ્રથમ લશ્કરના આતંકવાદી હાફિઝ સઈદનો સંદેશ વાંચીને સંભળાવ્યો.

લગભગ દોઢ પાનાના આ સંદેશમાં બુરહાન વાનીના નામે ખીણના યુવાનોને ફરી એકવાર ઉશ્કેરવાની યોજનાની રૂપરેખા આપવામાં આવી હતી. કરાચીમાં થયેલી આ બેઠકમાં, આતંકવાદી સંગઠનોએ ખીણમાં તેમના સ્લીપર સેલને સક્રિય કરવાની સંપૂર્ણ યોજનાની રૂપરેખા આપી હતી. હાફિઝના સંદેશમાં હાજર આતંકવાદીઓને ૮ જુલાઈના રોજ બુરહાન વાનીના નામે કાશ્મીર ખીણમાં વાતાવરણને ખલેલ પહોંચાડવાનું કામ સોંપવામાં આવ્યું હતું.




બુરહાન વાનીના નામે ખીણમાં વાતાવરણને ખલેલ પહોંચાડવાના ષડયંત્ર અંગે ગુપ્ત માહિતી ઈનપુટ કેન્દ્ર સરકાર સાથે શેર કરવામાં આવી છે. કાશ્મીરમાં સુરક્ષા એજન્સીઓને પણ આ અંગે જાણ કરવામાં આવી છે. આને ધ્યાનમાં રાખીને, સમગ્ર કાશ્મીર ખીણમાં સુરક્ષા વ્યવસ્થા કડક છે. સુરક્ષા એજન્સીના અધિકારીઓ કહે છે કે પાકિસ્તાન તરફથી કોઈપણ પ્રકારની નાપાક પ્રવૃત્તિઓને મંજૂરી આપવામાં આવશે નહીં. સુરક્ષા દળો અને ગુપ્ત માહિતી એજન્સીઓ સમગ્ર ખીણમાં સતર્ક રહે છે.

# કલમ ૩૭૦ નાબૂદ થયા પછી જમ્મુ અને કાશ્મીરની છબી બદલાઈ ગઈ : નીતિન નવીન

## જમ્મુ અને કાશ્મીર હવે વિકાસ, શાંતિ અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની ભૂમિ તરીકે ઉભરી આવ્યું

જમ્મુ,
ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનએ મંગળવારે કહ્યું કે કલમ ૩૭૦ નાબૂદ થયા પછી, જમ્મુ અને કાશ્મીરમાં મોટો પરિવર્તન આવ્યો છે. સંઘર્ષને બદલે, જમ્મુ અને કાશ્મીર હવે વિકાસ, શાંતિ અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની ભૂમિ તરીકે ઓળખાઈ રહ્યું છે.

જમ્મુમાં પત્રકારો સાથે વાત કરતા, નવીને કહ્યું કે ઓગસ્ટ ૨૦૧૯ માં કલમ ૩૭૦ નાબૂદ કર્યા પછી, કેન્દ્ર સરકારે ભાજપના નિર્ણયોથી આ ક્ષેત્રમાં પરિવર્તનની નવી લહેર શરૂ થઈ છે. પહેલાં, જમ્મુ અને કાશ્મીરને વિશ્વ સમક્ષ એક અલગ છબી સાથે રજૂ કરવામાં આવતું હતું, પરંતુ હવે તે ભારતના અભિન્ન ભાગ તરીકે વિકાસના માર્ગ પર આગળ વધી રહ્યું છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકાર જમ્મુ અને કાશ્મીરના પ્રાચીન વારસા અને સંસ્કૃતિને જાળવવા અને તેને વિશ્વ સમક્ષ પ્રદર્શિત કરવા માટે સતત કામ કરી રહી છે. અહીંના યુવાનો અને મહિલાઓ હવે તેમની મહેનત અને પ્રતિભા દ્વારા એક નવી ઓળખ બનાવી રહ્યા છે. કેન્દ્ર સરકારના પર્યટનને પ્રોત્સાહન આપવાના પ્રયાસોનો સકારાત્મક પ્રભાવ પડી રહ્યો છે અને તે સ્થાનિક લોકોના જીવનમાં પરિવર્તન લાવી રહ્યા છે. મહિલાઓ અને યુવાનોને પૂરી પાડવામાં આવેલી નવી તકોએ તેમના આત્મવિશ્વાસ અને આત્મસન્માનમાં વધારો કર્યો છે.

જમ્મુ અને કાશ્મીરમાં ભાજપની બેવડી જવાબદારી છે. જ્યારે પાર્ટી કેન્દ્ર સરકાર દ્વારા પ્રદેશના વિકાસ માટે કામ કરી રહી છે, ત્યારે તે કેન્દ્રશાસિત પ્રદેશમાં વિપક્ષની ભૂમિકા પણ ભજવશે અને જાહેર મુદ્દાઓને મજબૂતીથી ઉઠાવશે.

જમ્મુ અને કાશ્મીરની તેમની મુલાકાત અંગે, નીતિન નવીને કહ્યું કે ભારતીય જનસંઘના સ્થાપક નેતાઓમાંના એક, ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે અહીં આવવાનો તેમને ગર્વ છે.

# ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચે બ્રહ્મોસ મિસાઈલ સિસ્ટમ પર મહત્વપૂર્ણ સંરક્ષણ કરાર થયો

જકાર્તા,
મંગળવારે એક ભારતીય અધિકારીએ જણાવ્યું હતું કે ભારત ઈન્ડોનેશિયાને લાંબા અંતરની મિસાઈલો સપ્લાય કરશે કારણ કે તેમના નેતાઓ સંરક્ષણ, મહત્વપૂર્ણ ખનિજો અને અન્ય ક્ષેત્રોમાં સંબંધોને વધુ ગાઢ બનાવવા સંમત થયા હતા.

રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટો ત્રણ દિવસની રાજ્ય મુલાકાત દરમિયાન જકાર્તામાં ભારતીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વાગત કરી રહ્યા છે, જેમાં બ્રહ્મોસ મિસાઈલ સિસ્ટમ પરનો સોદો એજન્ડામાં ટોચ પર છે.

ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે ઠ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે મુલાકાત દરમિયાન "બ્રહ્મોસ સિસ્ટમ પર સહયોગ" માટે એક કરાર થયો હતો.

બંને દેશોએ હવાથી હવામાં મિસાઈલ સહયોગ પર પણ કરાર કર્યો હતો જે "ટેકનોલોજી સહયોગ અને સંરક્ષણ ક્ષમતાઓને વધારે છે", તેમણે કહ્યું.

આ સોદા અંગેની વિગતો જાહેર કરવામાં આવી ન હતી, અને ઈન્ડોનેશિયન સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તાએ ટિપ્પણી માટેની વિનંતીનો જવાબ આપ્યો ન હતો.

મોદીએ પ્રબોવો સાથેની મુલાકાત પછી જકાર્તા અને નવી દિલ્હી વચ્ચે "વધતા વિશ્વાસ"નો ઉલ્લેખ કર્યો હતો, જે તેમણે કહ્યું હતું કે "સંરક્ષણ, સુરક્ષા અને દરિયાઈ બાબતો" માં સહયોગ પર આધારિત છે.

"આજે, અમે સંરક્ષણ આદાનપ્રદાન, આપત્તિ વ્યવસ્થાપન અને ઔદ્યોગિક સહયોગ વધારવા માટે એક કરાર પર પહોંચ્યા છીએ," મોદીએ પત્રકારોને જણાવ્યું હતું.

# ફ્રેન્ચ રાષ્ટ્રપતિ મેક્રોનની મુલાકાત દરમિયાન સીરિયામાં હોટલ નજીક જોરદાર બોમ્બ વિસ્ફોટ

## ઈમેન્યુઅલ મેક્રોન જે હોટલમાં રોકાયા હતા તે હોટલ નજીક થયો વિસ્ફોટ

સીરિયા,
સીરિયાના દમાસ્કસમાં અનેક વિસ્ફોટ થયા હતા, તે જ સમયે ફ્રેન્ચ રાષ્ટ્રપતિ એક મહત્વપૂર્ણ મુલાકાત પર સીરિયન રાષ્ટ્રપતિને મળી રહ્યા હતા. ફોર સીઝન્સ હોટેલ નજીક વિસ્ફોટ થયા ત્યારે ઈમેન્યુઅલ મેક્રોન સીરિયન રાષ્ટ્રપતિ અહેમદ અલ-શારાને મળવા માટે રાષ્ટ્રપતિ મહેલમાં પ્રવેશ્યા હતા. સીરિયન અધિકારીઓએ તાત્કાલિક આ ઘટના પર કોઈ ટિપ્પણી કરી ન હતી. સીરિયન મીડિયાએ અહેવાલ આપ્યો હતો કે મેક્રોન ફોર સીઝન્સમાં રોકાયા હતા.

રાજ્ય મીડિયાએ એક અજ્ઞાત સુરક્ષા અધિકારીને ટાંકીને જણાવ્યું હતું કે રાજધાનીના હૃદયમાં થયેલા બે વિસ્ફોટ વિસ્ફોટક ઉપકરણો દ્વારા થયા હતા. ઘટનાસ્થળેથી ધુમાડાના ગોટેગોટા ઉડતા જોઈ શકાય છે. સોશિયલ મીડિયા પર ફરતા ફૂટેજમાં સળગતી કાર અને રસ્તા પર લોહીના ડાઘ દેખાયા હતા. ફ્રાન્સનું કહેવું છે કે ઈમેન્યુઅલ મેક્રોન સુરક્ષિત છે. જાનહાનિની સંખ્યા અંગે તાત્કાલિક કોઈ માહિતી મળી નથી, અને કોઈ જૂથે તાત્કાલિક જવાબદારી સ્વીકારી નથી.

હકીકતમાં, અલ-શારા સત્તામાં આવ્યા પછી મેક્રોન સીરિયાની મુલાકાત લેનારા પ્રથમ મુખ્ય પશ્ચિમી નેતા છે. તેમની મુલાકાત તુર્કીના અંકારામાં નાટો સમિટની તેમની યાત્રા પહેલા આવી છે. મેક્રોને યુરોપ અને યુનાઈટેડ સ્ટેટ્સને સીરિયા પરના મોટાભાગના પ્રતિબંધો હટાવવા માટે સમજાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેઓ સોમવારે રાત્રે એક આર્થિક પ્રતિનિધિમંડળ સાથે દેશમાં પહોંચ્યા હતા. તેઓ તેમના સમકક્ષ સાથે સમજૂતી પત્રો પર હસ્તાક્ષર કરવાના છે કારણ કે વિનાશ પામેલો દેશ ૧૪ વર્ષના યુદ્ધ પછી પુનઃનિર્માણમાં મદદ કરવા માટે રોકાણકારોને આકર્ષવાનો પ્રયાસ કરી રહ્યો છે.

રાજ્ય મીડિયાએ એક અજ્ઞાત સુરક્ષા અધિકારીને ટાંકીને કહ્યું કે રાજધાનીના હૃદયમાં થયેલા બે વિસ્ફોટ વિસ્ફોટક ઉપકરણો દ્વારા થયા હતા. ઘટનાસ્થળેથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જોઈ શકાય છે. આ વિસ્તાર દમાસ્કસની વ્યસ્ત શેરી પર અને પર્યટન મંત્રાલય અને દમાસ્કસ રાષ્ટ્રીય સંગ્રહાલયના મુખ્ય મથકની નજીક છે.

આ ઘટના દમાસ્કસમાં જસ્ટિસ પેલેસ નજીકના એક કાફેમાં વિસ્ફોટક ઉપકરણ વિસ્ફોટ થયાના થોડા દિવસો પછી બની છે, જેમાં ઓછામાં ઓછા ૧૦ લોકો માર્યા ગયા હતા અને ૨૦ ઘાયલ થયા હતા. સીરિયન આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે કોઈ જૂથે તાત્કાલિક હુમલાની જવાબદારી લીધી નથી.

# લેસર પાવર એન્ડ ઈન્ફ્રા લિમિટેડનો આઈપીઓ ૯ જુલાઈ ના રોજ ખુલશે




લેસર પાવર એન્ડ ઈન્ફ્રા લિમિટેડનો ઈશ્યૂ ૯ જુલાઈ ના રોજ ખૂલી રહ્યો છે. ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈકવિટી શેર દીઠ રૂ ૨૦૩ થી રૂ ૨૧૪

રાખવામાં આવી છે.બીડ્ અરજી ૭૦ ઈકવિટી શેર અને ત્યારબાદ ૭૦ ઈકવિટી શેરના ગુણાંકમાં કરી શકાશે. ઈશ્યૂ ૯ જુલાઈ રોજ ખુલશે અને ૧૩ જૂલાઈ ના રોજ બંધ થશે.

# ચીનમાં એક ભ્રષ્ટ અધિકારીને અબજો રૂપિયાની સંપત્તિ ભેગી કરવા બદલ મૃત્યુદંડની સજા

## દોષિત અધિકારીએ લાંચ દ્વારા આશરે ૩,૦૦૦ કરોડની સંપત્તિ એકઠી કરી હતી

બેઈજિંગ,
ચીનની એક કોર્ટે લાંચ લેવા બદલ ભૂતપૂર્વ સ્થાનિક અધિકારીને મૃત્યુદંડની સજા ફટકારી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, તેમણે લગભગ ૩૦ વર્ષ સુધી પોતાના પદનો દુરુપયોગ કર્યો અને મોટા પાયે લાંચ લીધી. તેઓએ જણાવ્યું હતું કે દોષિત અધિકારીએ લાંચ દ્વારા યુએસ ૩૨૫ મિલિયન અથવા આશરે ૩,૦૦૦ કરોડની સંપત્તિ એકઠી કરી હતી. યાંગ યુલિન તરીકે ઓળખાતા ભૂતપૂર્વ અધિકારી, ચીનના પૂર્વ કિનારા પર જિઆંગસુ પ્રાંતની રાજધાની નાનજિંગમાં આર્થિક વિકાસમાં સામેલ હતા.

ચાંગઝોઉ ઈન્ટરમીડિયેટ પીપલ્સ કોર્ટે સોમવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે યાંગે ૧૯૯૩ થી ૨૦૨૩ વચ્ચે ગેરકાયદેસર રીતે ૨.૨૧ બિલિયન યુઆન (આશરે યુએસ ૩૨૫ મિલિયન, અથવા ૩૦ બિલિયન) રોકડ, મિલકત અને અન્ય સંપત્તિ લાંચ તરીકે સ્વીકારી હતી. કોર્ટના જણાવ્યા અનુસાર, યાંગે પ્રોજેક્ટ્સ આપવા, વ્યવસાયિક કામગીરીને સરળ બનાવવા, જમીન ફાળવવા અને ભંડોળ પૂરું પાડવાના બદલામાં વિવિધ વ્યક્તિઓ અને કંપનીઓ પાસેથી લાંચ સ્વીકારી હતી.

ચીનના સૌથી મોટા ભ્રષ્ટાચાર કેસમાં, કોર્ટે યાંગને માત્ર લાંચ માટે જ નહીં પરંતુ ઉચાપત, લાંચ, સત્તાનો દુરુપયોગ અને મની લોન્ડરિંગ માટે પણ દોષિત ઠેરવ્યા હતા. તાજેતરના વર્ષોમાં ચીનના સૌથી મોટા ભ્રષ્ટાચારના કેસોમાંનો એક માનવામાં આવે છે, જેમાં લાંચની રકમનો સમાવેશ થાય છે. કોર્ટે જણાવ્યું હતું કે સુનાવણી દરમિયાન તેમના અંતિમ નિવેદનમાં, યાંગે પોતાના ગુનાઓ કબૂલ કર્યા હતા અને પોતાના કાર્યો માટે ઊંડો પસ્તાવો અને અપરાધ વ્યક્ત કર્યો હતો. કોર્ટ દ્વારા જાહેર કરાયેલા ફોટામાં સફેદ વાળવાળા યાંગ, કાળા રંગના જેકેટ પહેરેલા, બે ગણવેશધારી પોલીસ અધિકારીઓ વચ્ચે ઉભા રહેલા દેખાય છે.

# કર્ણાટકના પ્રખ્યાત પાવડા બસવેશ્વર મંદિર માંથી ૧.૨૦ કરોડ રૂપિયાની વસ્તુઓની ચોરી

## મંદિર પરિસરમાં સંતો અને સાધુઓ સૂતા હોવા છતાં ચોરી થઈ

બેંગ્લુરૂ,
કર્ણાટકના વિજયપુરા જિલ્લાના મુદ્દેબિહાલ તાલુકાના બસરાકોડ ગામમાં શ્રી પાવડા બસવેશ્વર મંદિરના ગર્ભગૃહમાંથી ૬૦ કિલોગ્રામથી વધુ ચાંદીની વસ્તુઓ, જેમાં ૩૨ કિલોગ્રામ ચાંદીની મૂર્તિનો સમાવેશ થાય છે, ચોરી થઈ હતી. આ ચોરી ૫ અને ૬ જુલાઈની રાત્રે થઈ હતી. મૂર્તિની કિંમત આશરે ૫૧.૨૦ લાખ (આશરે ૫૧.૨૦ લાખ) આંકવામાં આવી છે. કુલ ચોરાયેલા ચાંદીના આભૂષણોની બજાર કિંમત ૧.૨૦ કરોડ (આશરે ૧.૨૦ કરોડ) થી વધુ છે. આ ભગવાન બસવેશ્વરને સમર્પિત એક મહત્વપૂર્ણ અને આદરણીય સ્થળ છે.

મંદિર સમિતિના પ્રમુખ ૭૦ વર્ષીય કરનંદપ્પા બિરદાર દ્વારા દાખલ કરાયેલી ફરિયાદ મુજબ, સવારે ૪ વાગ્યે જ્યારે નિવાસી પૂજારી સાધુ શંકરલિંગે જોયું કે મંદિરના દરવાજા ખુલ્લા છે અને તાળા તૂટેલા છે, ત્યારે ચોરીની જાણ થઈ. મૂર્તિ તેના શિષ્યસ્થાનમાંથી ગાયબ હતી. ફરિયાદીએ જણાવ્યું હતું કે મંદિરના પૂજારી શરણય્યા સલીમતે ૫ જુલાઈના રોજ રાત્રે ૯ વાગ્યે સાંજની પૂજા કરી હતી. તેઓએ બહાર નીકળતા પહેલા અંદરના અને બહારના લોખંડના દરવાજા બંધ કરી દીધા હતા. ચોરી રાત્રે ૯ વાગ્યાથી સવારે ૪:૩૦ વાગ્યાની વચ્ચે થઈ હોવાનું માનવામાં આવે છે.

# "કોકરોચ જનતા પાર્ટી" ના સોશિયલ મીડિયા કેમ્પેઈનના એક્સ હેન્ડલને પુનઃસ્થાપિત કરવાનો દિલ્હી હાઈકોર્ટનો આદેશ

## કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દિપક દ્વારા કેન્દ્રના બ્લોકિંગ આદેશ સામે કરી હતી અરજી

નવીદિલ્હી,
દિલ્હી હાઈકોર્ટે "કોકરોચ જનતા પાર્ટી" સોશિયલ મીડિયા કેમ્પેઈનના એક્સ હેન્ડલને પુનઃસ્થાપિત કરવાનો આદેશ આપ્યો છે. મંગળવારે પસાર કરાયેલા પોતાના નિર્ણયમાં, કોર્ટે કેન્દ્ર સરકારના એકાઉન્ટ બ્લોક કરવાના આદેશને રદ કર્યો છે. ન્યાયાધીશ સ્વરણ કાંતા શર્માએ કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દિપક દ્વારા કેન્દ્રના બ્લોકિંગ આદેશ સામે દાખલ કરાયેલી અરજી પર આ ચુકાદો આપ્યો.

સુનાવણી દરમિયાન, સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સરકારનો કેસ રજૂ કર્યો. તેમણે સમજાવ્યું કે દ્વઈઈ પરીક્ષા, મેડિકલ કોલેજ પ્રવેશ પરીક્ષાના ફરીથી આયોજન પહેલાં "અરાજકતા" અટકાવવા માટે એકાઉન્ટ બ્લોક કરવામાં આવ્યું હતું. સરકારે દલીલ કરી હતી કે આવા એકાઉન્ટ્સ ખોટી માહિતી ફેલાવી શકે છે, જે સંભવિત રીતે જાહેર વ્યવસ્થાને ખલેલ પહોંચાડી શકે છે.

હાઈકોર્ટે સરકારની દલીલને ફગાવી દીધી. કોર્ટે જણાવ્યું કે નીટ અંગે કેન્દ્રની ચિંતાઓ હવે સંબંધિત નથી. આનો અર્થ એ છે કે પરીક્ષા સંબંધિત સંભવિત વિક્ષેપનું જોખમ હવે સમાપ્ત થઈ ગયું છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે અભિવ્યક્તિની સ્વતંત્રતા પર પ્રતિબંધો ફક્ત ત્યારે જ લાદી શકાય છે જ્યારે કોઈ ચોક્કસ અને તાત્કાલિક ખતરો હોય. આ કિસ્સામાં, આવો કોઈ ખતરો અસ્તિત્વમાં નથી.

આ નિર્ણય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારને મજબૂત બનાવે છે. કોર્ટે ભાર મૂક્યો કે સરકારે નાગરિકોના ઓનલાઈન મંતવ્યોને દબાવવા માટે વધુ પડતું બળપ્રયોગ ન કરવો જોઈએ. 'કોકરોચ જનતા પાર્ટી' એક વ્યંગાત્મક ઝુંબેશ છે જે ઘણીવાર રાજકીય અને સામાજિક મુદ્દાઓ પર ટિપ્પણી કરે છે. આ કોર્ટનો આદેશ દર્શાવે છે કે વ્યંગ અને ટીકાને પણ અભિવ્યક્તિની સ્વતંત્રતાના દાયરામાં ધ્યાનમાં લેવી જોઈએ.

# રામાયણ, મહાભારત અને નાલંદા સંસ્કૃતિ આપણને એક કરે છે : પીએમ મોદી

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈન્ડોનેશિયન સંસદને સંબોધન કર્યું

નવીદિલ્હી,
ઈન્ડોનેશિયન સંસદને સંબોધિત કરતા, પીએમ મોદીએ કહ્યું, "આજે સવારે મને ઈન્ડોનેશિયાનું સર્વોચ્ચ સન્માન પ્રાપ્ત કરવાનો લહાવો મળ્યો. હું નમ્ર અને કૃતજ્ઞ હૃદયથી ઈન્ડોનેશિયન લોકોના અસંખ્ય ભારતીયો પ્રત્યેના સ્નેહને સ્વીકારું છું." તેમણે કહ્યું, "આજે સવારે રાષ્ટ્રપતિ પ્રબોવોએ કૉપિરાઈટ વિશે વાત કરી. પ્રેમ, સ્નેહ, મિત્રતા અથવા પરસ્પર આદરની આ લાગણી પર કોઈ કૉપિરાઈટ હોઈ શકે નહીં. રાષ્ટ્રપતિ પ્રબોવો સાથેની મારી મિત્રતા બધી કૉપિરાઈટ સીમાઓ પાર કરે છે.

પોતાના સંબોધનની શરૂઆત કરતાં તેમણે કહ્યું, "તમારી વચ્ચે હોવું મારા માટે એક મહાન સૌભાગ્યની વાત છે. ૧.૪ અબજ ભારતીયોના પ્રતિનિધિ તરીકે, લોકશાહીની માતાના ભાગ્યશાળી નાગરિક તરીકે, હું બધા ભારતીયો વતી તમને મારી શુભકામનાઓ પાઠવું છું. ઈન્ડોનેશિયાના લોકો, અહીંના સુંદર બાળકો, યુવાનો અને મહિલાઓએ આજના દિવસને મારા જીવનનો સૌથી યાદગાર દિવસ બનાવી દીધો છે."

વડાપ્રધાને વધુમાં કહ્યું, "આજે સવારે ઈન્ડોનેશિયાના લોકોએ મને જે પ્રેમ અને સ્વાગત બતાવ્યું છે તે હું ક્યારેય ભૂલીશ નહીં. ભારત અને ઈન્ડોનેશિયા એક સામાન્ય સમુદ્ર અને ઈતિહાસ ધરાવે છે. રામાયણ, મહાભારત અને નાલંદા આપણને જોડે છે. ભારત, ઈન્ડોનેશિયા અને હિંદ મહાસાગર... આ નામો આપણને બાંધતા ઊંડા બંધનોને પ્રતિબિંબિત કરે છે."

પીએમ મોદીએ કહ્યું, "ભારત વિશ્વનું સૌથી મોટું લોકશાહી છે, લોકશાહીની માતા છે, અને ઈન્ડોનેશિયા વિશ્વનું ત્રીજું સૌથી મોટું લોકશાહી છે. ભારતમાં સેંકડો ભાષાઓ અને અસંખ્ય પરંપરાઓ છે, અને ઈન્ડોનેશિયામાં પણ સેંકડો ભાષાઓ અને અસંખ્ય પરંપરાઓ છે. ભારતમાં વસુધૈવ કુટુમ્બકમનો મંત્ર છે, જ્યારે ઈન્ડોનેશિયામાં ભિન્નેક તુંગલ એકનો વિચાર છે." આપણે બંનેએ આ વિવિધતાને આપણા લોકશાહીમાં આપણી એકતાનો પાયો બનાવ્યો છે.

તેમણે કહ્યું, "આજે, ભારત વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું મુખ્ય અર્થતંત્ર છે. છેલ્લા દાયકામાં ૨૫૦ મિલિયનથી વધુ ભારતીયો ગરીબીમાંથી બહાર આવ્યા છે. આ જ કારણ છે કે, જ્યારે ભારત અને ઈન્ડોનેશિયા એક સાથે ઉભા રહે છે, ત્યારે લોકશાહી તકો ઉભી કરે છે તે વિશ્વની માન્યતા વધુ મજબૂત



બને છે."

પીએમ મોદીએ વધુમાં કહ્યું, "આપણે વિશ્વના સૌથી યુવા સમાજોમાંના એક છીએ. આપણે બંને નોંધપાત્ર દરિયાઈ શક્તિ ધરાવીએ છીએ. આપણે ગ્લોબલ સાઉથનો મજબૂત અવાજ છીએ. આપણે પ્રાચીન સભ્યતાઓ અને ભવિષ્ય માટે કુદરતી ભાગીદારો છીએ. ગયા વર્ષે, આપણા બંને દેશો વચ્ચેનો પરસ્પર વેપાર લગભગ ઈ૨૫ બિલિયન સુધી પહોંચ્યો હતો. ઈન્ડોનેશિયામાં ૧૦૦ થી વધુ ભારતીય કંપનીઓ કાર્યરત છે.

# નર્મદા એવોર્ડ લાભાર્થી રાજ્યો મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન અને મધ્ય પ્રદેશ વચ્ચે બાકી ચૂકવણીના નિકાલ અંગે ઐતિહાસિક સમજૂતી

## કેન્દ્રીય ગૃહ મંત્રીની પહેલ પર મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન અને મધ્ય પ્રદેશ વચ્ચે દાયકાઓથી ચાલી રહેલા વિવાદનો સૌહાર્દપૂર્ણ ઉકેલ આવ્યો

નવી દિલ્હી
કેન્દ્રીય ગૃહ તેમજ સહકારિતા મંત્રી અમિત શાહ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલની ઉપસ્થિતિમાં આજે નવી દિલ્હી ખાતે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, રાજસ્થાનના મુખ્યમંત્રી ભજન લાલ શર્મા અને મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે સમજૂતી પર હસ્તાક્ષર કર્યા હતા. બેઠકમાં કેન્દ્ર અને ચારેય રાજ્યોના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ સમજૂતી મધ્ય પ્રદેશ, ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્ર રાજ્યો દ્વારા સરદાર સરોવર પરિયોજનાના નિર્માણના ખર્ચ વહેંચણીના મુદ્દાઓ સાથે જોડાયેલા લાંબા સમયના વિવાદોનો અંત લાવવાની દિશામાં એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ છે, જે અંતર્ગત બાકી લેણાંના અંતિમ નિકાલ તરીકે કરવામાં આવનારી ચૂકવણીઓને એકમુકત પતાવટ (વન-ટાઈમ સેટલમેન્ટ) ના રૂપમાં ઉકેલવામાં આવી છે.

ગૃહ મંત્રી અમિત શાહ ઉમેર્યું હતું કે મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન અને મધ્ય પ્રદેશ વચ્ચે લાંબા સમયથી નર્મદા એવોર્ડની બાકી ચૂકવણીનો વિવાદ ચાલી રહ્યો હતો, જેનો આજે સૌહાર્દપૂર્ણ ઉકેલ આવી ગયો છે.

અમિત શાહ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં જળ સુરક્ષાને મજબૂત કરવા અને જળ ક્ષેત્રે સહકારી સંઘવાદને પ્રોત્સાહન આપવા માટે અનેક ઐતિહાસિક પહેલ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી મોદી જીના નેતૃત્વમાં અનેક રાજ્યોમાં ડબલ એન્જિન સરકાર બનવાનો લાભ એ થયો છે કે આપણામાં એકબીજાને સમજવાની ક્ષમતા વધી છે, રાજકીય મુદ્દાઓ ઓછા થયા છે અને દેશના અનેક વિવાદો હવે ઝડપથી ઉકેલાઈ રહ્યા છે.

કેન્દ્રીય ગૃહ મંત્રીએ આ મહત્વપૂર્ણ આંતર-રાજ્ય પરિયોજના પર સર્વસંમતિ સાધવામાં મધ્ય પ્રદેશ, ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્રની સરકારો દ્વારા આપવામાં આવેલા રચનાત્મક સહયોગની પ્રશંસા કરી હતી. શ્રી શાહે કહ્યું કે આ પરિયોજનાથી વિશેષ કરીને મધ્ય પ્રદેશ, ગુજરાત તથા રાજસ્થાનને ઘણો લાભ થયો છે. બંધ પૂર્ણ થવાથી આ રાજ્યોમાં દરેક જગ્યાએ પાણી અને વીજળી પહોંચ્યા છે. તેમણે કહ્યું કે રાજસ્થાનને થયેલો લાભ જોવામાં નાનો લાગી શકે છે, પરંતુ જે જમીન સુધી નર્મદાના પાણી પહોંચ્યા છે, ત્યાં જમીનનું મૂલ્ય અને ખેડૂતની કિસ્મત બંને બદલાઈ ગયા છે.

# જામનગર નજીક મહાપ્રભુજીની બેઠક પાસે કારમાંથી ઈંગ્લીશ દારૂનો જથ્થો મળી આવતા દંપતીની અટકાયત

## ઈંગ્લીશ દારૂની ૧૦૮ બોટલ તેમજ મોટરકાર, મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૫,૮૬ લાખનો મુદામાલ કબ્જે



તસવીરઃ સુનિલ ચુડાસમા



જામનગર : જામનગર શહેર નજીક ઠેબા ચોકડીથી મહાપ્રભુજીની બેઠક તરફ એક શખ્સ દ્વારા મોટરકારમાં દારૂની હેરાફેરી થઈ રહી છે તેવી બાતમી સિટી-એ ડિવિઝન સર્વલન્સ ટીમને મળી હતી આથી વોચ ગોઠવી હતી. દરમ્યાન ત્યાંથી પસાર થતી એક કારને આંતરી તલાસી લેતા તેમાંથી ઈંગ્લીશ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. આથી પોલીસે દારૂ તેમજ કાર સહિતનો મુદામાલ કબ્જે કરી કારમાં સવાર દંપતીની અટકાયત કરી છેપ્રાપ્ત માહિતી મુજબ જામનગર નજીક ઠેબા ચોકડીથી મહાપ્રભુજીની બેઠક માર્ગે એક કારમાં દારૂની હેરાફેરી થતી હોવાની બાતમી પરથી સિટી એ ડિવિઝનની સર્વલન્સ ટીમએ દરોડો પડી પસાર થઈ રહેલા જી.જે.૦૬.ઈ.ક્યુ.૨૩૧૫ નંબરની વ્હાઈટ વેગેનઆર કારને આંતરીને તલાશી લેતાં કારના ચોરખાનામાંથી પોલીસે રૂા.૫૬,૪૦૦ની કિંમતની ઈંગ્લીશ દારૂની ૧૦૮ બોટલ અને રૂા.૧૦ હજારની કિંમતના ત્રણ મોબાઈલ ફોન મળીને કુલ કિંમત રૂા.૩૦,૦૦૦ અને રૂપિયા ૫ લાખની કિંમતની મારૂતિ સુઝુકી વેગેનઆર કાર સાથે જામનગરમાં દિગ્વિજય પ્લોટ શેરી નં ૪૯ પાસે ડો. કટરીયાના દવાખાના પાસે રહેતા વિનોદ નાનજીભાઈ દામા અને પ્રિયાબેન વિનોદ દામા નામના દંપતીને દબોચી લઈ કુલ રૂા.૫,૮૬,૪૦૦નો મુદામાલ કબ્જે કરી વધુ પૂછપરછ હાથ ધરી છે.

આ કામગીરી જામનગર સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ વિપુલસિંહ ડોડીયાના માર્ગદર્શન હેઠળ સર્વલન્સ ટીમના વિજયભાઈ કાનાણી, યોગેન્દ્રસિંહ સોઢા અને રવિરાજસિંહ જાડેજા ને મળેલ બાતમીના આધારે કરવામાં આવી હતી.

# સૂર્યાવદરના યુવાનને અગ્નિવિરના પરીક્ષામાં પાસ કરાવવાનું કહી રૂ. ૮૪ હજારનો ધુમ્બો

## રાજસ્થાનના બે અને જૂનાગઢના એક શખ્સ સામે પોલીસમાં રાવ કરતા શોધખોળ

ખંભાળિયા : કલ્યાણપુર પંથકના સૂર્યાવદર ગામના યુવાનને અગ્નિવિર આર્મીમાં મેડિકલનું પરિણામ પાસ કરાવી દેવાનો જાસો આપી રૂ. ૮૪ હજારની રકમ પડાવી લઈ વિશ્વાસઘાત કરતા રાજસ્થાનના બે અને જૂનાગઢના એક એમ ત્રણ શખ્સ સામે યુવાન દ્વારા સ્થાનિક પોલીસ દફતરે વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મળતી માહિતી પ્રમાણે કલ્યાણપુર તાલુકાના સુર્યાવદર ગામમાં રહેતા દિવ્યેશ દુલાભાઈ ગોરાણીયા નામના ૨૧ વર્ષના યુવાનને રાજસ્થાન રાજ્યના નરેશકુમાર રાનવા, નવરંગ રાનવા અને જૂનાગઢના રાહુલ જાગરા નામના ત્રાણેય શખ્સે પ્રથમ વિશ્વાસમાં લીધો હતો ત્યારબાદ અગ્નિવિર આર્મીમાં મેડિકલનું પરિણામ પાસ કરાવી દેવાનું જણાવી દિવ્યેશ પાસેથી રૂ. ૮૪ હજારની રકમ પડાવી લીધી હતી બાદ ઠેંગો બતાવતા તેણે ત્રણેય શખ્સ સામે કલ્યાણપુર પોલીસ દફતરે ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે ગુન્હો દાખલ કરી સઘન તપાસ આદરી છે.

# જામવાડી ગામે ટ્રકમાંથી પતરા માથે પડતા દબાઈ જતાં વૃદ્ધનું મોત

જામનગર : જામજોધપુર તાલુકાના જામવાડી ગામ નજીક ગૌશાળા પાસે ગાડીમાંથી લોખંડના પતરા ઉતારતી વખતે અકસ્માત સર્જાતા પતરા નીચે દબાઈ જવાથી એક વૃદ્ધનું મોત નિપજ્યાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, જામજોધપુરના જામવાડી ગામના રહેવાસી કીર્તિકુમાર અરજણભાઈ સુતરીયા નામના ૬૫ વર્ષના વૃદ્ધ ગાડીમાંથી લોખંડના પતરા ઉતારી રહ્યા હતા. તે દરમિયાન અચાનક પતરા તેમના ઉપર પડી જતાં તેઓ પતરા નીચે દબાઈ ગયા હતા. આ બનાવમાં તેમને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું હૃદય બેસી જવાથી મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ અંગે તેમના ભાઈ સુભાષભાઈ અરજણભાઈ સુતરીયાએ જામજોધપુર પોલીસને જાણ કરતાં ઘટનાસ્થળે જઈ મૃતદેહનો કબ્જો સાંભળી આગળની કાર્યવાહી હાથ ધરી છે.આ બનાવ અંગે વધુ તપાસ એ.એસ.આઈ. એલ.આર. ચાવડા ચલાવી રહ્યા છે.

# દીપડો હવે ખીમલીયા ગામમાં દેખાયો હોવાનું જણાવતા ગ્રામજનો

જામનગર : જામનગર તાલુકાના નવી મોખાણા ગામ પછી હવે દીપડો ખીમલીયા ગામમાં દેખાયાની ફરિયાદ ગ્રામજનોએ કરતાં વનવિભાગ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરાયું છે. જો કે દીપડાની અવરજવર અંગે સતાવાર કોઈ ફુટમાર્ક મળ્યા નથી. જ્યારે નવી મોખાણા માંથી પાંજરા દૂર કરાયા છે.

જામનગર તાલુકાના નવી મોખાણા ગામની સીમમાં થોડા દિવસ પહેલા દીપડો દેખાયો હતો. આથી વનવિભાગની તપાસમાં દીપડા ના ફુટમાર્ક મળી આવ્યા હતા. આથી દીપડાને પકડવા વનવિભાગ દ્વારા ગામની સીમમાં બે સ્થળે મારણ સાથે પાંજરા મૂકવામાં આવ્યા હતાં. આ દરમ્યાન, દીપડો પાંજરા પાસે આવ્યો હતો, અને ટ્રેપ કેમેરો તોડી નાસી ગયો હતો. જો કે, છેલ્લા બે-ત્રણ દીવસથી દીપડો દેખાયો નથી. પરંતુ આથી નવી મોખાણા ગામની સીમમાં દીપડાને પકડવા જે બે સ્થળે પાંજરા મૂકાયા હતાં તે દૂર કરવામાં આવ્યા છે. પરંતુ દીપડો હવે સોમવારે ખીમલીયા ગામમાં દેખાયો હોવાની ફરિયાદો ગ્રામજનોએ કરી છે. આથી વન વિભાગ દ્વારા નવી મોખાણા બાદ ખીમલીયા ગામમાં દીપડાને પકડવા માટે સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું.

પરંતુ દીપડાના કોઈ ફુટમાર્ક નહી મળ્યા નું વનવિભાગના અધિકારીઓએ જણાવ્યું છે. અત્રે નોંધનીય છે કે, પખવાડીયા થી વધુ સમય થી ડેમ વિસ્તાર માં દીપડા એ અડીંગો જમાવ્યો હોય અને આ વિસ્તારમાં રહેઠાણ બનાવ્યું હોવાની આશંકા પણ વનવિભાગના અધિકારીઓએ વ્યકત કરી છે. આથી ડેમ વિસ્તારની નજીક આવેલા ગામડાઓમાં દીપડાના આંટાફેરા યથાવત રહ્યા છે. જો કે, બીજી બાજુ દીપડાને પકડી પાડવા વનવિભાગ દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# ભાટિયામાં પત્નિના મૃત્યુના વિયોગમાં યુવાને ગળેફાંસો ખાઈ ફાની દુનિયા છોડી

## મૃતકના પત્નિએ પણ ગત મહિને ગળેફાંસો ખાઈ લેતા ઉદાસ રહેતો હતો

ખંભાળિયા : કલ્યાણપુર પંથકના ભાટિયા ગામના પત્નિની યાદમાં ઉદાસ રહેતા યુવાને ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા મૃતકના પરિવારમાં ભારે ગમગીની પ્રસરી ગઈ છે. આ બનાવ અંગે મૃતકના ભાઈ દ્વારા સ્થાનિક પોલીસ દફતરે જાણ કરવામાં આવતા પોલીસે સ્થળપર દોડી જઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી પ્રમાણે કલ્યાણપુર તાલુકાના ભાટીયા ગામમાં નરસંગ ટેકરી પાસે રહેતા પ્રતાપભાઈ જેઠાભાઈ માતંગ નામના ૩૩ વર્ષના યુવાને ગઈકાલે કાનપર શેરડી ગામે ગળેફાંસો ખાઈ જિંદગી સંકેલી લેતા અરેરાટી પ્રસરી ગઈ છે. આ બનાવ અંગે મૃતકના ભરતભાઈ જેઠાભાઈ માતંગ દ્વારા કલ્યાણપુર પોલીસમાં જાણ કરવામાં આવી હતી.

મૃતક પ્રતાપભાઈના પત્નિ રાણીબેનએ પણ ગત તા. ૧૦/૫ ના રોજ તેણીના ગામ કાનપર શેરડી ખાતે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો ત્યારથી તે પત્નિની યાદમાં ઉદાસ રહેતો હોઈ આખરે પ્રતાપભાઈએ પણ તેણીના ગામમાં જઈ આ ફાની દુનિયાને અલવિદા કરી દીધી છે. ત્યારે આ બનાવની કલ્યાણપુર પોલીસ મથકના હે. કો. એન. એસ. ગોજીયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# જામનગરમાં સામાન્ય બાબતમાં બે પક્ષો વચ્ચે મારામારી થતા સામસામી ફરિયાદ

## મારામારી, ગાળાગાળી અને જાનથી મારી નાખવાની ધમકી અંગે આઠ શખ્સો સામે ગુનો નોંધાયો

જામનગર : જામનગર શહેરના પાણાખાણના નાકા રોડ વિસ્તારમાં પુઠા ભરવાની સામાન્ય બાબતે બે પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મારામારી થતાં બંને પક્ષોએ એકબીજા સામે સામસામી ફરિયાદ નોંધાવતા સીટી 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશને કુલ આઠ વ્યક્તિઓ સામે ગુનો નોંધ્યો છે.

પ્રથમ ફરિયાદમાં વિજય માલજીભાઈ વાઘેલાએ પ્રવીણ ચનાભાઈ પરમાર, શિવા ચનાભાઈ પરમાર, દેવાંગ રામજીભાઈ પરમાર અને વિજય ચનાભાઈ પરમાર સામે ગાળાગાળી, ઢીકાપાટુનો માર મારવા, લાકડાના ધોકાથી ઈજા પહોંચાડવા, જાનથી મારી નાખવાની ધમકી આપવા તેમજ જાહેરનામાનો ભંગ કરવા અંગે ફરિયાદ નોંધાવી છે.

જ્યારે સામેં પક્ષે નોંધાયેલી ફરિયાદમાં પ્રવીણ ચનાભાઈ પરમારે વિજય માલજીભાઈ વાઘેલા, વિજય ડાયાભાઈ વાઘેલા, વિશાલ નાથાભાઈ વાઘેલા અને દિનેશ કાનજીભાઈ વાઘેલા સામે ગાળાગાળી, મારામારી કરી સામાન્ય ઈજાઓ પહોંચાડવા તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે ફરિયાદ નોંધાવી છે.

બંને ફરિયાદોના આધારે સીટી 'સી' ડિવિઝન પોલીસે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની વિવિધ કલમો હેઠળ તમામ શખ્સો સામે ગુનો નોંધી સમગ્ર બનાવની વધુ તપાસ હાથ ધરી છે.

# દ્વારકાના વરવાળા પાસે પાર્ક કરેલ ટ્રક પાછળ બુલેટ અથડાતા બે યુવાન ઘાયલ

દ્વારકા : દ્વારકા પંથકના વરવાળા ગામે રોડ પર પાર્ક કરેલ ટ્રક પાછળ બુલેટ મોટરસાયકલ અથડાતા તેમાં સવાર ચાલક સહિત બે યુવાનને શરીરે ગંભીર ઈજા થતા તાકીદે ૧૦૮ સરકારી વાહન દ્વારા હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને ટ્રક ચાલક સામે બેદરકારી અંગેનો ગુન્હો નોંધી આગળની તપાસ શરૂ કરી હતી.

મળતી વિગત મુજબ દ્વારકા તાલુકાના વરવાળા ગામમાં રહેતો રેહાન જુમાભાઈ ઢોકી નામનો યુવક જી. જે. ૩૭ એ. એ. ૮૬૯૨ નંબરનું બુલેટ મોટરસાયકલ ચલાવી પાછળ અન્ય એક યુવાનને બેસાડી રૂપેણબંદરથી વરવાળા ગામ તરફ જતો હોય દરમિયાન ગામના પેટ્રોલપંપ પાસેથી પસાર થતી વેળાએ જી. જે. ૨૫ ટી. ૬૮૩૧ નંબરના પાર્ક કરેલ ટ્રક પાછળ અથડાતા બન્ને યુવાનને હેમરેજ તેમજ ફેક્ચર અને શરીરના અન્ય ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી આથી ટ્રક ચાલક સામે દ્વારકા પોલીસે રેહાન જુમાભાઈ ઢોકીની ફરિયાદ પરથી ગુન્હો નોંધી વધુ તપાસ આદરી છે.

# ખંભાળિયા પિયરમાં રિસામણે બેસેલ પરણીતાનો ગળેફાંસો ખાઈ આપઘાત

ખંભાળિયા : ખંભાળિયા શહેરમાં રહેતી પરણીતા પિયરમાં રિસામણે હોઈ દરમિયાન કોઈ કારણસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં માતમ પ્રસરી ગયો છે. આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને કારણ જાણવા સહિતની જુદી - જુદી દિશામાં તપાસ આરંભી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ખંભાળિયા શહેરમાં મીરા ગેસ્ટ હાઉસ પાસે આવેલા કુંભારવાડા ખાતે રહેતી સાયરાબાનું ઈરફાનભાઈ ભાયા નામની ૨૬ વર્ષની પરણીતાએ ગઈકાલે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં માતમ પ્રસરી ગયો છે. આ બનાવ અંગે ગફારભાઈ અલ્લારખાભાઈ મોવર દ્વારા ખંભાળિયા પોલીસ દફતરે જાણ કરવામાં આવી હતી.

મૃતક સાયરાબેન ભાયા છેલ્લા પાંચેક વર્ષથી પિયરમાં રિસામણે બેઠા હતા તે દરમિયાન કોઈ અગમ્ય કારણસર આ અંતિમ પગલું ભરી લેતા ખંભાળિયા પોલીસ મથકના એ. એસ. આઈ. આર. પી. મેવાડા આગળની તપાસ ચલાવી રહ્યા છે.

# જામનગરમાં બેફામ કારચાલકે બુલેટને ટક્કર મારતાં દંપતી ઈજાગ્રસ્ત

જામનગર : જામનગરમાં ધન અપૂર્વા સોસાયટી ગેટ નં. ૨ સામે જાહેર માર્ગ પર પૂરઝડપે અને ગફલતભરી રીતે કાર ચલાવી બુલેટ મોટરસાયકલને ટક્કર મારતા દંપતી ઈજાગ્રસ્ત બન્યું હતું. અકસ્માત સર્જ્યા બાદ કારચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

આ બનાવ અંગે પ્રણામી ટાઉનશીપ-૩ ખાતે રહેતા કીર્તીકુમાર સુરેશભાઈ રામનાણીએ સીટી "એ" ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ તેઓ પોતાની પત્ની નિયતિબેન સાથે બ્લેક કલરની બુલેટ મોટરસાયકલ (રજી. નં. જી.જે.-૧૦-ઈ.જે.-૨૭૧૪) પર કીર્તીપાન પાસેથી પોતાના ઘરે જઈ રહ્યા હતા. તે દરમિયાન ધન અપૂર્વા સોસાયટી ગેટ નં. ૨ પાસે રોડ ક્રોસ કરતી વખતે વિયાના પાર્ક તરફથી આવેલી સફેદ રંગની કાર (રજી. નં. જી.જે.-૦૧-આર.એસ.-૨૯૮૨)ના ચાલકે બેફામ અને બેદરકારીપૂર્વક વાહન હંકારી બુલેટને જોરદાર ટક્કર મારી હતી.

અકસ્માતમાં કીર્તીકુમાર રામનાણી તથા તેમની પત્ની નિયતિબેન રોડ પર પટકાયા હતા. જેમાં નિયતિબેનને ડાબા પગના પંજામાં ફ્રેક્ચર તેમજ શરીરના અન્ય ભાગોમાં ઈજાઓ પહોંચી હતી, જ્યારે કીર્તીકુમારને પણ ઈજાઓ થઈ હતી. અકસ્માત બાદ કારચાલક કોઈપણ પ્રકારની મદદ કર્યા વગર સ્થળ પરથી નાસી છૂટ્યો હતો. આ બનાવ અંગે સીટી "એ" ડિવિઝન પોલીસે ગુનો નોંધી ફરાર કારચાલકને ઝડપી પાડવા તથા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# જામનગરમાં ગ્રામ્ય વિકાસ એજન્સીની ઓફિસમાં વોલ ફેનમાં આગ ભભૂકી

## ફાયરની ટીમ દ્વારા સમયસર કાબૂ મેળવી લેતા મોટી દુર્ઘટના ટળી



જામનગર : જામનગરના લાલ બંગલા વિસ્તારમાં આવેલી જિલ્લા ગ્રામ્ય વિકાસ એજન્સી (ડી.આર.ડી.એ.)ની ઓફિસમાં આજે સવારે દીવાલ પર લગાવેલો ઈલેક્ટ્રિક ફેન અચાનક શોર્ટ સર્કિટના કારણે સળગી ઊઠ્યો હતો. સળગતો ફેન નીચે પડેલી ખુરશી પર પડતાં ખુરશીમાં પણ આગ લાગી હતી અને ઓફિસમાં આગના લબકારા અને ધુમાડાના ગોટેગોટા ફેલાતા કર્મચારીઓમાં દોડધામ મચી ગઈ હતી.

ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ફાયર કર્મચારીઓએ સળગી રહેલી ખુરશી અને પંખાને બહાર કાઢી આગ પર ઝડપથી કાબૂ મેળવી લીધો હતો. જેના કારણે આગને વધુ પ્રસરી જતી અટકાવવામાં સફળતા મળી હતી.

આ ઓફિસમાં લાકડાનું ફર્નિચર, મહત્વના સરકારી દસ્તાવેજો તેમજ અન્ય સામગ્રી રાખવામાં આવેલી હતી. ઉપરાંત ઓફિસની ઉપર જિલ્લા કલેક્ટરનું સરકારી નિવાસસ્થાન આવેલું હોવાથી જો થોડો પણ વિલંબ થયો હોત તો આગ સમગ્ર ઓફિસમાં પ્રસરી ઉપર આવેલા નિવાસસ્થાન સુધી પહોંચી મોટા પ્રમાણમાં નુકસાન સર્જી શકી હોત.

ફાયર વિભાગની સમયસૂચક અને ઝડપી કામગીરીના કારણે સંભવિત મોટી દુર્ઘટના ટળી હતી. ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી અને આગના કારણે મર્યાદિત નુકસાન થયું હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે.

# મોબાઈલ કાંડમાં જામનગરના વધુ એક આરોપીનો રાજકોટની જેલમાંથી કબ્જે લેવાયો



જામનગર : જામનગર જિલ્લા જેલમાં ગેરકાયદેસર રીતે મોબાઈલ ફોનનો ઉપયોગ કરી બહારના લોકો સાથે સંપર્કમાં રહેવાના પ્રકરણમાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, જામનગરે વધુ એક મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. અગાઉ ચાર આરોપીઓની ધરપકડ કર્યા બાદ પોલીસ તપાસ દરમિયાન વધુ એક આરોપીનું નામ ખુલતા તેને રાજકોટ જિલ્લા જેલમાંથી કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કરી કબ્જે લેવામાં આવ્યો છે.

જામનગર જિલ્લા જેલમાં બિનવારસી મોબાઈલ ફોન મળી આવતા આ અંગે સીટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. ત્યારબાદ ગુનાની આગળની તપાસ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવી હતી.

પોલીસ ઈન્સ્પેક્ટર આઈ.એ. ઘાસુરા તથા તેમની ટીમે તા. ૧૨ માર્ચથી તા. ૨૯ માર્ચ દરમિયાનના મોબાઈલ ફોનના કોલ ડિટેઈલ રેકોર્ડ (સી.ડી.આર.) અને અન્ય ટેક્નિકલ પુરાવાઓના આધારે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન જામનગર જિલ્લા જેલમાં સજા ભોગવી રહેલા બે આરોપીઓ, તાજેતરમાં જામીન પર મુક્ત થયેલા એક આરોપી તેમજ જેલમાં ગેરકાયદેસર સિમકાર્ડ પહોંચાડનાર એક આરોપી જાફરઅલી ઉમરભાઈ સફિયા, મોઈન ઉમરભાઈ સફિયા, દિલીપ દિનેશભાઈ પરમાર અને ઈમ્તિયાઝ રહેમતુલ્લા મુદ્રાક સહિત કુલ ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. તમામ આરોપીઓને અદાલતમાં રજૂ કરી એક દિવસના પોલીસ રિમાન્ડ મેળવવામાં આવ્યા હતા.

રિમાન્ડ દરમિયાન થયેલી પૂછપરછમાં વધુ એક આરોપી સુરેશ મંગળભાઈ વાઘેલા, રહે. મુંબઈ દવા બજાર કોલોની વિસ્તાર), જામનગરનું નામ સામે આવ્યું હતું. પોક્સો કેસમાં ૨૦ વર્ષની સજા ભોગવી રહેલા આ આરોપીને હાલમાં રાજકોટ જિલ્લા જેલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. સાયબર ક્રાઈમ પોલીસની ટીમે કોર્ટની જરૂરી પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ રાજકોટ જિલ્લા જેલમાંથી તેનો કાયદેસર કબ્જો મેળવી જામનગર લાવવામાં આવ્યો છે, અને તેને પોલીસ રિમાન્ડ પર લેવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે જિલ્લા જેલમાં રહેલા કેટલાક કેદીઓ ગેરકાયદેસર મોબાઈલ ફોનનો ઉપયોગ કરી મોડી રાત્રિના સમયે પોતાના પરિવારજનો તથા અન્ય વ્યક્તિઓ સાથે નિયમિત સંપર્કમાં રહેતા હતા. સમગ્ર કાવતરામાં અન્ય કેટલા કેદીઓ અને બહારના લોકો સંડોવાયેલા છે તે અંગે સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા હજુ પણ ટેક્નિકલ તેમજ વૈજ્ઞાનિક પદ્ધતિથી ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે. તેમજ ગેરકાયદેસર મોબાઈલ ફોન અને સિમકાર્ડ જેલ સુધી પહોંચાડનાર અન્ય શખ્સોને ઝડપી પાડવા માટે પોલીસ દ્વારા સઘન કાર્યવાહી ચાલુ રાખવામાં આવી છે.

# જામનગરના બાવરીવાસમાં દેશી દારૂની ચાર ભઠ્ઠીઓ પર પોલીસના દરોડા

## ૫૪ લિટર દેશી દારૂ, ૩૭૦ લિટર કાચો આથો અને ભઠ્ઠીના સાધનો કબજે, ચાર મહિલા ફરાર

જામનગર : જામનગર શહેરના સીટી 'સી' ડિવિઝન પોલીસે બાવરીવાસ વિસ્તારમાં દેશી દારૂ બનાવવાના અડ્ડાઓ પર એકસાથે દરોડા પાડી ચાર અલગ-અલગ ગુના નોંધ્યા છે. તમામ સ્થળોએ મહિલા આરોપીઓ પોલીસને ચકમો આપી ફરાર થઈ ગઈ હતી.

પોલીસે ધનુબેન કાનાભાઈ કોળી, લક્ષ્મીબેન ચંદાભાઈ પરમાર, માયાબેન ભરતભાઈ પરમાર અને સોનાબેન ભરતભાઈ ડાભી વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુના નોંધ્યા છે. ચારેય દરોડામાં મળી કુલ ૫૪ લિટર દેશી દારૂ, ૩૭૦ લિટર કાચો આથો તથા દારૂ બનાવવાની ભઠ્ઠીના સાધનો મળી કુલ રૂ. ૨૦,૮૫૦નો મુદામાલ કબજે કરવામાં આવ્યો છે. ફરાર મહિલા આરોપીઓને ઝડપી પાડવા પોલીસે શોધખોળ હાથ ધરી છે.